સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૦ | સળંગ અંક : ૪૮૮ | અંક : ૯ | ઓક્ટોબર - ૨૦૧૭



સાત સામાજિક પાપ

- સિદ્ધાંતવિહિન રાજકારણ
- પરિશ્રમવિહિન ધનોપાર્જન
- વિવેકહીન સુખ
- ચારિત્ર્યવિહિન શિક્ષણ
- સદાચાર વિહિન વેપાર
- સંવેદનાવિહિન વિજ્ઞાન
- વૈરાગ્યવિહિન ઉપાસના

યંગ ઇન્ડિયા (૨૨-૧૦-૧૯૨૫)

ગદ્દમ જય જે.
(ધો.૧૨, શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય)

# સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત જે. એન. બાલિકા વિદ્યાલય

**પ્રથમ કલા મહાકુભમાં બીજા નંબર વિજેતા ● વિજ્ઞાનમેળામાં કૃતિ ● સરદાર પટેલ ટ્રોફી સાથે વિદ્યાર્થિનીઓ**











# સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય







સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયના સ્ટાફના મિત્રોની મદદથી બનાસકાંઠામાં આવેલ પૂર હોનારતમાં ૨૦૦૦ ફુડ પેકેટ જાતે બનાવી તા. ૨૯ જુલાઈ ૨૦૧૭ના રોજ ડીસા એ.પી.એમ.સી. ખાતે નોંધણી કરાવી. અસરગ્રસ્ત ડીસા તથા લાખણી તાલુકાના નાણી, દામા, કરમોડા, કરમાડી ગામમાં જઈ રૂબરૂમાં સ્થળ ઉપર જઈ ફૂડ પેકેટનું વિતરણ કર્યું હતું. લગભગ ૧૨૦૦ની જનમેદની વાળા ગામમાં ૭૫ વર્ષના માજીને પેકેટ આપવા ગયા તો માજી શરીર સખત ગરમ હતું. ત્રણ દિવસથી કંઈ જ ખાધુ ન હતું. પેકેટ લેતાં બોલ્યા "મારે ચાલશે મારા દિકરાઓના છોકરાંને આપો. ગામમાં ઘણા ભુખ્યા છે. તેમને આપો." અમો છેક છેવાડા સુધી જઈને ખેતરોમાં જઈને ફૂટ પેકેટનું વિતરણ કરી એક માનવતાનું સુંદર કાર્ય કર્યું હતું.

# ઘરશાળા

**ઓક્ટોબર - ૨૦૧૭**

**વર્ષ : ૪૦ સળંગ અંક : ૪૮૮**

સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતિ ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |

**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org

## અનુક્રમ

| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | હેતલ શાસ્ત્રી / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૭ |
| ભૂમિકા બદલાય છે ! | હરેશ ધોળકિયા / ૧૧ |
| ગુસ્સામાં ને ગુસ્સામાં.... ગુજરાતી રૂપાંતર | હરિત પંડ્યા / ૧૪ |
| બાળકોનાં સપનાને તોડી ના નાંખો | ભૂપત વડોદરિયા / ૧૫ |
| આંધીમાં જે અડગ રહે તે ગાંધી ! | હરિભાઈ કોઠારી / ૧૭ |
| ડિજિટલ જગતની ભાષા - મંથન | બાબુભાઈ સુથાર / ૧૯ |
| મધર્સ ડે | / ૨૦ |
| જે મારતું તે પોષતું | શ્રી મહેશભાઈ દવે / ૨૨ |
| ખુલ્લો પત્ર | બદરીભાઈ જોશી (તણછા) / ૨૫ |
| વિદ્યાર્થીઓને થતી શિક્ષા | ડૉ. ઉર્મિલાબેન શાહ / ૨૬ |
| ગાંધીજી અને રવિશંકર મહરાજ : ભગવા ઉતારી સાધુતા કેળવો | પ્રવીણ કે. મકવાણા / ૨૮ |
| પરમવીર ચક્ર | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૦ |
| પહેલો જનમ મારી માડીની કૂખે, બીજો જનમ તારે આંગણે હો જી | નટુભાઈ પી. ગજ્જર / ૩૮ |
| વિદ્યાર્થી આલમ | |
| સૌને મારા નમસ્કાર | અન્સારી અલશિફા / ૩૯ |
| બંધારણના ઘડતરમાં સરદારનો ફાળો | ઠક્કર દૃષ્ટિ એ. / ૩૯ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |

## લેખક જોગ - વાચકો જોગ

### મુ. શ્રી જશીબેન નાયક શતાબ્દી વિશેષાંક

**મુ.શ્રી જશીબેનના વિવિધતાપૂર્ણ વ્યક્તિત્વનું એક પાસુ ઘરશાળા માસિક છે. ઘરશાળાના આદ્યતંત્રી શ્રી હરભાઈ અને મુ.શ્રી રઘુભાઈ સાથે માસિકની શરૂઆતથી જ તેઓશ્રી સંકળાયેલા રહ્યા છે. ઘરશાળાની માવજત અને સ્વરૂપને જાળવી રાખવામાં મુ. શ્રી જશીબેનનું યોગદાન અનન્ય રહ્યું છે. આ વિચારને ધ્યાનમાં રાખી ઘરશાળાનો આગામી અંક શતાબ્દી વિશેષાંક પ્રકાશિત કરવાનું આયોજન કર્યું છે. આપશ્રી ઘરશાળા માસિક સાથે અને મુ.શ્રી જશીબેન સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ પરિચયમાં પણ રહ્યા છો. અમારી આપને નમ્ર વિનંતી છે કે આપ શ્રી જશીબેનના વ્યક્તિત્વ, વિચારો અને સંસ્મરણો અંગેનો લેખ મોકલી અમને આભારી કરશો. આપનો લેખ તા. ૩૧ ઓક્ટોબર પહેલા મળે તેવો પ્રયત્ન કરશો. લેખ સાથે આપનો ફોટોગ્રાફ અચૂક મોકલશો.**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.


## અધ્યયન અને સ્મૃતિ

પ્રાચીન સમયમાં શિક્ષણનું માધ્યમ અને પદ્ધતિ એક માત્ર શ્રવણ, કથન અને સ્મૃતિ હતાં. ત્યારે ન મળે કોઈ પુસ્તક, કાગળ કે લખવા-વાંચવાની સામગ્રી. કેવળ ગુરુની વાણીનું શ્રવણ કરવાનું, વારંવાર મનન કરવાનું અને યાદ રાખવાનું. યાદ રાખેલ વસ્તુ ને હકીકતોનું સ્મરણ જેટલું તેજ તેટલું શિક્ષણ સારું ગણાતું.

જેની સ્મરણશક્તિ કે સ્મૃતિ જેટલી તીવ્ર અને પ્રબળ તેટલું તેનું ભણતર વા શિક્ષણ ગુણવત્તાસભર અને બળવત્તર લેખાતું. જ્યારે આજે આ સ્થિતિ રહી નથી. એક જ મિનિટના સમયમાં જેને જે માહિતી, હકીકત, આંકડા કે નિયમોની જરૂર હોય, તે તદ્વિષયક પુસ્તકોમાંથી સુપ્રાપ્ય બની રહે છે. પુસ્તકો ઉપરાંત ગણનયંત્રો, કોમ્પ્યુટર, રેડિયો, ટેલિવિઝન, ઈન્ટરનેટ જેવાં અત્યાધુનિક પ્રસાધનો દ્વારા જગતભરની માહિતી મળી શકે છે.

આમ, આજે કોઈ જ વિગત, માહિતી, પ્રસંગ યાદ રાખવાની જરૂર અત્યંત ઘટી ગઈ છે. સ્મૃતિની પ્રક્રિયાનું વિસ્મરણ થવા પામ્યું છે. તેમ છતાં વ્યક્તિની મનોશારીરિક રચના અને તંત્ર મુજબ માણસનું ચેતાતંત્ર કામ કરે છે. પરિણામે સ્મરણની પ્રક્રિયા ચાલે છે. બીજી રીતે, શિક્ષણમાં સ્મૃતિ કે સ્મરણનું યત્કિંચિત મહત્ત્વ તો રહ્યું છે, અને રહેવાનું પણ છે.

સ્મૃતિ એટલે શું ? વ્યક્તિએ જોયેલું, સાંભળેલું, અનુભવેલું, બનાવેલું કોઈ પણ વસ્તુ કે પ્રસંગ તે પછી યાદ રહે અને ભૂતકાળના જેવી અનુભૂતિ થાય, તે પ્રક્રિયાને આપણે સ્મૃતિ તરીકે ઓળખીએ છીએ. સ્મૃતિની પ્રક્રિયામાં મનોવૈજ્ઞાનિક પૃથક્કરણની દૃષ્ટિએ ચાર તત્ત્વો વા પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે : (૧) નોંધ (recording) (૨) ધારણ (retention) (૩) સ્મરણ (recall) અને (૪) ઓળખ (recognition). સ્મૃતિની પ્રક્રિયામાં જ્ઞાનેન્દ્રિયો અને જ્ઞાનતંતુઓ દ્વારા મગજના બોધકેન્દ્રો ઉપર છાપ ઊપસે છે.



# સંપાદકીય

**હેતલ શાસ્ત્રી**

# SDG 4

છેલ્લા બે-ત્રણ દાયકામાં વિશ્વના જુદા-જુદા દેશો જે રીતે વિકાસના નવા લક્ષ્યાંકો હાંસલ કરવા લાગ્યા છે, તે જોતાં આ વિકાસ ક્યાં જઈને અટકશે ? વિકાસના નામે કોનો ભોગ લેવાઈ રહ્યો છે ? આગામી પેઢીને શું આપીને જઈશું ? તેવા અનેક પ્રશ્નોએ વિશ્વને વિચારવા મજબૂર કર્યું છે. આ વિચારના પરિપાક સ્વરૂપે 'Sustainable Development' ની વિચારધારાનો ઉદય થયો છે. SD એટલે એવો વિકાસ કે જેમાં વર્તમાનના વિકાસ માટે, ભવિષ્યની પેઢીને જે સંસાધનો મેળવવાનો હક છે, તેના હકબાધ્ય માટે કોઈપણ પ્રકારની બાંધછોડ ન કરવી.' આ પ્રકારના વિકાસ માટે ત્રણ પાયાના આધારસ્તંભો પર કાર્ય કરવા માટે વિચાર કરવો ઘટે. પર્યાવરણ, અર્થતંત્ર, તેમ જ સામાજિક-રાજનીતિક પાસું. આ ત્રણે સ્તંભો એકબીજા સાથે સુમેળભર્યા રીતે સંકળાય તે અનિવાર્ય છે. આ સુમેળભર્યા જોડાણ અને સમજ માટે દરેક કક્ષાએ 'શિક્ષણ' અગત્યની કડી બને છે.

૨૦૦૦માં World Education Forum હેઠળ ૧૬૪ દેશોના સરકારી પ્રતિનિધિઓનું સંમેલન Dakar શહેરમાં યોજાઈ ગયું. (આફ્રિકાના સેનેગલ દેશની રાજધાની) આ સંમેલનમાં ૨૦૧૫ સુધી વિશ્વમાં EFA (Education For All) નો લક્ષ્યાંક સિદ્ધ કરવાનાં કાર્યક્રમો ઘડવામાં આવ્યા હતા. જુદાં-જુદાં દેશોએ આ લક્ષ્યાંકને પોતપોતાની રીતે હાંસલ કરવાના પ્રયત્નો કર્યા હતા. આ ૧૫ વર્ષના ગાળામાં (૨૦૦૦-૨૦૧૫) EFA કાર્યક્રમની ફળશ્રુતિ શું રહી તે જાણવા માટે UNESCO એ રિપોર્ટ તૈયાર કરાવ્યો. આ રિપોર્ટ જણાવે છે કે પ્રંચડ વિકાસના પૂરમાં શાળા બહાર રહેનાર બાળકોની સંખ્યા આ ૧૫ વર્ષના ગાળામાં પહેલા કરતાં અડધી થઈ, એટલે કે ૩ કરોડ ૪૦ લાખ બાળકો શાળામાં દાખલ થયા સાથે પાંચ કરોડ ૮૦ લાખ બાળકો હજુ શાળા બહાર હતા. તેમ જ ૧૦ કરોડ બાળકો પોતાનું પ્રાથમિક શક્ષણ પૂરું કરી શક્યા ન હતા. ગરીબ અને તવંગરના બાળકો વચ્ચે શિક્ષણ મેળવવાનો આંકડાકીય ભેદ વધેલો જણાયો હતો. તવંગરના બાળકો કરતાં ચાર ગણા ગરીબના બાળકો શિક્ષણ માટે શાળાએ જઈ શક્યા નથી તેમજ પાંચ ગણા ગરીબ બાળકો પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરી શક્યા નથી. સમગ્ર રીતે જોતા, પ્રાથમિક શિક્ષણની નીચી ગુણવત્તાને લીધે હજારો બાળકો પાયાનું જ્ઞાન મેળવ્યા વગર શાળા છોડીને જતા રહ્યાં હતાં. શિક્ષણની માળખાકીય સુવિધાઓ નાણાં વગર મેળવવી સંભવ નથી. EFA ના લક્ષ્યાંક માટે પોતાના દેશના બજેટમાં ૨૦ ટકા હિસ્સો શિક્ષણ પાછળ વાપરવાનો ઉદ્દેશ સ્વીકારવામાં આવ્યો હતો. ઘણાં દેશોએ શિક્ષણ પાછળ નાણાં વાપરવામાં ખાસ રૂચિ બતાવી નહિ. આવા અનેક પરિબળોને લીધે EFA નો લક્ષ્યાંક આજ સુધી હાંસલ કરી શકાયો નથી. આ રિપોર્ટમાં શિક્ષણ અંગેની ઘણી બધી હકારાત્મક અને નકારાત્મક બાજુઓ દર્શાવવામાં આવી. અને સસ્ટેનેબલ ડેવલેપમેન્ટની વિચારધારાને અમલમાં મૂકવાની વાત કરી.

સપ્ટેમ્બર-૨૦૧૫માં યુ.એન. દ્વારા આયોજિત સંમેલનમાં તેના સભ્યો દ્વારા પોતાના દેશમાં ૨૦૩૦ સુધી 'સાતત્યપૂર્ણ વિકાસ'ની વાત સ્વીકારવામાં આવી. આ કાર્યસૂચિ જુદાં-જુદાં ક્ષેત્રોમાં ૧૭ જેટલાં લક્ષ્યાંકો હાંસલ કરવાનું ધ્યેય ધરાવે છે. જેમાં New Global Education Goal (SGD 4) સ્થાન ધરાવે છે. SDG 4 નો લક્ષ્યાંક, ''પ્રત્યેક માનવીને જીવનપર્યંત શીખવાની તકોને ઉત્તેજન પૂરું પાડવાની તેમજ પ્રત્યેકને સમગ્રલક્ષી અને ન્યાયપૂર્ણ રીતે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે સુનિશ્ચિત કરે છે.

આ લક્ષ્યાંકમાં ૨૦૩૦ સુધી કુમાર અને કન્યા હાઈ સ્કૂલ સુધીનું મફત અને ગુણવત્તાયુક્ત તેમજ અસરકારક શિક્ષણ મેળવે, પ્રત્યેક કુમાર અને કન્યાની યોગ્ય માવજત લેવાય, સ્ત્રી અને પુરુષને પોસાય તેવા ઔદ્યોગિક, વ્યાવસાયિક અને યુનિવર્સિટી સુધીના શિક્ષણમાં સમાનરૂપે પ્રવેશ મળે, એવા યુવાનોની સંખ્યામાં વધારો કરવો જે ખાસ પ્રકારના વ્યાવસાયિક અને ઔદ્યોગિક કૌશલ્યો ધરાવતા હોય જેથી રોજગાર, નોકરી અને ઉદ્યોગસાહસિકોની સંખ્યામાં વધારો થાય, શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમના દરેક ક્ષેત્રમાં જાતિગત ભેદભાવો દૂર કરવા અને ખાસ કરીને વંચિત સમૂહ, દિવ્યાંગો અને ગામડાંઓમાં વિષમ પરિસ્થિતિમાં રહેતા પ્રત્યેકને શિક્ષણની સમાન તકો ઉપલબ્ધ બને, પ્રત્યેક યુવાન અને વસ્તીનો મોટો સમૂહ જેમાં સ્ત્રી અને પુરુષ બંને અક્ષરજ્ઞાન અને આંકડાકીય જ્ઞાન પ્રાપ્ત કરે, પ્રત્યેક વ્યક્તિ શિક્ષણ થકી એવું જ્ઞાન અને કૌશલ્ય સંપાદિત કરે જે SD ને પ્રોત્સાહિત કરે, તેમજ જીવન જીવવાની રીતિમાં, માનવીય હકોમાં, જાતિગત સમાનતામાં, શાંતિ અને અહિંસાની સ્થાપનામાં વિશ્વનાગરિકતામાં, સાંસ્કૃતિક ભિન્નતાને બિરદાવવામાં તેમ જ સાંસ્કૃતિક યોગદાન અપવામાં એમ દરેક જગાએ SD ના સમાવેશને પ્રાધાન્ય આપે. શિક્ષણ આપવા માટે પાયાની સુવિધાઓ ઊભી કરવી તેમ જ એવા સુધારા લાવવા જેમાં પ્રત્યેક દિવ્યાંગ બાળક અને જાતિગત રીતે અનુભવાતી સમસ્યાઓનું સમાધાન થતું હોય. શાળાનું પર્યાવરણ એવું ઊભું કરવું જે સમગ્રને સલામત, અહિંસાયુક્ત, સમગ્રલક્ષી તેમ જ અસરકારક શિક્ષણ આપતું હોય. ઉચ્ચ શિક્ષણમાં વધુ યુવાનો દાખલ થાય તે માટે જરૂરી શિષ્યવૃત્તિઓની વ્યવસ્થા ઊભી કરવી. ગુણવત્તાયુક્ત, તાલીમી શિક્ષકો પૂરતી માત્રમાં મળે તે હેતુસર આંતરરાષ્ટ્રીય કક્ષાની શિક્ષક-તાલીમ કેન્દ્રોની વ્યવસ્થા ઊભી કરવી.

ઉપર્યુક્ત SDG-4 ૨૦૩૦ના લક્ષ્યાંકો હાંસલ કરવા આપણા દેશમાં 'લોઢાના ચણા ચાવવા પડે' તેવી સાંપ્રત પરિસ્થિતિ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે ઈચ્છાશક્તિ દાખવીને બજેટમાંથી પૂરતી નાણાંની જોગવાઈ કરવી જોઈએ. શાળાકીય શિક્ષણ પ્રત્યેક બાળક માટે નિઃશુલ્ક બનાવવું જોઈએ. ગુણવત્તાયુક્ત શિક્ષકની જ ભરતી થાય તે માટે ફિનલેન્ડ દેશની જેમ નક્કર પગલાં લેવા જોઈએ. ખાનગી શાળાઓની સંખ્યા પર અંકુશ મુકાવો જોઈએ. નાનાં-નાનાં ગામડા, કસ્બાઓમાં શાળાઓ ઊભી કરવી જોઈએ. ગ્રામ્ય કલાઓના વિકાસ માટે જે તે સ્થળે જ ઉદ્યોગકેન્દ્રો સ્થાપી ત્યાંના કારીગરો દ્વારા વિદ્યાર્થીઓને કૌશલ્ય મળે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આવા ગામડાઓની શાળા તથા કૌશલ્યકેન્દ્રો ચલાવવાની વ્યવસ્થા તથા સત્તા ગ્રામસમીતિને હસ્તક આપવી જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું નવું માળખું SDG 4 ને આધારિત તૈયાર કરવું જોઈએ. શિક્ષણના વ્યાપારીકરણ માટે કડક દંડની જોગવાઈ હોવી જોઈએ. સામાજિક આર્થિક વિષમતાઓની બાળકના શિક્ષણ પર અસર ન પડે તે અંગે નવેસરથી વિચારવું જોઈએ. જાતિગત ભેદભાવોની શિક્ષણ પર અસર ન પડે તે રીતે કાર્યક્રમો હાથ ધરવા જોઈએ. બાળમજૂરી નિવારણ કાયદાનું સખ્તાઈથી પાલન કરાવવું પડશે. UDUE ની ગુણવત્તા સુધરવી જોઈએ.

દેશના કોઈપણ ક્ષેત્રના સાતત્યપૂર્ણ વિકાસના લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે શિક્ષણ એ શક્તિશાળી માધ્યમ છે. શિક્ષણ ક્ષેત્રની ઉપેક્ષા કરવી, નિર્ણયોમાં ઢીલાપણું, નિર્ણયોના અમલીકરણમાં નિષ્ક્રિયતા દાખવવી દેશ માટે ખોટનો ધંધો બનશે.

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# સારા શિક્ષકોની શોધમાં

બીજા દિવસની સવાર પડી. ભરત કલકત્તા જવા પોતાની નાનકડી બેગ પેક કરી રહ્યો હતો. એના અવાજે હું પણ જાગી ગઈ. "હાંકમાં - ભરતભાઈ જાય છે. જલદી જલદી ચા-નાસ્તો તૈયાર કરી નાંખો." મેં કહ્યું.

"જશીબહેન - ગઈકાલે રાત્રે આપણી બાએ મોકલેલ ઢેબરાં-ભાખરી હજુ જવાળ દે છે. એટલે સરસ બે કપ ચા પીને જતો રહીશ. ચા પૂરી કરીને એ બહાર નીકળ્યો.

"હું જરા ભરતભાઈ સાથે સ્ટેશન સુધી જાઉં? હમણાં પાછી ફરીશ." રઘુભાઈને મેં પૂછ્યું. તરત જ તેમણે કહ્યું, "લ્યો ત્યારે સ્ટેશન ક્યાં આઘું છે? હું પણ આવું છું. ભરત સાથે રહેવાશે અને "મોર્નિંગ વોક" પણ થઈ જશે."

સરસ્વતી વિદ્યાલય (માધુભાઈ મિલનું કંપાઉન્ડ) અને રેલવે સ્ટેશન વચ્ચે એક જ રસ્તો ક્રોસ કરવાનો હતો. હા! રેલવે યાર્ડમાં પ્રવેશો પછી પાંચ-છ મિનિટ સુધી પાટાઓ ઓળંગવાના હોય. અમે ત્રણેય ઊપડ્યાં. નાનાભાઈ, શાળાના દરવાજા સુધી અમારી સાથે આવ્યાં. દરવાજો આવ્યો એટલે નાનાભાઈ કહે, "ચાલો ભરત, આવજે. સાચવીને મુસાફરી કરજે હોં ભાઈ. તું પત્ર તો લખે નહીં એટલે તું મુશ્કેલી વિના પહોંચી ગયો હોઈશ એમ જ માનવું રહ્યું ને? પણ સંભાળીને જજે."

પિતાના સ્વભાવ પ્રમાણે નાનાભાઈએ વિનંતી કરી. ભરતે તરત હસીને જવાબ આપ્યો. "નાનાભાઈ હવે ગ્રેજ્યુએટ થઈ ગયો છું મોટો થયો છું."

નાનાભાઈ તો શાંત, પણ મેં તરત જ કહ્યું, "ચાલ ચાલ હવે, મોટો ગ્રેજ્યુએટ થઈ ગયો છે. તેથી શું? આ તો નાનાભાઈની "આવજો" કહેવાની રીત છે અને સંભાળજે એવું તો દરેક પિતા પોતાના પુત્રને કહે. તને દીકરો થવા દેને? ત્યારે ખબર પડશે."

મોટીબેન ખરીને? ! એ નાતે થોડું ભાઈને વઢી કાઢ્યું. "પિતાનું હૃદય આમ જ બોલે ગાંડિયા."

બસ ભઈ, ભલે - "હા નાનાભાઈ સંભાળીને જઈશ હોં." હસીને જવાબ આપ્યો. નાનાભાઈ અમારાં ભાઈ-બહેનોમાંથી કોઈ જુદું પડતું હોય ત્યારે સ્ટેશને નહીં જઈ શકતા. પાટા ઓળંગતા ઓળંગતા અમે ટ્રેન સુધી પહોંચી ગયાં. ભરતભાઈ ડબામાં જઈને સામાન ગોઠવીને બારી પાસે ગોઠવાઈ ગયો. ટ્રેન ઊપડવાને થોડો જ સમય હતો. પણ અમારી વાતો ચાલતી રહી. ખૂટતી જ નહોતી.

ભરતભાઈ પોતાની સીટ પર જેવો ગોઠવાઈ ગયો કે તુરત જ રઘુભાઈએ કહ્યું, "(તેમના મનમાં ચાલતા વિચારો બહાર આવી ગયા.) ભરત! તું કલકત્તામાં વધારે સમય રહે છે. ખાસ કરીને ભવાનીપુરમાં ઘણાં ગુજરાતીઓ વસે છે. તું કોઈ સારા શિક્ષકના પરિચયમાં આવ્યો હો તો જોજે ને. સારા શિક્ષકોને પારખીને મેળવવાના હોય છે. સારા શિક્ષકો મળવા ખૂબ મુશ્કેલ છે. એક સારો શિક્ષક મળે તો શાળાની પ્રગતિ પણ આપોઆપ થવા લાગે અને શાળાની પ્રતિષ્ઠા પણ વધે.

રઘુભાઈ જ્યાં જાય ત્યાં જે મિત્રોને મળતા તે સૌને આ વિનંતી કરવાનું ભૂલે નહીં.

"તમે પણ શું? જેને મળો તેને આ વિનંતી કર્યા જ કરો છો?" સારો શિક્ષક મળી જાય તો જોજો જરૂર જોજો હોં, ખરા છો." અકળાઈને હું આગળ બોલી પડી.

"કલકત્તામાં તે વળી ગુજરાતી શિક્ષક કેવી રીતે મળે?" રઘુભાઈ કહે, "કેમ કલકત્તામાં ભવાનીપુરમાં ઘણાં ગુજરાતીઓ વસે છે અને વળી બે ત્રણ ગુજરાતી શાળા પણ ચાલે છે." શા માટે શિક્ષકની શોધ ત્યાં કરવાનું કહે છે એ રઘુભાઈની વાત હવે સમજાઈ ગઈ.

તરત જ ભરત કહે, "જશીબહેન! રઘુભાઈની વાત સાચી છે. ભવાનીપુરમાં કદાચ સારા ગુજરાતી શિક્ષક મળી

પણ જાય. મારા જ પરિચયમાં એક ભાઈ છે. સૌથી પહેલાં તો હું તેમને જ મળીશ. હા, રઘુભાઈ ! જરૂર તપાસ કરીશ. આપણી શાળામાં સારા શિક્ષકો વધે એટલો ફાળો પણ હું મારી આ રખડપટ્ટીમાંથી શોધી કાઢું તો પણ "કંઈ કર્યાનો" સંતોષ મને થાય. હું જરૂર તેમને મળીશ." અને ગાર્ડની સીટી વાગી. લીલી ઝંડી દેખાઈ. ટ્રેને ધીમી ગતિ પકડી. "ચાલો જશીબેન ! આવજે નાનાભાઈને કહેજે મને સારી જગા મળી ગઈ છે. અને રઘુભાઈ તમારી વાત પણ ભૂલીશ નહિ. પાછો ફરું ત્યારે "વિજ્ઞાન પ્રદર્શન"માં મદદ કરીશ અને ગમે એવા શિક્ષક મળે તેવું પણ ધ્યાનમાં રાખીશ."

હવે ખરેખર ગાડી ઝડપથી ચાલી. અમે બંને હવે ઊભાં રહી ગયાં અને ભરતભાઈ દેખાયો ત્યાં સુધી આવજો કર્યા જ કર્યું.

અમે રેલવેના પાટાઓ ઓળંગતા ઓળંગતા શાળામાં (ઘરે) પહોંચ્યાં. દરવાજામાં જ નાનાભાઈ ઊભેલા. તરત જ પૂછ્યું, "ભરતને સારી જગા મળી ગઈ છે ને ?
બેન ? તરત જ મેં જવાબ આપ્યો, "હા, નાનાભાઈ, સરસ જગા મળી ગઈ છે. બારી પાસે જ મળી ગઈ છે."

"તો તો બહુ સરસ." 'પિતાના મનમાં સાદી અને નાની ચિંતાઓ હોય છે.' મનમાં ને મનમાં જ હું વિચારતી હતી. ઘર તરફ જતાં હતાં ત્યાં જ રઘુભાઈથી રહેવાયું નહીં હોય એટલે સમાચાર આપ્યા.

"હરભાઈ ! ભરતભાઈને કદાચ એકાદ સારા શિક્ષક મળી જાય એમ કહેતો હતો... મેં એમને કહ્યું છે કે જઈને તેમને મળવાનો પ્રયત્ન કરજો."

"હા ભવાનીપુરમાં બે ગુજરાતી સ્કૂલો છે. તપાસ કરી શકાય." રઘુભાઈને તો જાણે ટેકો મળ્યો. "આમ શોધ કર્યા કરીએ તો જ સારા શિક્ષકો મળતા રહે."

પિતાની વાત પર વિશ્વાસ જલદી બેસી ગયો. આમ તો ઘણીવાર તેમના નાના મોટા નિર્ણયો માટે મનમાં પ્રશ્ન ઊઠતો "બરાબર હશે કે નહીં ?" પણ સમય જતાં તેમનાં નિર્ણયો વાસ્તવિક લાગતા. એની પ્રતીતિ મને થતી. મારો વિશ્વાસ વધતો જતો.

આ સો વર્ષો જૂની મિલના કંપાઉન્ડમાં ચાલતી આ શાળા, મિલનાં ભૂંગળાઓમાંથી કાળા ધૂમાડાનાં જથ્થાઓ ફૂંકાઈ ફૂંકાઈને બહાર આવતા. ઉપરાંત ગરીબાઈ ફેલાયેલી લાગતી. ત્યાં હર પળ કસોટી જેવી બની જતી. છતાં અહીં જ ધૂણી ધખાવીને સફળતાએ પહોંચવુ હતું. રઘુભાઈનો આ દૃઢ વિશ્વાસ જોતી ત્યારે મારો ગુમાવેલો વિશ્વાસ પાછો આવતો."

"કેમ બેન ! શું વિચારે ચડી ગઈ ?" નાનાભાઈએ મને કરુણ વિચારોમાંથી બહાર કાઢી. "બસ અહીંની આ પરિસ્થિતિ વિશે હું વારંવાર વિચારે ચઢી જાઉં છું હોં નાનાભાઈ ! અમે એકલાં હતાં તેથી બોલી પડી."

આઠ દિવસ પછી ભરતભાઈનો પત્ર આવ્યો.

"અહીં ભવાનીપુરમાં મારા મિત્ર છે. એક શિક્ષક મળી ગયાં છે. અહીંની આબોહવા એમને નથી ફાવતી એટલે તેઓને મારી સાથે જ લેતો આવું છું. તમે બંને એકબીજાને મળી શકશો."

પિરિયડ લઈને હું ઑફિસમાં ગઈ કે તરત જ રઘુભાઈએ મને પત્ર વાંચવા આપ્યો. તેઓ ખુશ હતા.

આઠેક દિવસ પછી શાળાની પ્રાર્થના ચાલતી હતી. તેવે જ સમયે ભરતે દરવાજામાં પ્રવેશ કર્યો. એમની સાથે ખાદીનાં સફેદ-કફની ધોતિયામાં શોભતા એક ભાઈએ પણ પ્રવેશ કર્યો.

ભરત વાત કરતો હતો એ જ ભાઈ હોવા જોઈએ. તેઓ પ્રાર્થના પૂરી થઈ ત્યાં સુધી અમારા કંપાઉન્ડમાંના એક ઘટાદાર વૃક્ષની નીચે ઊભા રહ્યા. ભરત સાથે આવેલ એ ભાઈને પ્રાર્થનામાં મજા પડી ગઈ હોવી જોઈએ એવું લાગતું હતું. સંગીત વખતે ધીરે ધીરે તાલ પણ આપતા હતા. વાતાવરણમાં ફેલાયેલ રવીન્દ્ર-સંગીત તેઓ મ્હાણી રહ્યા હતા. કલકત્તામાં રહેવાથી બંગાળી સંગીતમાં એમને મજા પડી હશે એમ મને લાગ્યું. તેમના સ્વસ્થ ચહેરા પર સંગીતની અસર દેખાતી હતી. સામાન્ય રીતે સંગીતમાં

રસ લેનાર વ્યક્તિનું મન જરા થોડું પ્રસન્ન રહેતું હોય છે.

પ્રાર્થના પૂરી થઈ. વિદ્યાર્થીઓ વર્ગોમાં ગોઠવાયા. અને અમે ઑફિસમાં ગયા. તરત જ ભરતભાઈ પેલા ભાઈને અમારી પાસે લઈ આવ્યો.

રઘુભાઈ ! આ મારા મિત્ર હિંમતભાઈ છે. ભવાનીપુરની ગુજરાતી શાળામાં કામ કરે છે. હું એમને ઓળખું છું. બસ અમારી ઓળખાણ વારંવાર અમે એક 'બાસા' ભોજનાલયમાં જતાં ત્યાંથી થઈ. પછી તો અમારી મૈત્રી વધતી ચાલી. હું કલકત્તા ગયો ત્યારે તમને કહેલું ને ? કે એક શિક્ષકભાઈને હું ઓળખું છું, તે જ આ હિંમતભાઈ. ભરતે ટૂંકમાં હિંમતભાઈનો પરિચય આપ્યો. તેમણે નમસ્કાર કર્યા.

તેઓ જરૂર જૂની પ્રણાલિકાઓમાં ઉછરેલા હશે અને કેટલીક ભારતીય પ્રણાલિકાઓને પ્રામાણિકપણે પાળતા હશે એવું એમની વાતોમાંથી લાગતું હતું.

"હિંમતભાઈ, કલકત્તા કેમ છોડી દેવું છે ?" રઘુભાઈએ પ્રશ્ન કર્યો." બસ જૂઓને આ ત્યાંની આબોહવા ફાવતી નથી. શરદી-દમ થઈ જાય છે. બાકી ત્યાંના વ્યવસ્થાપકો સાથે મને ફાવી ગયું છે." હિંમતભાઈએ સાચું કારણ બતાવી દીધું.

"તમારા પત્ની અને બાળકોને અહીં પાછા આવવું ગમશે ?" બીજો પ્રશ્ન પૂછ્યો.

"હા સાહેબ ! એમનાં માતા-ભાઈઓને અને મોટા ભાઈઓ, કાકાના દીકરાઓ સૌ અહીં જ રહે છે. તેથી તેઓ તો ખુશ જ થશે."

સાચુકલા અને પોતે જે પ્રણાલિકામાં માને એવા એમના જવાબો હતા. જેથી એમને શરૂઆતમાં જ ઓળખવાનું સહેલું પડે એમ હતું.

રઘુભાઈએ આગળ પ્રશ્ન કર્યો, "તમે કયા કયા વિષયો શીખવી શકશો ?"

"પ્રાથમિક શાળામાં તો બધા વિષયો શીખવી શકીશ. પણ ગણિત-ઇતિહાસ-ભૂગોળમાં રસ વધારે. ભણાવવામાં મજા પડે." તેઓના મનમાં સ્પષ્ટતા હતી. આગળ બોલ્યાં, "બીજા વિષયો પણ શીખવવામાં મુશ્કેલી નથી પડતી."

"બીજી કોઈ પ્રવૃત્તિમાં રસ ખરો ?" રઘુભાઈને પૂછ્યું. "બાળકોનાં વિકાસ માટે જે કંઈ પ્રવૃત્તિ થાય એમાં હું રસ લેવાનું શરૂ કરી દઉં છું." હિંમતભાઈના જવાબથી અમે ત્રણે ય હસી પડ્યાં.

પણ એમાંથી એક વાતની પ્રતીતિ થતી હતી કે વિદ્યાર્થીઓનાં વિકાસનાં કાર્યોમાં તેઓ ખુશ હતા. બધું જ કરવા તૈયાર હતા.

"બીજો કોઈ શોખ ?

શાળાની ઑફિસના કામમાં રસ ખરો ને !" તેમણે જવાબ આપ્યો.

"તો તો બહુ સરસ હમણાંથી હિસાબ-કિતાબનું કામ બીજા એક ભાઈની મદદથી મારે જ કરવું પડે છે. રઘુભાઈએ પણ એમની મુશ્કેલીની વાત કરી.

"હિંમતભાઈ મને લાગે છે કે આપણા વિચારોમાં સામ્ય ઘણું છે. જો આવો તો સાથે કામ કરવાની મજા પડશે." હવે ધીરે રહીને મેં પણ તેમની વાતોમાં રસ લીધો.

એટલામાં ચા-નાસ્તો રઘુભાઈની સૂચના મુજબ આવી ગયો. "લ્યો હિંમતભાઈ લાંબી મુસાફરી પછી થાક્યા હશો. ચા-નાસ્તો લ્યો. રઘુભાઈએ ચાનો કપ ભર્યો અને એમને નાસ્તાની રકાબી આપી.

ચા પીતાં પીતાં પણ થોડી વાતચીત અને વિચારોની આપ-લે થઈ. અને અમને તો એમની સાથેની વાતચીતને લીધે પરિચય વધ્યો અને એમનામાં વિશ્વાસ ઊભો થયો.

"હિંમતભાઈ ખાવાના તમે શોખીન લાગો છો. થોડો નાસ્તો વધારે લ્યો ને." તેઓ પહેલીવાર નાના બાળકની જેમ હસી પડ્યા અને કહે, "હા ખાવાનો શોખ ખરો. પણ તમે પહેલી મુલાકાતમાં જ સમજી ગયા એટલે નાસ્તો મળ્યા જ કરશે." આમ મૈત્રીભર્યા ભાવે અમારી પહેલી મુલાકાત પૂરી થઈ. એકાદ કલાકની વાતોમાંથી સાથે કામ

કરી શકીશું એવો વિશ્વાસ બેઠો.

અમે છૂટા પડતા હતાં. તેઓ ઊભા થયાં એટલે રઘુભાઈએ પાછું પૂછ્યું, - "હિંમતભાઈ ક્યારે આ સંસ્થામાં જોડાઈ શકશો ?" જે રીતે એમને મળ્યા હતાં, વાતચીત કરી હતી, તે પરથી તેમને ઓળખી શક્યા હતા. તેથી હવે અમે સ્પષ્ટ પૂછી લીધું.

તેઓ કહે, "બસ કલકત્તા જવાને બે દિવસ અને ઘર બંધ કરવાનો સમય અને પાછા ટ્રેનમાં બે ત્રણ દિવસ દસેક દિવસમાં પાછો આવી જઈ શકું. આપને લાગતું હોય કે અઠવાડિયું કામ કરું તો કાલથી કામે લાગી જાઉં."

બસ તો તો તમો કાલે જ ઉપડી જાઓ અને તમારાં કુટુંબને લઈને જલદી પાછા આવો એ વધારે અનુકૂળ રહેશે. પણ તમારી આ વાતથી તમારી ઓળખાણ વધારે સારી પડી. વિલાયતી ઢબે રઘુભાઈએ હિંમતભાઈને શેકહેન્ડ કર્યા. શેકહેન્ડ કરવાની રીત ભલે વિલાયતી લાગે પણ કોઈવાર Spoteniously આવું બને તો એમાં પણ નજીક આવવાનો એક અનેરો અનુભવ થતો હોય છે. હિંમતભાઈએ ગૂંચવાતા-ગૂંચવાતા શેકહેન્ડ કર્યા અને નમસ્કાર પણ કર્યાં.

જતાં જતાં કહે, "બસ કાલે સવારે જ હું જાઉં છું. રઘુભાઈ"

"સરસ જલદી આવો આપણે સારા કાર્યકરોની મંડળી જમાવીએ." રઘુભાઈની આ વાત ઉપરથી જાણે હિંમતભાઈ હવે સરસ્વતી પરિવારના જ હોય એવું જણાતું હતું.

નમસ્કાર કરીને તેઓ ગયા. નમસ્કાર નમસ્કારમાં ફરક હોય છે. ક્યાંક વિનય, ક્યાંક પ્રણાલિકા, ક્યાંક મોટા માટે માન અને ક્યાંક આત્મીયતાની ભાવના, મને તો થયું કે, "હવે આપણે સાથે છીએ" એવી ભાવના જ્યારે એમણે નમસ્કાર કર્યા ત્યારે વર્તાતી હતી.

દૂર...દૂર જતાં હિંમતભાઈને અમે બંને જોઈ રહ્યાં.

ઘણી વ્યક્તિઓ આવે ને જાય. કેટલીક આવેલી વ્યક્તિઓ કાયમ સંસ્થામાં રહી જાય. માત્ર સંસ્થામાં રહી જ જાય. એટલું બસ નહીં પણ સંસ્થાનું એક એક કાર્ય પોતાનું બનાવે. તેઓ સરસ્વતી પરિવારનાં સ્તંભ જેવા બની જશે એવી અમને ત્યારે તો ક્યાં ખબર હતી ?

પણ કાર્યદક્ષતા એ એમનું એક આગવું લક્ષણ કે વિશિષ્ટતા હોવા જોઈએ એમ અમને લાગ્યું. એમની પ્રશ્નોને ઓળખવાની રીત પણ એવી જ હોવી જોઈએ.

વ્યવહારું હિંમતભાઈ ગયા. પણ સરસ્વતીના પરિવારનું કોઈ ગયું એવું લાગ્યું. અમે બંને ૧૦ દિવસ પૂરા થાય એની રાહ જોવા લાગ્યા.

રઘુભાઈ કહે :

"બહુ રત્ના વસુંધરા"ની ફિલોસોફીથી જોઈએ તો ક્યાંક કોઈવાર આવા ઘરદીવડા જેવું મળી પણ રહે છે - એવા હિંમતભાઈ બનશે એવું ભાવિ આજે હું જોઈ શકું છું."

રઘુભાઈના વાક્યને યાદ કરતી કરતી હું તો ૧૦ દિવસ ક્યારે પૂરા થાય એની રાહ જોવા લાગી.

**આટલી બાબતો સહેલી નથી**

- માફી માંગવી.
- ભૂલ કબૂલ કરવી.
- લાયકની કદર કરવી.
- સાવ નિઃસ્વાર્થ બનવું.
- કોઈની સલાહ માંગવી.
- ઉદાર બનવું.
- સામાને સમજવાનો પ્રયત્ન કરવો.
- યોગ્ય હોય તો દોષનો ટોપલો પોતાને માથે લેવો.
- ભૂતકાળને ભૂલીને નવેસરથી શરૂઆત કરવી.
- આવેશમાં આવ્યા પહેલાં પોતાની ભૂલને જોવી.
- વિપરીત પરિસ્થિતિમાં પણ સત્યને વળગી રહેવું.
- હાર્યા વગર પ્રયત્ન ચાલુ રાખવો.
- અહમ્ છોડવો.
- સામેની વ્યક્તિના આપણા પ્રત્યેના આદર અને સ્નેહને સમજી તેની કદર કરવી.

# ભૂમિકા બદલાય છે !

**હરેશ ધોળકિયા**

ભૂજ-કચ્છ.

એક વિદ્યાર્થિની પાસે બેસવાની તક મળી. તે નેટ તપાસતી હતી. અનેક વેબસાઈટો ચેક કરતી હતી. તેની જિજ્ઞાસા નવાઈ પમાડતી હતી. તેને પૂછ્યું કે તે કઈ વેબસાઈટ જોવા માગે છે. તેણે કામ કરતાં કરતાં જ જવાબ આપ્યો કે તે પોતાના શોધ નિબંધ વિશે સંદર્ભ શોધતી હતી. પણ તે માટે તેણે પુસ્તકાલયમાં જવાની જરુર નથી ?—પૂછતાં કહે, "જઈ શકાય, પણ પહેલાં નેટમાંથી મળે તેટલી વિગત તો શોધી લઉં."

શાળામાં ભણતા આવા જ એક વિદ્યાર્થીને પણ નેટ તપાસતો જોઈ આ જ સવાલ પૂછેલ ત્યારે તેણે જવાબ આપેલ કે તેના શિક્ષકે તેને એક પ્રોજેક્ટ કરવા સોંપ્યો હતો. આ પ્રોજેક્ટ વિશે તે માહિતી શોધતો હતો. "પણ શિક્ષકે માહિતી નથી આપી ?" —પૂછતાં કહે કે શિક્ષકે કોઈ જ માર્ગદર્શન નથી આપ્યું. માત્ર પ્રોજેક્ટ તૈયાર કરવા જ કહેલ છે. પણ તેને ચિંતા ન હતી. તે નેટમાંથી શોધી લેશે.

શિક્ષણમાં જબરાં પરિવર્તન આવી રહ્યાં છે. એક બાજુ માળખાંકીય રીતે શિક્ષણ આઉટ ઓફ ડેટ થતું જાય છે. સરકારે તેનું સંપૂર્ણ વ્યાપારીકરણ કરી નાખ્યું છે. તેથી વાલીઓ મોંઘી ફી આપી હેરાન થાય છે. સરકારની પોતાની શાળામાં સરકાર શિક્ષકો નીમતી નથી. તેથી શિક્ષણ ચાલતું જ નથી એમ કહી શકાય. શિક્ષકો કદાચિત માંડ માંડ ચલાવવા પ્રયાસ કરે તો સરકાર પોતાના પ્રચાર માટે એટલા બધા કાર્યક્રમો કરે છે અને તે બધાની જવાબદારી શિક્ષકો પર જ ઠોકી બેસાડે છે તેથી શિક્ષકો આ દબાણથી વર્ગમાં પહોંચી જ નથી શકતા. વળી, કહેવાતા કેળવણીકારો નવા નવા પ્રયોગો ઠોકી બેસાડે છે જેના પરિણામે શિક્ષકો અને બાળકો વ્યર્થ વ્યસ્ત રહે છે. મુદ્દાઓ પણ એવા આપે છે કે શિક્ષકોને તેની ખબર નથી. તેથી તેઓ માર્ગદર્શન આપી નથી શકતા.

પણ બીજી બાજુ, સદ્ભાગ્યે, બાળકો દિનપ્રતિદિન અપ–ટુ–ડેટ થતાં જાય છે. નેટ, મોબાઈલ વગેરેના માધ્યમથી તેઓ જરૂરી માહિતી તરત શોધી કાઢે છે. શિક્ષકોને કદાચિત ખબર નથી હોતી કે માહિતી કયાંથી મળશે, પણ બાળકો જાતે કે તેમના સાથીઓની મદદથી આ માહિતી તરત શોધી કાઢે છે. આ બહુ મોટું પરિવર્તન છે. આ પરિવર્તન એક વિચિત્ર જાહેરાત કરે છે કે બાળકો દિનપ્રતિદિન અપ ટુ ડેટ થતાં જાય છે અને શિક્ષકો આઉટ ઓફ ડેટ થતા જાય છે. બાળકોની સ્માર્ટનેસ સામે ટકવું તેમના માટે અઘરું થતું જાય છે.

આ મુદ્દો એક બાબત તરફ ધ્યાન ખેંચે છે કે હવે શીખવવાની પધ્ધતિઓમાં પરિવર્તન આવતું જાય છે. જયાં સુધી માહિતીનો પ્રશ્ન છે, ત્યાં સુધી કદાચ બાળકો શિક્ષકોથી આગળ વધી જશે. તેમનું ટેકનોલૉજીનું જ્ઞાન પ્રતિ ક્ષણ વધતું જાય છે. અને ટેકનોલૉજીએ આંગળીના ટેરવે જ્ઞાન આપી દીધું છે. એટલે માહિતીનો સંબંધ છે ત્યાં સુધી હવે શિક્ષકની જરૂરત ઘટતી જાય છે. આવતી કાલે કદાચ જરૂર રહેશે જ નહીં.

તો પછી શિક્ષકની ભૂમિકા શું હોઈ શકે, આવા પરિવર્તન કાળમાં ?

હા, એ વિચાર કરવાનો સમય પાકી ગયો છે. લાગે છે કે શિક્ષકની ભૂમિકા બદલાઈ રહી છે. શિક્ષણ આપવા બદલે હવે તેની ભૂમિકા કદાચ માર્ગદર્શક તરીકે વધતી જશે એવું લાગે છે. તેનાં કેટલાંક કારણો છે.

પહેલું કારણ છે કુટુંબ વ્યવસ્થા. નવી પેઢીનાં માતા પિતા બન્ને નોકરી કરે છે. બન્ને મહત્વાકાંક્ષી છે. તેમને પુષ્કળ કમાવું છે. ખૂબ સગવડો જોઈએ છીએ. તે માટે તેઓ રાત દિવસ કામ કરવા તૈયાર છે. પણ આનો ભોગ બાળકો બને છે. માતા પિતા પાસે બાળકો માટે ન્યૂનતમ

સમય બચે છે. આ બાબતે અપરાધભાવ અનુભવતાં મા બાપ આ સમયમાં બાળકને " લાડ" કરે છે અને માગે તે આપી દઈ સમયનો ખાલીપો વસ્તુ આપી પૂરો કરે છે. પણ બાળકને મા બાપનો પૂરતો પ્રેમ નથી મળતો. તે એકલતા અનુભવે છે. આ એકલતા દૂર કરવા તે ટેકનોલૉજી પાસે જાય છે. મોબાઈલ, નેટ, ગેમ્સ, ફિલ્મ વગેરેમાં સમય પસાર કરવા પ્રયાસ કરે છે. આ બધાં તો, મોટે ભાગે, બાળકમાં નકારાત્મક ભાવનાઓ જ જન્માવે છે. હિંસક રમતો, બ્લૂ વ્હેલ જેવી ખતરનાક રમતો, પોર્નોગ્રાફી વગેરે વચ્ચે જ બાળક સમય ગાળે છે. તેથી તે પણ હિંસક, એકલપેટું, આવેશમય બને છે. આ બધાને કારણે તેનું ભણવામાંથી ધ્યાન ઘટે છે.

બીજું, સમાજ પણ નકરો ભૌતિકવાદી બનતો જાય છે. હજારો વર્ષોથી અભાવગ્રસ્ત રહેલ સમાજ સામે અચાનક પૈસા કમાવાની તકો ઊભી થઈ છે. એટલે લગભગ બધા જ પૈસા પાછળ દોડવા લાગ્યા છે. પણ પૈસા કંઈ ઝડપથી મળતા નથી. તે તો લાંબો સમય માગે છે. અને લોકોને ઉતાવળ છે. જલ્દી જલ્દી કમાવું છે. માટે " ગમે તેમ કરીને" કમાવાનો પ્રયાસ કરે છે. એટલે ભ્રષ્ટાચાર વગેરે વિકસે છે. આ કારણે સમાજ પણ સ્વાર્થી બનતો જાય છે. તેની સંવેદનશીલતા ઘટતી જાય છે. ચારે બાજુ સેવા ખૂબ થતી જોવા મળે છે, પણ એ બધી મોટા ભાગે અંગત પ્રચાર માટે હોય છે. અહમ સંતોષવા માટે થાય છે. તેમાં સંવેદનશીલતા ઓછી હોય છે. જો આ કર્યા પછી છાપામાં નામ ન આવે તો તરત બંધ થઈ જાય છે. આમ, સમાજમાં ચારે બાજુ નગ્ન સ્વાર્થનું નૃત્ય ચાલે છે. આની પણ બાળક પર અસર પડે છે.

ત્રીજું, દિન પ્રતિદિન દેશમાં સંકુચિતતા વધતી જાય છે. સામાજિક ભેદભાવો વધતા જાય છે. કોમ કોમ વચ્ચે ધિક્કાર ફેલાવવાના વ્યવસ્થિત પ્રયાસ થાય છે. સરકાર પણ તેમાં મદદ કરે છે. સોશિયલ મીડિયા તેમાં ઘી નાખે છે. અને લગભગ નવ્વાણુ ટકા લોકો સોશિયલ મીડિયાના કે વોટસ અપના ગુલામ હોવાથી આ સંકુચિતતા તેમનામાં પણ જાણતાં અજાણતાં પણ પ્રવેશે છે અને તેમનાં મન પણ ઝેરી બને છે. તેમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. બાળકોમાં ઝનૂન વધે છે.

આ બધા પ્રવાહોના કારણે બાળકોનું ધ્યાન ભણવા કરતાં વ્યર્થ બાબતો પર વધારે જાય છે. તેમની એકાગ્રતા ઓછી થતી જાય છે. તેમનું ચારિત્ર્ય નબળું પડતું જાય છે. તેથી બૌદ્ધિક તાકાત ઘટે છે. પ્રગતિ કરવાની ક્ષમતા પણ ઘટે છે. અને મજાની વાત એ છે કે બધાને પ્રગતિ તો કરવી જ છે. નવી પેઢીને તો ખાસ. પણ આ બધી ગુલામીમાંથી પાછા મુકત નથી થવું. એક વિષચક્રમાં ફસાય છે નવી પેઢી. આસપાસનાં બધાં જ આકર્ષણનો ભોગ પણ બનવું છે, મોજમજા પણ કરવી છે અને પ્રગતિ પણ કરવી છે !

આ પરિવર્તનના કાળમાં શિક્ષકની ભૂમિકા પણ બદલાય છે. દૈનિક ભણાવવાનું જે હોય તે ચોક્કસ કરવાનું છે, પણ હવે શિક્ષકે પાયામાં બાળકને વિદ્વાન બનાવવા કરતાં ચારિત્ર્યશીલ બનાવવા પર વધારે ધ્યાન આપવાનું છે. તેણ બાળકના મનમાં ઠસાવવાનું છે કે પ્રગતિ માટે કેટલીક બાબતથી દૂર રહેવાનું છે. આકર્ષણોથી દૂર રહેવાનું છે. દહીં–દૂધ બન્નેમાં પગ ન રાખી શકાય. જૂની ભાષામાં જેને તપસ્યા કહેવાતી હતી તે આજે પણ કરવી જ પડશે. આજે પણ જેઓ સફળ થતા દેખાય છે, તેમનો અભ્યાસ કરવામાં આવશે તો તેઓ મોજમજા, ટી.વી., ફિલ્મો, મોબાઈલ, ફેસબુક વગેરેથી ખૂબ દૂર રહે છે. તેઓ પોતાના ક્ષેત્રમાં એકદમ કેન્દ્રિત–ફોકસ્ડ– રહે છે. તો જ અને ત્યારે જ સફળ થઈ શકે છે. જરાક પણ ડગી જાય છે કે તરત પાછળ ફેંકાઈ જાય છે. યુવરાજસિંહ જેવા ક્રિકેટરો, અનેક અભિનેતાઓ, ખેલાડીઓ એક પળમાં ગબડી પડે છે. કારણ ? જરાક સફળતા મળી કે ડગી ગયા, ચારિત્ર્ય નબળું પડે અને ધ્યાનચલિત થઈ જાય છે.

શિક્ષકે હવે બાળકને કેવળ વિશાળતાનું શિક્ષણ આપવાનું છે. જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંકુચિતતા, ધિક્કાર વગેરે આજે વ્યર્થ છે, પ્રગતિને આડખીલીરૂપ છે એમ ભારપૂર્વક કહેવાનું છે. કેવળ મનુષ્યપ્રેમ જ જરૂરી છે, પૂરતો છે એમ શીખવવાનું છે. કોઈ કદાચ સંકુચિતતાનો પ્રચાર કરતું હોય તો તેને નકારવાના છે. કોઈ પૌરાણિક મગજ બનાવવાનો પ્રયત્ન કરતું હોય તો વૈજ્ઞાનિક મગજ કેળવી તેને નકારવાના છે. બાળકનું શુદ્ધ વૈજ્ઞાનિક, વૈશ્વિક અને એકવીસમી સદીનું મગજ કેળવાય એવું શિક્ષકે કરવાનું છે. તાર્કિક રીતે વિચારતાં શીખવવાનું છે. વિશાળતાથી જોતાં અને વર્તતાં શીખવવાનું છે. સંકુચિતતા સામે પળેપળ જાગૃત રહેતાં શીખવવાનું છે. તેને તીવ્ર રીતે સંવેદનશીલ થતાં શીખવવાનું છે. તો જ બાળક સ્વસ્થ રીતે પ્રગતિ કરશે.

અને હા, તે માટે શિક્ષકે પણ પોતામાં આ ગુણો કેળવવા પડશે. તે જ કોઈ ધિક્કાર કે સંકુચિતતા પ્રસરાવતી વિચારધારાનો ભોગ બનેલ હશે તો આ નહી કરી શકે. તે ઝનૂન, પક્ષાપક્ષી, સંકુચિતતા વગેરેથી પર હોવો જોઈએ. તો જ બાળકને કહી શકે અને તો જ બાળક તેનું માનશે.

જગત પળેપળ વાવાઝોડાની ઝડપથી પરિવર્તન કરી રહ્યું છે. આ પરિવર્તનમાં નકારાત્મકતાનો પ્રચાર વધારે થતો દેખાય છે. તેને હટાવવાનો છે. તેના સ્થાને હકારાત્મકતા અને સ્વસ્થતા અને વિશાળતાનો પ્રચાર વધારે થાય તેમ કરવાનું છે. આ કામ કેવળને કેવળ શિક્ષક જ કરી શકશે. તેના સિવાય બીજા કોઈની તાકાત નથી. સમાજ તો પોતે જ સંકુચિત છે. તે વળી વિશાળતા –ની વાત કરી શકે ? કેવળ શિક્ષક પાસે જ થોડી પણ દૃષ્ટિ હોઈ શકે. તેણે જાગૃત થઈ આ કામ–મિશન– ઉપાડવાનું છે. સ્વચ્છ ભારત સાથે જો સ્વસ્થ ભારત નહી થાય, તો સમાજમાં અંધાધૂંધી પ્રસરશે અને માંડ માંડ થતી પ્રગતિ ખોરવાઈ જશે. પાકિસ્તાન કે ચીન કરતાં સમાજમાં રહેલ આ નકારાત્મક તત્વો વધારે ભયંકર છે. સમગ્ર ઈતિહાસમાં દેશને નુકસાન બહારનાં તત્વો કરતાં આ આંતરિક તત્વોએ વધારે કર્યુ છે. આજે પણ તેઓ જ સુંદર વાકયો, વિચારો, સંસ્કૃતિ, પ્રચારના દંભ હેઠળ ભયંકર નુકસાન કરે છે. લોકોને ચેતવવાની જરૂર છે. બાળકોને તેનો સામનો કરતાં શીખવવાનું છે. અને આ કામ શિક્ષક જ કરી શકશે.

એટલે હવે શિક્ષક દિને એવા શિક્ષકનું સન્માન કરવાની જરૂર છે જે વિશાળતાનું, વૈશ્વિકતાનું, સંવેદનશીલતાનું શિક્ષણ આપતા હોય. એકાદ આવો પ્રયોગ કરશું ? સમાજમાં વિશાળ વિચારનારા હશે તો જ તે શકય બનશે.

## બાળકની સર્વાંગી ઓળખ

કોઇ એકલવાયી દૃષ્ટિથી બાળકને જોનાર બાળકનું સાચું સ્નમાન નહીં કરી શકે.બાળકને સમજવા માટે તો તેને અનેક દૃષ્ટિકોણથી અવલોકવું પડે.

બાળકના શરીર ઉપર જ કેવળ દૃષ્ટિ રાખનાર માબાપ બાલ-મહિમાનું સાચું હાર્દ નહીં પકડી શકે.બાળકની સ્થૂળ જરૂરિયાતોને એની બીજી અનેક જરૂરિયાતો સાથે સાંકળી લઇને જ સમજી શકાય કે પોષી શકાય.

બાળકની બુદ્ધિનો જ વિચાર કરનાર વાલી કે સમાજ પાસે બાલ-મહિમાનો અધૂરો ખ્યાલ છે તેમ સમજવું. બુદ્ધિ તો બાળકના સર્વાંગી વ્યકિતત્વનું એક અંગ માત્ર છે.બુદ્ધિનો વિકાસ પણ એકાકી સંભવે નહીં અને એકાકી કરવાનો પ્રયત્ન કરીએ તો બુદ્ધિ વીફરે.

બાળકને શરીર છે, હૃદય છે, બુદ્ધિ છે અને આત્મા પણ છે.આ સમગ્ર દૃષ્ટિ જેનામાં ખીલી હોય તે જ બાલ-મહિમા સમજી શકે અને તેને વ્યવહારમાં ઉતારી શકે. બાલ-મહિમા પીંછનવા માટે બાળકની સર્વાંગી ઓળખ જ એક સાચું સાધન છે.

# ગુસ્સામાં ને ગુસ્સામાં....
# ગુજરાતી રૂપાંતર

**હરિત પંડ્યા**

૨૧, મેઘાનગર, નડિયાદ-૩૮૭૦૦૨. મો.: ૯૪૦૯૨૭૭૬૨૨

એક દિવસ મને ભારે ગુસ્સો આવ્યો. ગુસ્સામાં ને ગુસ્સામાં મેં ઘર છોડી દીધું, એવા નિર્ધાર સાથે કે ફરી આ ઘરનું પગથિયું નહીં ચઢું, જ્યાં સુધી હું કાંઈ મોટી હસ્તિ ન બનું.

જે મા-બાપ મને મોટર સાઈકલ સુધ્ધાં અપાવી શકતાં ન હોય, એમને એમના દીકરાને એન્જિનિયર બનાવવાના સપનાં સેવવાનો કોઈ અધિકાર નથી.

ઘર છોડવાની ઉતાવળમાં મને એ ખ્યાલ ન રહ્યો કે મેં મારા બૂટને બદલે પપ્પાના બૂટ પહેરી લીધા છે. મેં એમનું પાકીટ પણ ચોરી લીધેલું. એમાં થોડા કાગળો સિવાય ખાસ કશું હતું નહીં. હું બસ સ્ટેન્ડ તરફ ઝડપભેર જઈ રહ્યો. ચાલતાં, બૂટ થોડા કઠતા હતા. બૂટમાં થોડી ભીનાશ પણ વરતાઈ. ત્યારે જ મને ખબર પડી કે બૂટને તળિયે એકાદ કાણું પડેલું હતું.

બસ-સ્ટેન્ડમાં એકે બસ નજરે પડતી નો'તી. શું કરવું એની મૂંઝવણ મને સતાવી રહી. અચાનક મને પપ્પાના પાકીટમાં, કાગળો સિવાય બીજું શું છે એ જોવાનો વિચાર આવ્યો. મેં પાકીટ ઉઘાડ્યું. પપ્પાએ લીધેલ ૪૦ હજારની લોનનાં પેપર્સ મારી નજરે પડ્યાં. આ લોન એમણે એમની ઑફિસમાંથી વ્યાજે લીધેલી. ઉપરાંત એમાં મારે માટે લીધેલ લેપટોપનું બિલ પણ હતું. મૅનેજરે પપ્પાને સંબોધીને લખેલો પત્ર પણ એમાં હતો. પત્રમાં એમના મૅનેજરે પપ્પાને હવે પછી સારા-સુઘડ બૂટ પહેરીને ઑફિસમાં આવવાની તાકીદ કરેલી. પત્ર વાંચીને મેં હળવો આંચકો અનુભવ્યો. મમ્મી, પપ્પાને ઘણીવાર, નવા બૂટ ખરીદવાનું કહ્યાં કરતી, ત્યારે પપ્પા કહેતાં કે હજુ તો આ બૂટ પૂરા છ મહિના ચાલે એવા છે. જૂના સ્કૂટરના બદલામાં નવા બાઈકની ઑફર કરતી એક કંપનીની જાહેરાતનું ફરફરિયું પણ બીજાં કાગળિયાં ભેગું મારી નજરે પડ્યું.

એ જ ક્ષણે મને યાદ આવ્યું કે હું જ્યારે ઘર છોડી રહ્યો હતો તે વખતે પપ્પાનું જૂનું સ્કૂટર એની જગાએ હતું નહીં. એ યાદ આવતાં મારા પગ ઢીલા થઈ ગયા. મારાથી રડી પડાશે કે શું ? કઠતા બૂટની પરવા કર્યા વિના મેં ઘર ભણી દોટ મૂકી. ઘેર ન તો પપ્પા હતા, ન તો એમનું સ્કૂટર. હું એમને શોધતો રહ્યો. એ એક્સચેન્જ ઑફિસે જોવા મળ્યા. એમને જોતાની વારમાં મારાથી ફરી રડી પડાયું.

આંખમાં આંસુ સાથે દોડીને હું એમને ભેટી પડ્યો. થોડી વારે જરા સ્વસ્થ થઈને મેં એમને કહ્યું, ''પપ્પા'' મારે બાઈક નથી જોઈતી.

એ ક્ષણે મને ભાન થયું કે મા-બાપો પોતાનાં સંતાનો માટે કેટલો બધો ભોગ આપે છે ! કેટલું બધું કષ્ટ વેઠે છે ! સાથે સાથે એમનો નિર્વ્યાજ પ્રેમ એમનાં પર સતત વરસાવતાં રહે છે. એ જ સંતાનો, મા-બાપ જીવતાં હોય છે ત્યારે એમને એમની પાછલી ઉંમરમાં હડધૂત કરતાં રહે છે અને એમના મૃત્યુ બાદ એમને ઝંખતાં રહે છે. કેવું કહેવાય !

---

કેટલું કીમતી કામ કર્યું તેનાથી નહિ, પરંતુ કેટલુ સફળ કાર્ય કર્યું તેનાથી માનવીના કાર્યો ઈતિહાસને પાને ચિરંજીવ બને છે.

**એચ.ડબલ્યુ બીચર**

# બાળકોનાં સપનાને તોડી ના નાંખો

**ભૂપત વડોદરિયા**

બાળકના આત્મવિશ્વાસ અને સ્વાભિમાનને પોષણ આપવાનું ખૂબ જરૂરી હોય છે. કેટલાંક મા-બાપ આ સમજતાં જ નથી. બાળક કાંઈક કરવા જતો હશે તો મા-બાપનાં મોંમાંથી વારંવાર સાવધાનીના સૂર નીકળ્યા જ કરવાના. મા-બાપ કહેશે : 'રહેવા દે, તારું કામ નથી ! તું નકામું કાંઈક તોડીફોડી નાખીશ ! દીવાલમાં ખીલા મારવાનું તારું કામ નથી ! નક્કી તારી આંગળી છુંદાઈ જશે ! વીજળીની એ સ્વીચને અડકીશ નહીં, તને શોક લાગશે !'

મા-બાપની ચિંતા સ્વાભાવિક છે. તેમણે ગમે ત્યાં સાહસ કરવા દોડી જતા બાળકને જરાક લગામ ખેંચવી પડે, પણ બાળક મોટો થતાં જાતે પડવાનો, આખડવાનો અને કાંઈક તોડફોડ કરવાનો જ, એટલું મા-બાપોએ સમજવું જ જોઈએ. એક ઉદ્યોગપતિએ હમણાં જ કહ્યું કે હું નાનો હતો ત્યારથી જ કોઈ રમકડાંની મોટર કે સાચું ઘડિયાળ હાથમાં આવે તે ખોલી જ નાખતો. ચાવીથી ચાલતી મોટરનું યંત્ર અને યંત્રલીલા સમજવાની અદમ્ય જિજ્ઞાસા ! આજે એ તોડફોડ કરનારો કિશોર સફળ કારખાનેદાર બન્યો એટલે ગૌરવથી આ વાત કરે છે. તેનાં કુટુંબીજનોને પણ આ વાત કહે છે. પણ એ કિશોર તરીકે તો તેણે વડીલોનો માર આ બધી ખંડનાત્મક પ્રવૃત્તિઓ માટે ખાધો જ હતો.

બાળક આપણને ખૂબ જ ખંડનાત્મક લાગે જ છે. એક સંબંધી તો કોઈ પણ બાળકને જોઈને કહે છે કે આ રહ્યો નક્સલવાદી ! બાળકોને આ ભાંગફોડમાં નર્યું ખંડન હોય છે તેવું નથી. તે તેની તાકાતને તાલીમ આપે છે અને તે બધાં જ રહસ્યો પામવા અદમ્ય જિજ્ઞાસા ધરાવતો હોય છે. તેની પ્રવૃત્તિ આપણને ભાંગફોડની લાગે છે ! લાંબા નુકસાનમાં ઊતર્યા વિના તેની આ જિજ્ઞાસાવૃત્તિને સાચી દિશામાં વાળવાનું કામ, અલબત્ત, મા-બાપો કરી શકે છે.

મુંબઈમાં એક સુખી ગુજરાતી કુટુંબ. પિતા એક સારા એન્જિનિયર નહીં થયેલા. પણ કારખાનામાં કુટાઈ કુટાઈને ઈજનેર બનેલા. એમનો ચોથા નંબરનો એક પુત્ર કૉલેજના પહેલાં વર્ષમાં ભણે. એક દિવસ એણે ઘેર આવીને કહ્યું કે રેડિયો ઉપર આપણો ગાવાનો પ્રોગ્રામ છે ! કઈ તારીખે હજુ નક્કી નથી ! પણ રેડિયો સ્ટેશને બે-ત્રણ દિવસ જવું પડશે ! રેડિયો ઉપર તેનો કોઈ પ્રોગ્રામ નહોતો. પિતાએ સમજદારીથી કામ લીધું : 'રેડિયોવાળાએ તને પ્રોગ્રામ આપ્યો હોય તો પણ તું ના પાડજે. હજુ તને એટલું સરસ ગાતા નથી આવડતું ! જો કે તારો કંઠ સારો છે. જરા તાલીમ લે પછી જ રેડિયો ઉપર જજે. રેડિયો ઉપર તો ઘણાં ગાય છે. પણ રેડિયો ઉપર ગાવું જ હોય તો એવી રીતે ગાવું કે સાંભળનારની વાહ વાહ મળે !' એ કિશોર તો પોતે પણ ફેક્ટરીનો માલિક છે. આજે તે એટલું યાદ કરે છે કે 'પિતાએ આવી જ રીતે અમારી તદ્દન પોલી મહેચ્છાઓમાં નક્કર સંકલ્પનું સીસું રેડેલું અને અમે જ્યારે ડિંગ મારી ત્યારે તે ડિંગને હડાહડ જૂઠાણું નહીં માનતા તેમાં સાથ આપવાની તૈયારી બતાવેલી. આનું પરિણામ એ આવ્યું કે અમે પિતા સમક્ષ કોઈ ખોટો દાવો કરતાં અચકાવા માંડ્યા અને બીજું અમે અમારી શેખીને સાચી પાડવાની દિશામાં પુરુષાર્થ કરતા શીખ્યા.'

બાળક એમ માને છે કે હું કાંઈક છું. મારે કાંઈક બનવું છે. હું કાંઈક બની શકું તેમ છું, જાતજાતની સુખદ પણ હવાઈ મહેચ્છાઓના રૂના ઢગલામાં એ ખૂંદતો હોય છે. એ તેમાં દટાઈ ન જાય અને તે અફળ ઈચ્છા અને સાચા ધ્યેય વચ્ચેનો ફરક સમજે, કોઈ પણ ઈચ્છાને ફળીભૂત કરવા માટેના સંકલ્પ અને પુરુષાર્થનું રસાયણવિજ્ઞાન શીખે તે જોવાનું કામ મા-બાપનું છે.

મા-બાપ બે પ્રકારનાં હોય છે. કેટલાંક બાળકની

સાચી કે ખોટી મહત્ત્વાકાંક્ષાને તોડી પાડે છે ! એ માનવા તૈયાર જ હોતાં નથી ! તેમને કોઈ વાતમાં વિશ્વાસ પડતો નથી ! બાળકનાં દરેક સ્વપ્નનાં જવાબમાં એ કહેવાના 'એ શેખચલ્લી ! હવે આ બધા ચાળા મૂકી દે ! સીધા રસ્તે નિશાળે જા. નવરા બેઠા તુક્કા હાંકવાને બદલે ઘરમાં કાંઈ કામ કર !' કેટલાંક મા-બાપ બાળકોના તુક્કા, શેખી, પોલી મહેચ્છા વગેરેની રૂખ પારખે છે. તેનાં વલણો પારખવા કોશિશ કરે છે, અને તેની ખોટી વાતમાં પણ શ્રદ્ધા વ્યક્ત કરીને તેને મદદ કરવા સદા પોતે તત્પર હોવાનો વિશ્વાસ આપે છે ! આવાં બાળકો મા-બાપના આ વલણથી પોતાના દિમાગમાં કેટલું નક્કર અને કેટલી હવા છે તે સમજવા માંડે છે. બાળકો આ રીતે પોતાની જાતને સમજતાં થાય છે. પોતાના ખ્યાલોનાં દૂધ-પાણી જુદાં પાડતાં શીખે છે. આગળ ઉપર તે નક્કર પુરુષ બને છે.

બાળકોનાં સપનાંને એકદમ તોડી ના નાખો. મફતના રોટલા ખાઈને એ પોતાની કામચોર આળસની આ બધી માયાજાળ રચી રહ્યો છે તેવું ના માનો. દરેક બાળકમાં ક્યાંય ન્યૂટન કે ગેલીલિયો બેઠો હોય છે. ફળના ઝાડ પરથી ફળ નીચે જમીન ઉપર કેમ પડે છે ? તે ઊંચે આકાશમાં કેમ જતું નથી ? એવી ન્યૂટનની જિજ્ઞાસામાં ગુરુત્વાકર્ષણની શોધ છુપાયેલી હતી. આવા બાળકને એનો પિતા કહે કે મૂર્ખશિરોમણિ, ફળ નીચે ના પડે ત્યારે કયા તારા મોઢામાં જ આવી જાય ? તદ્દન વાહિયાત ! પૃથ્વી સપાટ નથી, ગોળ છે તેવું કહેનાર ગેલીલિયોને બધાએ પાગલ ઠરાવવાની કોશિશ કરી ! બાળકોના તમામ સવાલોના જવાબ આપવા જેટલી ત્રેવડ કોઈ મા-બાપ એના પ્રશ્નને છેક હસી કાઢવાને બદલે તેના જવાબો ક્યાં શોધવા તેની આછીપાતળી દોરવણી આપી શકે.

મા-બાપો બાળકોનો ઉપયોગ પોતાની અધૂરી રહેલી યોજનાઓ અને ઈચ્છાઓને આગળ ધપાવવાના સાધન તરીકે કરે છે. પણ આમાંથી નિરાશા સિવાય કંઈ નીપજતું નથી. કોઈ પિતા પુત્રને કહેશે : 'મારો તો બાપ નહોતો. ઘણું ભણવું હતું અને દાકતર થવું હતું પણ કેવી રીતે દાકતર થાઉં ? તું હવે બરોબર ભણીને દાકતર થા. તારે માથે તો બાપ છે અને તારે કાંઈ નાની ઉંમરે કુટુંબની જવાબદારી ઉપાડવાની નથી.'

પણ આ બાળકને દાક્તર ના બનવું હોય તો ? એનું સ્વપ્ન કાંઈક બીજું જ હોય તો ? તમે એનું સ્વપ્ન ચગદી નાંખીને તેની ઉપર તમારી નિષ્ફળ ઈચ્છાનું ભૂત સ્થાપો તો તેમાંથી શું નીપજે ? ફિલસૂફ કવિ ખલીલ જિબ્રાને એટલે જ કહ્યું છે કે, બાળકો ઉપર તમારાં સ્વપ્નો લાદશો નહિ. એનાં સ્વપ્નોને તમે અપનાવજો. કે તમે ગઈ કાલ છો, તમારું બાળક આવતીકાલ છે. એટલું યાદ રાખો કે બાળકો તમારા દ્વારા, તમારા મારફત દુનિયામાં આવે છે. તમારામાંથી પેદા થયાં નથી.

નેહરુ મોતીલાલ આદર્શ પિતા હતાં. તેમણે પોતાના એકના એક દીકરાને પોતાના ધીકતા વકીલાતના ધંધામાં ધંધાકીય વારસદાર ના બનાવ્યો, પણ દેશની આઝાદી માટેના સંગ્રામમાં મેદાને પડેલા પુત્રની પાછળ જવા માટે વકીલાતનો ઝભ્ભો ઊતારી નાખ્યો ! તમારા ધંધા કે કારોબાર માટે પુત્રને તાલીમ આપો તો ઠીક છે, બાકી તેને તેનાં સ્વપ્નોથી વંચિત કરશો નહીં. તેને તમારા પગલે ચાલવાનો આગ્રહ કરવા કરતાં, તેના પગલે તમે ચાલો, કેમ કે તમે ગઈકાલ છો, બહુ તો આજ છો, પણ તમારું બાળક આવતીકાલ છે.

---

**હિંમત એનું નામ કે માણસ ઊભો થઈને પોતાની વાત સંભળવી દે,**
**હિંમત એનું પણ નામ કે માણસ બેસીને બીજાની વાત સાંભળે.**

---

# આંધીમાં જે અડગ રહે તે ગાંધી !

**હરિભાઈ કોઠારી**

અધ્યાપક ગિલબર્ટ મરેએ કહ્યું છે કે : 'જે માણસને વિષયસુખની કશી પરવા નથી, સુખચેન, સન્માન કે મોટાઈની કશી ખેવના નથી પણ પોતાને સાચું લાગે તે કરવાનો જેનો નિર્ધાર છે તેની સાથે કામ પાડતાં સંભાળ રાખજો. તે ભયાનક તેમજ કપરો શત્રુ છે, કેમ કે તમે તેના શરીરને કચડી શકો ખરા, પણ તેથી તમને એના આત્મા પર બહુ જ ઓછો કાબૂ મળે એમ છે.'

સત્યાગ્રહની લડતમાં ગાંધીજી કદી 'હાર' સ્વીકારતા જ નહીં. ખડકના જેવા અડગ ગાંધી પર લોકોની નિંદાસ્તુતિની કોઈ અસર પડતી નહીં. કોઈ પણ સમસ્યાનો હલ કરવામાં તે પોતાના અનુભવને કામે લગાડતા તેમજ અંતરાત્માના અવાજને અનુસરતા. તેમનું મનોબળ અજબનું હતું. તેમની આત્મશ્રદ્ધા અન્ય જનોના શ્રદ્ધાદીપને પણ પ્રજ્વલિત કરી શકતી.

*સુખદુ:ખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ,*
*તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ।*

ગીતાનો આ શ્લોક તેમના જીવનનો પ્રેરક સિદ્ધાંત બની રહ્યો હતો.

શરૂશરૂમાં 'સત્યાગ્રહ'નો અર્થ ઘણા ઓછા લોકો સમજી શકતા. ૧૯૦૯માં ગોખલેજીએ એની વ્યાખ્યા આપતાં કહેલું કે : 'સત્યાગ્રહ વસ્તુતઃ બચાવના સાધન તરીકે વાપરવામાં આવે છે. તે નૈતિક અને આધ્યાત્મિક શસ્ત્રો વડે લડે છે. સત્યાગ્રહી જાતે દુઃખ સહન કરીને જુલમનો સામનો કરે છે. તે પશુબળની સામે આત્મબળને મૂકે છે. તે મનુષ્યમાં રહેલી આસુરી સંપદની સામે તેનામાં રહેલી દૈવી સંપદને ખડી કરે છે. તે જુલમની સામે કષ્ટસહનનું બળ રજૂ કરે છે. તે શરીરબળની સામે અંતરાત્માને ઊભો કરે છે. તે અન્યાયનો સામનો શ્રદ્ધાથી, અસત્યનો સામનો સત્યથી કરે છે.'

ગાંધીજી કહેતા કે : 'સત્ય એ જ પરમેશ્વર છે. સત્યથી ભિન્ન કોઈ ઈશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું.' સત્યમય થવાનો અહિંસા એ જ એક માર્ગ છે. સહનશીલપ્રેમ એ અહિંસાને અભિપ્રેત છે. જેમનું હૃદય વિશુદ્ધ છે તેઓ જ ઈશ્વર તેમજ મનુષ્ય પ્રત્યે અનુરાગ રાખી શકે છે.

એક વિવેચન દરમિયાન ગાંધીજીએ કહ્યું હતું કે : 'હું અહિંસાનો પાઠ મારી પત્ની પાસેથી શીખ્યો. હું એને હંમેશાં મારી ઈચ્છા આગળ નમાવવા મથતો. એક તરફથી એ મારી ઈચ્છાનો નિશ્ચયપૂર્વક દઢપણે સામનો કરતી અને બીજી બાજુએથી હું મારી જડતાનો માર્યો એના ઉપર જે-જે કંઈ વિતાડું તે બધું શાંતિપૂર્વક બરદાસ્ત કરતી. એના આ શાંતિમય વિરોધે અંતે મારી આંખ ઉઘાડી, મને મારી શરમનું ભાન કરાવ્યું અને હું એના પર ધણીપણું ચલાવવા સારુ જન્મ્યો છું એ મૂર્ખાઈભર્યા મનોરોગમાંથી સાજો થઈ ઊગરી ગયો. આમ અંતે એ મારી અહિંસા શીખવનાર ગુરુ બની. મેં દક્ષિણ આફ્રિકામાં જે કંઈ કરી બતાવ્યું તે તો કસ્તૂરબાએ નામરજીપૂર્વક પણ પોતાની અંગત વર્તણૂકમાં જે કંઈ કરી બતાવેલું તેનો વિચારમાત્ર હતો.'

જગતના આદિકાળથી સ્ત્રી તો સત્યાગ્રહનું પાલન કરતી જ આવી છે. બાળકોનું જનન અને સાંગોપાન કરવામાં સ્ત્રીઓને સત્યાગ્રહના સિદ્ધાંતનો કેવળ પરિચય જ નથી થતો, તેમને એ સિદ્ધાંતનું ખરેખર આચરણ પણ કરવું પડે છે. જનેતા સ્વેચ્છાએ કષ્ટ સહન કરે ત્યારે જ બાળક જન્મ પામે છે અને બીજાને કાજે સર્વ પ્રકારનાં કષ્ટ ઉઠાવવાનો સ્વભાવ જે પ્રેમમાં છે તેવા પ્રેમ વડે જ માતા બાળકને ઉછેરી શકે છે.

ભારતીય લોકો શક્તિ કરતાં શીલને, ચતુરાઈ કરતાં ચારિત્ર્યને, સાધન કરતાં સત્ત્વને તેમજ વિચાર કરતાં આચારને વધારે નમે છે. કરોડો લોકો પર ગાંધીજીનો પ્રભાવ

પડ્યો તેનું કારણ તેમની પારદર્શક નિર્મળતા તેમજ તેમના જીવનમાં રહેલી મન, વચન અને કર્મની એકરૂપતા ગણી શકાય.

અહિંસક લડતના ઉત્કૃષ્ટ સાધન તરીકે ગાંધીજીએ 'અસહકાર'નો માર્ગ અપનાવ્યો. લડવાને માટે બે જણ જોઈએ, અને તમે જો એ બેમાંના એક થવાની ના પાડો તો કોઈ તમારી સાથે લડી ન શકે. જે માણસ પોતાના આત્માનો માલિક છે તેને ગુલામ બનાવવાની કોઈની તાકાત નથી. તેના શરીરને કષ્ટ આપવાથી તો તેની આત્મિક શક્તિ સોળે કળાએ ખીલી ઊઠે છે.

ગાંધીજી પ્રકાશના પુત્ર હતા. જીવનભર તેમણે અંધકારને ફેડવાનું અને અજ્ઞાન તથા વહેમ પર વિજય મેળવવાનું કાર્ય કર્યું. એ એમના ચારિત્ર્યની વિશેષતા છે. પોતાને જે સત્ય લાગતું તે તેઓ સૌને બતાવતા. પરંતુ જેઓ બીજે કોઈ માર્ગે પ્રકાશને પામવાનો પ્રયત્ન કરતા તેમનો તેઓ ત્યાગ નહોતા કરતા કે ન તો તેમની નિંદા કરતા. સત્યને પામવા માટે મનબુદ્ધિનાં બારણાં ખુલ્લાં રાખનાર મહાત્માના દેશમાં સાંપ્રદાયિક સંકુચિતતામાં રાચતા અલ્પાત્માઓને જોઈને ગરદન શરમથી ઝૂકી જાય છે. પોતાના વાડાને છોડીને કોઈ વ્યક્ત બિહારની હવા લેવાનો પ્રયત્ન કરે તો તેને વ્યભિચારી નિષ્ઠાનો ગણાવીને વગોવતા વામણા ધર્મગુરુઓએ મહાત્મા ગાંધીના જીવનમાંથી પ્રેરણા લેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કરોડો માણસો જેને પૂજતા હોય અને દેવરૂપ માનતા હોય તેને માટે જે અઘરામાં અઘરી વાત ગણાય તે ગાંધીજીએ કરી બતાવી છે. પોતાની ભૂલ કદી થાય જ નહીં એવો દાવો તેમણે કદી કર્યો નથી. ૧૯૧૯માં સવિનય કાનૂનભંગના નિર્ણય પછી ગાંધીજીને પંજાબમાં બનેલા બનાવો વિશે ખબર પડી. એ અણધાર્યા બનાવોથી તેમણે ઘણો જ આઘાત અનુભવ્યો, એટલું જ નહીં પરંતુ તેમણે કબૂલ કર્યું કે : 'મેં હિમાલય જેવડી ભૂલ કરી, જેને લીધે સાચા સત્યાગ્રહીઓ નહીં પણ બૂરી દાનતવાળા લોકોને રમખાણો કરવાની તક મળી ગઈ.'

પોતાની ભૂલને હિમાલય જેવડી મોટી ગણીને જાહેરમાં એનો એકરાર કરનાર મોહનદાસ ગાંધી, 'મહાત્મા ગાંધી' બની ગયા. આવી વિભૂતિઓ યુગેયુગે એકાદ-બે માંડ સાંપડે છે. બાકી તો પોતાની પહાડ જેવી ભૂલોને છાવરીને પણ પોતાની આભાસી મોટાઈને પોષતા પંગુ અલ્પાત્માઓથી જગત સદા પીડાતું રહે છે.

જગતની આ કરુણતા નિહાળીને જ કદાચ 'જલન માતરી'એ લખ્યું હશે કે :

*અસર ના ઝેરની શંકરને થઈ એ વાત જુદી છે,*
*હકીકતમાં તો પીવું પડ્યું'તું, સંજોગવશ થઈને !*

*દુઃખી થવાને માટે કોઈ ધરતી પર નહીં આવે,*
*હવે સદીઓ જશે ને કોઈ પયગમ્બર નહીં આવે !*

*હવે તો દોસ્તો ભેગા મળી વહેંચીને પી નાખો,*
*જગતનાં ઝેર પીવાને હવે શંકર નહીં આવે !*

જુઠ્ઠી પ્રતિષ્ઠાના નાદમાં રાચતા દાંભિક નેતાઓને પ્રશંસાના પુલ બાંધનારા પગારી પ્રશંસકો સાંપડી રહે છે. તેઓ સસ્તી પ્રસિદ્ધિના શોખીન એવા આ કહેવાતા મહાત્માઓને ભગવાનની કક્ષામાં મૂકી દે છે. ભૂલ તો માનવ કરે, ભગવાન થોડી જ કરે ? તેથી આ કહેવાતા ભગવાનો પોતાની ભૂલ કબૂલ કરવામાં પારાવાર સંકોચ અનુભવે છે અને પરિણામે જગતને એમની ભૂલની બહુ મોટી કિંમત ચૂકવવી પડે છે.

સંત વિનોબાએ તેથી જ કહ્યું હતું કે : 'કોઈપણ મહામાનવને ભગવાન ઠરાવો નહીં. એને દેવ ઠરાવવાથી એ માનવસમાજને ઉપયોગી રહેશે નહીં. અને દેવોને તો એની જરૂર જ નથી.' મહાત્માજીના જન્મદિને આનું ચિંતન કરનારો કોઈ પણ માનવ મહાત્મા બની શકે.

**શાશ્વત ગાંધીમાંથી સાભાર...**

# ડિજિટલ જગતની ભાષા - મંથન

**બાબુભાઈ સુથાર**

હાલમાં હું મૂળે કોરિયામાં જન્મેલા પણ જર્મનીમાં ભણેલા ચિન્તક Byung - Chulhanનાં પુસ્તકો વાંચું છું. અત્યાર સુધીમાં એમનાં બે એક પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ થયો છે. બીજાં બે ચાર પુસ્તકો બે એક મહિનામાં પ્રગટ થશે. યુરોપમાં સૌથી વધારે વંચાતાં ફિલસૂફોમાં Hanનો પણ સમાવેશ થાય છે. આમ તો એ સંસ્કૃતિ પર વધારે લખે છે પણ એના કેન્દ્રમાં ડિજિટલ સંસ્કૃતિ હોય છે. એમનાં in the swarm નામના પુસ્તકમાં No Respect નામનો એક સુંદર લેખ છે. એ વાંચ્યાપછી મને ફેસબુક પર લોકો કેમ વાતવાતમાં એકબીજાનું અપમાન કરવામાં શૂરા થઈ જતા હોય છે એ બરાબર સમજાયું છે. સમયના અભાવે આખા લેખનો ભાવાર્થ તો અહીં મૂકી શકાય એમ નથી. પણ એમાંની એક બે વાતો મિત્રોને કદાચ ગમશે. સૌ પહેલાં તો એ કહે છે માન સન્માનનાં સ્વરૂપો મહેર અથવા તો નાગરિક જીવનના પાયામાં પડેલાં હોય છે. જ્યારે એ સ્વરૂપો નબળાં પડે ત્યારે માનવું કે જાહેર જીવન અથવા તો નાગરિક જીવન નબળું પડી ગયું છે. આ વાત આજના ભારતને ખૂબ લાગુ પડે એવી છે. લોકો વાતવાતમાં ગમે તેના વિશે ગમે તેવું લખી શકે છે, બોલી શકે છે, અપમાન કરી શકે છે ને એ બાબતનું ગૌરવ પણ લઈ શકે છે. દરેક અપમાન શૂરાઓના પોતપોતાનાં જૂથ હોય છે. એ જૂથ પોતપોતાના માણસોને બીજાનું અપમાન કરવા માટે પાનો પણ ચડાવતો હોય છે. એ બતાવે છે કે આપણું નાગરિક જીવન તદ્દન ભાંગી પડ્યું છે. Han કહે છે કે સામેના માણસને માન આપવું હોય તો માન આપનાર અને સામેના માણસની વચ્ચે ચોક્કસ એવું અંતર હોવું જોઈએ અને એ અંતર જળવાવું પણ જોઈએ. એક જમાનામાં સામાજિક જીવનમાં આવું અંતર જળવાતું હતું. આપણામાંના ઘણાને આપણે બાળક હતા ત્યારે આપણાં માબાપે આપેલી એ સલાહ યાદ હશે કે બેટા, એ તો તારાથી મોટા છે, એમને તારે આવું ન કહેવું જોઈએ. આ 'નાના' અને 'મોટા' હકીકતમાં સામાજિક અંતર સૂચવે છે. Digital Communication માં આવું અંતર હોતું નથી. કેમ કે એમાં વ્યક્તિ માત્ર કાં તો સેન્ડર હોય છે, કાં તો રિસિવર. જેમ મા-બાપ આપણને અટકાવતા એમ ફેસબુકની ટેકનોલૉજી આપણને કોઈનું પણ અપમાન કરતા અટકાવતી નથી. એટલે જ તો ફેસબુક પર કે બીજા કોઈ પણ સામાજિક માધ્યમ પર વડાપ્રધાનનું પણ અપમાન કરી શકાય ને વિરોધ પક્ષના સભ્યનું પણ ને એ જ રીતે બાબુ સુથારનું પણ તે પારઘીનું પણ. Han ફ્રેંચ ફિલસૂફ આર્યની વાત કરતાં કહે છે કે એમણે ખાનગી જીવનની વાત કરતાં કહેલું કે ખાનગી જીવનમાં હું ઈમેજ નથી હોતો. હું એક પદાર્થ હોઉં છું. પણ ડિજિટલ વિશ્વમાં આપણે બધા ઈમેજ જ હોઈએ છીએ. એમ હોવાથી આ જગતમાં અંગત જેવું કશું હોતું જ નથી. બધું જ જાહેર હોય છે. પણ કેટલુંક તાળું મારીને મૂકી રાખેલું. હેકર્સ એને ચોરી શકે, એને વાંચી શકે. Han કહે છે કે વિવાદો અનેક કારણોથી ઊભા થતા હોય છે. પણ જે સંસ્કૃતિમાં માન સન્માન ઓછું હોય અને તોછડાઈ પ્રવર્તતી હોય એ સમાજમાં વાતવાતમાં વિવાદો ઊભા થતા હોય છે. આવા વિવાદો ભૌતિક અવકાશ કરતાં ડિજિટલ અવકાશમાં વધારે થતા હોય છે. એ એમ પણ કહે છે કે માન સન્માન નામ સાથે જોડાયેલા હોય છે. કોનું કેવું નામ છે એના આધારે માન સન્માન અપાતાં અને લેવાતાં હોય છે. ડિજિટલ જગતમાં અનામી પણ રહી શકાય ને બેનામી પણ રહી શકાય. એ સગવડ આપણને તોછડા બનવાનો પરવાનો આપતી હોય છે. એ કહે છે કે ડિજિટલ જગતમાં સેન્ડર અને રિસિવર એક જ સ્તર પર જીવતા હોય છે. જ્યારે ઉચ્ચવચના ન હોય ત્યારે માન સન્માન અપવાની જરૂર ઊભી થતી જ નથી. જ્યારે આવું થાય ત્યારે Han કહે છે એમ વિવાદો વકરે ત્યારે અપમાનની ભાષા રાજ કરવા લાગે.

# મધર્સ ડે

**ઈન્ટરનેટ પરથી...**

એક આંતરરાષ્ટ્રીય શાળામાં મઘમઘતા બગીચામાં માળી છોડવાઓને પાણી પાઈ રહ્યો હતો. ગરમી અને ધૂળની માળી પર કોઈ અસર દેખાઈ રહી ન હતી.

'ગંગાદાસ, આચાર્યાબહેન અત્યારે જ તમને યાદ કરી રહ્યા છે, સેવકભાઈનો અવાજ માળીએ સાંભળ્યો. સંદેશો સાંભળીને માળીને લાગ્યું કે કોઈ 'અનિવાર્યતા' ઊભી થયેલી હોવી જોઈએ. પણ શું હશે ? તેવા અનેક તર્ક-વિતર્ક ગંગાદાસના મનમાં ઊભા થયા. તે તરત જ ઊભો થયો, હાથ ધોયાં અને આચાર્યાબહેનની ઑફિસ તરફ ચાલવા લાગ્યો. બગીચા અને ઑફિસનું અંતર તેને ખૂબ લાગ્યું. તેના શ્વાસોચ્છવાસની ગતિ વધી ગઈ. તે વિચારવા લાગ્યો કે હું તો મારું કામ ખૂબ ચોકસાઈથી અને ખંતપૂર્વક કરું છું. તો શું ભૂલ થઈ હશે મારાથી કે આમ મને 'તાત્કાલિક' બોલાવ્યો ?

ગંગાદાસ શાળાનો એક પ્રામાણિક, મહેનતું કર્મચારી હતો. અને ક્યારેય પોતાના કામ માટે દિલચોરી કરતો ન હતો.

ગંગાદાસે ઑફિસનું બારણું ખખડાવ્યું અને પૂછ્યું, બેન તમે મને યાદ કર્યો ? 'અંદર આવો.' — એક સત્તાવાહી કડક અવાજ આવ્યો. કડક સાડી પહેરેલ, ટૂંકા વાળવાળા, ચશ્મા નાકની દાંડી પર નીચે રાખી ગંગાદાસ તરફ નજર નાંખી બેને ટેબલ પર પડેલો કાગળનો ટુકડો ઉપાડીને વાંચવા માટે જણાવ્યું.

પણ બેન, "હું તો અભણ માણસ છું." હું અંગ્રેજી વાંચી શકતો નથી. બેન, મને માફ કરી દો, જો મારાથી કોઈ ભૂલ થઈ હોય તો. મને બીજો મોકો આપો. મારી દીકરીને તમે આટલી મોટી શાળામાં વિના મૂલ્યે ભણવાનો મોકો આપ્યો છે, તે બદલ હું હંમેશાં આપનો ઋણી રહીશ. મેં ક્યારેય સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું કે મારી દીકરીને આટલી મોટી શાળામાં ભણવાનું મળશે. આટલું કહેતાં, કહેતાં તેનો કંઠ ભરાઈ આવ્યો.

ભાઈ, ઊભા રહો તમે તો ઘણી બધી ધારણાઓ બાંધી લીધી છે. અમે તમારી દીકરીને શાળામાં પ્રવેશ આપ્યો છે કેમ તે તેજસ્વી વિદ્યાર્થિની છે અને તમે અમારી શાળાના પ્રમાણિક કર્મચારી છો. થોભો. હું તેણીના શિક્ષકને બોલાવું છું, તે તમને આ કાગળમાં લખેલ વિચારોનું ભાષાંતર કરીને સંભળાવશે, જે તમારી દીકરી એ લખેલ છે. શિક્ષક આવ્યા અને તેમણે અંગ્રેજીનું હિન્દીમાં ભાષાંતર કરીને વાંચવાનું શરૂ કર્યું.

આજે આપણને 'મધર્સ ડે' વિશે લખવાનું કહેવામાં આવ્યું છે.

હું બિહારના એક નાનકડા ગામમાંથી આવું છું. એવું ગામ જ્યાં આરોગ્યલક્ષી અને શિક્ષણલક્ષી સુવિધાઓનો સદંતર અભાવ છે. ઘણી સ્ત્રીઓ બાળકોને જન્મ આપતી વખતે પહેલા પણ મૃત્યુને ભેટતી હતી અને આજે પણ મૃત્યુને ભેટે છે. મારી માતા તેમાંની એક હતી. તેણી મને પોતાના હાથમાં પણ લઈ શકી ન હતી. મારા પિતા પ્રથમ વ્યક્તિ હતા જેમણે મને પોતાના હાથોમાં ઊંચકી હતી. અને કદાચ તે એક જ વ્યક્તિ છે. દરેક જણ કહેતાં હતાં. હું છોકરી છું માટે મેં મારી માતાનો જીવ લીધો. મારા પિતા પર ફરીથી લગ્ન કરવા માટે દબાણ કરવામાં આવ્યું પરંતુ તેમણે મારા ભવિષ્ય ખાતર તે વાત સ્વીકારી નહિ. મારા દાદા-દાદીએ તાર્કિક રીતે, બિનતાર્કિક રીતે, લાગણીવશ બધા જ કારણો આગળ ધરીને મારા પિતાના નિર્ણયને બદલવા માટે પ્રયત્નો કર્યા. પરંતુ મારા પિતા ડગ્યા નહિ. મારા દાદા-દાદી પૌત્ર ઈચ્છતા હતા માટે તેમણે ફરીથી લગ્ન નહિ કરે તો મારા પિતાને સંપત્તિ મળશે નહિ તેવી ધમકીઓ આપવા લાગ્યા.

મારા પિતાએ તે જ ક્ષણે તે ગામ, ઘર, સંપત્તિ, બળદો બધું જ જે આરામદાયક હતું તે છોડી દીધું. અને મને લઈને આ મોટા શહેરમાં આવી ગયા ત્યારે તેમના હાથોમાં ફક્ત 'હું' જ હતી. બીજું કશું નહિ. જિંદગી મુશ્કેલ હતી. તેઓ રાત-દિવસ સખત મહેનત કરતા હતા. મને પુષ્કળ પ્રેમ આપતા હતા અને કાળજી રાખતા હતાં. હવે, મને સમજણ પડે છે કે તેઓ પોતાની થાળીમાં રાખેલા ભોજન પ્રત્યે શા માટે અરૂચિ બતાવતા હતા, અને મને કહેતા હતા, 'મને આ ભોજન ભાવતું નથી માટે તું આ ભોજનને પૂરૂં કર.' હવે મને તેમણે આપેલ દરેક બલિદાનનો ખ્યાલ આવી રહ્યો છે. તેમણે મને પોતાની તાકાત કરતાં વધુ સારામાં સારી સગવડો આપી છે. આ શાળાએ તેમને આશરો, માન અને સૌથી વધુ મોટી ભેટ તેમની દીકરીને શાળામાં પ્રવેશ આપ્યો તે છે. જો 'પ્રેમ અને કાળજી' નો પર્યાય 'માતૃત્વ' થતો હોય તો મારા પિતા માટે તે યથાયોગ્ય છે. મારા 'પિતા' જ મારી માતા છે. જો માયાળું નો મતલબ 'માતા' હોય તો મારા પિતા તેમાં બંધબેસે છે. જો 'ત્યાગ' નો પર્યાય 'માતા' હોય તો મારા પિતા ત્યાગમૂર્તિ છે. જો માતા પ્રેમ, હૂંફ, બલિદાન દયાની મૂર્તિ હોય તો "મારા પિતા આખી પૃથ્વી પરના સૌથી શ્રેષ્ઠ માતા છે."

આ 'મધર્સ ડે' ઉપર હું કહેવા માંગું છું, કે મારા પિતા ઉત્તમ વાલી છે. હું તેમને 'પ્રણામ' કરું છું અને મને ગર્વ છે કે, મારા પિતા મારી શાળાના એક પ્રામાણિક માળી છે. હું જાણું છું કે કદાચ હું આ નિબંધમાં નાપાસ થઈશ. પણ મારા પિતાના નિઃસ્વાર્થ પ્રેમ આગળ મારું 'નાપાસ' થવું એક નાનકડી કિંમત છે.

આખી ઑફિસમાં સન્નાટો છવાઈ ગયો હતો. ફક્ત ગંગાદાસનું ડૂસકું સંભળાઈ રહ્યું હતું. સૂર્યની ગરમીથી તેના કપડાં નહોતા ભીંજાયા પરંતુ પોતાની દીકરીના લાગણીભર્યા શબ્દોથી તે પોતાના રૂદનને ખાળી શક્યો ન હતો, તેના રૂદનથી તેનું બાંડિયું ભીંજાઈ ગયું હતું. તે હજુ ત્યાં જ હાથ જોડીને ઊભો હતો. તેણે શિક્ષકના હાથમાંથી તે કાગળ લીધો અને છાતીસરસો ચાંપ્યો અને ડૂંસકાં ભરવા લાગ્યો. બેન ઊભા થયાં, અને આશ્ચર્ય સાથે તેમના કઠોર અવાજમાં કોમળતા અને મૃદુતા આવી અને બોલ્યા, 'ગંગાદાસ, તમારી દીકરીએ આ નિબંધમાં ૧૦ માંથી ૧૦ ગુણ મેળવ્યા છે. આ શાળાના ઈતિહાસમાં લખાયેલો આજ દિન સુધીનો ભવ્ય કાર્યક્રમ કરવા જઈ રહ્યા છીએ, ત્યારે આખી શાળાના સંચાલક મંડળે તમને આ કાર્યક્રમમાં 'મુખ્ય મહેમાન' તરીકે પધારવાનું આમંત્રણ પાઠવ્યું છે.

આ એવી વ્યક્તિના પ્રેમનું સન્માન હતું. જેણે પોતાના સંતાનને ઉછેરવા માટે પોતાના જીવનના સુખોનું બલિદાન આપ્યું હતું. અને માતા તરીકે એક 'સ્ત્રી' ન હોવા છતાં ઉત્તમ વાલી સાબિત થયા હતા. સૌથી વધુ મહત્ત્વની બાબત એ હતી કે તે પોતાની દીકરીમાં પોતાના માટે એક ગૌરવની લાગણી સ્થાપિત કરવામાં સફળ રહ્યા હતા. તે જ રીતે શાળાને પણ ગૌરવવંતી બનાવી. જે રીતે તમારી દીકરીએ તેના શબ્દોમાં વર્ણવ્યું છે, તેવા પૃથ્વી પરના ઉત્તમ વાલી શાળાએ મેળવ્યા છે. તમે એક સાચા માળી છો, જેણે પોતાના જીવનમાં કિંમતી ફૂલોનું ફક્ત વાવેતર નથી કર્યું પરંતુ ઉત્તમ સિંચન કર્યું છે.

"તો ગંગાદાસ, તમે અમારા કાર્યક્રમમાં 'મુખ્ય મહેમાન' બનશો ને ?"

---

**ઊકળતા પાણીમાં પ્રતિબિંબ ન દેખાય તેમ**
**ક્રોધી માણસ પોતાનું હિત શામાં છે તે જોઈ શકતો નથી.**

---

# જે મારતું તે પોષતું

**શ્રી મહેશભાઈ દવે**

આપણી વચ્ચે ચોર-લૂંટારા ન રહી શકે તે માટે આપણાં ગામોમાં ધાર્મિક, પવિત્ર વાતાવરણ પેદા કરવું જોઈએ. એ લોકોને આપણે સારા રસ્તે ચડાવવા જોઈએ. આ શબ્દો ગાંધીજીના નથી, વલ્લભભાઈના છે. હૈડિયા-વેરા સામે લડતની વિજયસભામાં વલ્લભભાઈના આ શબ્દો હતા. વળી એમણે બહારવટિયાઓને ઉદ્દેશીને કહ્યું, "બાબર દેવાને... કહેજો કે તારું બહારવટું એ બહારવટું નથી. બંદૂકડી લઈને ભાગતા ફરવું અને નિર્દોષને લૂંટવા અને મારવા એમાં બહારવટું નથી. સાચા બહારવટિયાને હથિયારની જરૂર ન હોય.. બહારવટું તો ગાંધીજીનું છે. જે માણસ નિઃશસ્ત્રને સતાવે, લોકોને લૂંટે અને ખૂન કરે તે માણસ તો કોમને કલંકરૂપ છે...."

"તું ગોળીથી મરીશ. ફાંસીએ ચડીને મરીશ, ઠોકર ખાઈને મરીશ.... મરવાનો તો જરૂર છે....' એના કરતાં પોલીસ પાસે જઈ, ગુનાની કબૂલાત કરી પશ્ચાતાપ કર કે જેથી પાપ ઓછું ઠેલાય."

આ વાત (અને આ ભાષામાં) ચાલીશ વર્ષ પછી વિનોબા ભાવેએ ચંબલના ડાકુઓને કરી હતી. રચનાત્મક વિચાર-આચારમાં વલ્લભભાઈ એમના સમય કરતાં આટલા બધા આગળ હતા. લડતના સેનાની અને સેનાપતિ તરીકે વલ્લભભાઈ જાણીતા છે. પણ તેમનું વિધાયક પાસું ઓછું જાણીતું છે. તેમનાં રચનાત્મક કામોને ઓછી પ્રસિદ્ધિ મળી છે. આચાર અને વિચારમાં વલ્લભભાઈ હાડોહાડ સર્જનના માણસ હતા. વિસર્જન કરતા તેય સર્જન માટે. તે શાંતિ માટે મથતા. પણ શાંતિ માટે યુદ્ધ છેડવું પડે તો યુદ્ધથી ડરતા નહિ, પાછા પડતા નહિ. પણ તેમની યુદ્ધની ભૂમિકા ઊપસી આવી છે અને તેમના રચનાત્મક કામની નોંધ ઓછી લેવાઈ છે. ખેડા સત્યાગ્રહ, નાગપુર ઝંડા સત્યાગ્રહ અને હૈડિયા-વેરા સામેની લડતના પગલે-પગલે જ ગુજરાતમાં ભારે જળ-રેલ સંકટ આવી પડ્યું. તે આફતમાં વલ્લભભાઈનો રચનાત્મક અભિગમ પૂર્ણ કળાએ મહોરી ઊઠ્યો. 'જે પોષતું તે મારતું' એ જાણીતી ઉક્તિ છે. પણ પોતે લડી પણ જાણે છે અને ઘડી પણ જાણે છે, એ બતાવી 'જે મારતું તે પોષતું' એ પણ વલ્લભભાઈએ સાબિત કરી બતાવ્યુ.

૨૩ જુલાઈ ૧૯૨૭, શનિવારની સાંજ. આકાશ કાળાં ડિબાંગ વાદળોથી ઘેરાયેલું હતું. અંધારું વહેલું ઊતરી આવ્યું. દુકાનો, કચેરીઓ બંધ થઈ ગયાં હતાં. વદ અગિયારસની અંધારી મેઘલી રાત જામી હતી. ધીમોધીમો વરસાદ શરૂ થયો. થોડી જ વારમાં ભયંકર ગાજવીજ સાથે ભારે મુશળધાર વરસાદ તૂટી પડ્યો. કોરાધાકોર રહેવા ટેવાયેલા અમદાવાદે ઘણાં વરસે ભારે વર્ષાનો અનુભવ કર્યો. અમદાવાદમાં સરેરાશ વરસાદ પચીસથી ત્રીસ ઈંચનો. એકાદ મોટું ઝાપટું પડે ત્યાં તો શાળા-કૉલેજોમાં રજા પડી જાય ! અમદાવાદના લોકો અતિથિને લાંબું રાખે નહિ. એક બે દિવસ તો હદ થઈ ગઈ. પણ આ વખતે શનિવારે રાતે શરૂ થયેલો વરસાદ રવિવારે પણ રહી પડ્યો. અમદાવાદીઓને ચિંતા થઈ પડી.

પણ સૌથી વધુ ચિંતા હતી મ્યુનિસિપાલિટીના પ્રમુખને. મ્યુનિસિપલ પ્રમુખ વલ્લભભાઈ ઘરમાં બેઠાં બેઠાં વરસાદના રૌદ્ર રૂપને નિહાળી રહ્યા હતા. સૂસવાટા મારતા જોરદાર પવન સાથે વરસાદ એકધારો પડી રહ્યો હતો. વલ્લભભાઈને જાણે કંઈક આંતરસ્ફુરણાથી જ લાગ્યું : આ વરસાદ અટકવાનો નથી. પૂર આવી ગયા પછી (હેલિકોપ્ટરમાં બેસી) 'લોકોની સ્થિતિ' જોવા નીકળે એવા આ નેતા નહોતા. એ તો નીકળી પડ્યા વરસતા વરસાદમાં, પગપાળા. મિત્ર હરિલાલ કાપડિયાને ઉઠાડ્યા, સાથે લીધા. શહેરના મોટા રસ્તાઓ

પર ફર્યા, નાની-નાની પોળો જોઈ, ગલી-કૂંચી તપાસી. આવનારા મહા જળ રેલ-સંકટનો અગમ અણસાર વલ્લભભાઈને આવી ગયો. વરસતે વરસાદે, ભીને કપડે વલ્લભભાઈ પહોંચ્યા મ્યુનિસિપલ ઈજનેરના ઘરે. બારણાં ખખડાવ્યાં. તેમને લઈને પહોંચ્યા મ્યુનિસિપલ કચેરીએ. મધરાત થઈ હતી. વલ્લભભાઈએ ઑફિસ ખોલાવી. પરિસ્થિતિ સ્પષ્ટ હતી. પાણીનો રાતોરાત નિકાલ ન થાય તો શહેરનું આવી બને. વલ્લભભાઈએ પાણીના નિકાલ સાથે સંકળાયેલ સ્ટાફને બોલાવ્યો. સવાર પહેલાં નીચાણવાળા ભાગમાંથી પાણી કાઢવા માટેની ટુકડી તૈયાર હતી.

એક જ રાતમાં છ હજાર ઘર ધરાશાયી થયાં હતાં. વરસાદ આખું અઠવાડિયું ચાલુ રહ્યો. છ દિવસમાં બાવન ઈંચ વરસાદ થયો. પચાસ વર્ષનો રેકર્ડ તૂટ્યો. પણ વલ્લભભાઈએ એવું સાબદું અને સાબૂત તંત્ર ગોઠવી દીધું કે અમદાવાદ શહેર ઝાઝા નુકસાનમાંથી ઊગરી ગયું. ઘરબાર અને ઘરવખરી વિનાના લોકોને તાત્કાલિક રાહત પહોંચાડી.

વલ્લભભાઈ અને મ્યુનિસિપલ ઈજનેર શ્રી ગોર દિન-રાત પલળેલાં કપડે ફરતા રહ્યા. મજૂરો અને મુકાદમોએ પણ રાત-દિવસ કામ કર્યું. પાણીના નિકાલ માટે યુદ્ધનાં ધોરણે આયોજન કરી, અમલ કર્યો. ક્યાં-ક્યાં નાળાં, સડકો તોડાવી પાણી માટે માર્ગ કરવો, પાણીના નિકાલને રોકતા કાટમાળને ઉપાડવો વગેરે તંત્ર ગોઠવ્યું. આમ ન થયું હોત તો અમદાવાદની ભારે દુર્દશા થાત. પણ વલ્લભભાઈએ શહેરને ઉગારી લીધું.

શહેર કરતાંય ગુજરાતના સમગ્ર ગ્રામવિસ્તારની દશા વધારે ખરાબ હતી. સિદ્ધપુર, પાટણ, ભાલુસણા અને સતલાસણા ગામોની આસપાસ પાણી ફરી વળ્યાં હતાં. ઝીંઝુવાડાથી છેક પાલનપુર સુધી અસર થઈ હતી. કાઠિયાવાડમાં વઢવાણ, ધ્રાંગધ્રા, મૂળી, સાયલા અને ચૂડા સુધીનો પ્રદેશ તારાજ થયો હતો. ખેડા અને વડોદરાની આસપાસ તો પૂરો જલપ્રલય હતો.

ખેડા જિલ્લાની દશા સૌથી ખરાબ હતી. ત્યાં તો સો ઈંચ વરસાદ થયો હતો. નાનીમોટી બધી નદીઓમાં પૂર ઊમટ્યાં હતાં. પૂરનાં પાણી કેટલાંય ગામો પર ફરી વળ્યાં હતાં. રેલ્વેવ્યવહાર ઠપ હતો. ટપાલનું કામકાજ ખોરવાયું હતું. તાર અને વીજળીના થાંભલા તૂટી પડ્યા હતા. વાયર કપાઈ ગયા હતા. ચાર હજાર જેટલાં ગામડાં સાથેનો સંબંધ તૂટી ગયો હતો. માઈલોના માઈલો સુધી ફળદ્રુપ જમીન પાણીમાં ડૂબી ગઈ હતી. ક્યાંક રેતની થર જામ્યા હતા. ખેડા ગામ તો ચારે બાજુ પાણીથી ઘેરાયેલા ટાપુ જેવું બની રહ્યું હતું. ઘર-બાર, ઢોર-ઢાંખર, માલ-મત્તા તણાઈ ગયાં હતાં. બોંતેર હજાર ઘરો તૂટી પડ્યાં હતાં. બીજાં એટલાં જ મકાનોમાં ટેકા-ટાભા મૂકવાની જરૂર હતી.

નીચાળવાળા પ્રદેશમાં આખાં ને આખાં ગામ ડૂબમાં આવી ગયાં હતાં. પાણી ચડતાં ગયાં તેમ લોકો ઘરબાર ને છાપરાં છોડી ઝાડ પર ચડી આશરો લેવા માંડ્યાં. તે એક જ આશ્રય હતો. પાંચ-પાંચ દિવસ ખાધા-પીધા વગર લોકો બાળ-બચ્ચાં સાથે વૃક્ષો પર વળગી રહ્યાં. દરમાં પાણી ભરાઈ જતાં સાપ જેવાં જીવ-જાનવર પણ રેલામાં તણાયાં હતાં. તે પણ વૃક્ષોની ઊંચી ડાળીએ વીંટળાઈ વળ્યાં હતાં. ઢાઢર નદીના કાંઠે ગામમાં વસતાં સાત ભીલ કુટુંબો છાપરાં છોડી વૃક્ષે વળગ્યાં હતાં. નોધારી હાલતમાં એકસઠ માણસો ચાર ચાર દિવસ ભૂખ્યાં-તરસ્યાં ઝાડને બાઝી રહ્યાં. પાંચમે દિવસે તેમાંનાં બાળકો અને બુઢ્ઢાં પાકેલા ફળની જેમ ટપોટપ ખરી પડ્યાં. કુલ એકત્રીસ જીવ અશક્ત થઈ આ રીતે નીચ પડ્યાં, જળમાં ગરક થઈ ગયા, આન્તર્જલિ યાત્રામાં તણાઈ મૂઆ.

છાતીનાં પાટિયાં બેસી જાય તેવી હોનારત હતી. સરકારી તંત્ર મંથર ગતિએ ચાલતું હતું. પણ વજ્ર જેવી છાતીવાળા વલ્લભભાઈમાં હામ હતી, કુનેહ હતી, સૂઝ હતી. અમદાવાદની સ્થિતિ સંભાળી ગુજરાતના

રાહતકાર્યમાં તેમણે ઝંપલાવ્યું. અનુકૂળ જગાઓએ મથકો સ્થાપ્યાં. ખૂણેખૂણાના ભોમિયા એવા કાર્યકર્તાઓ ભેગા કર્યા. તે બધા સ્વયંસેવકો તરીકે જોડાયા. લક્ષ્મીદાસ આશર, અમૃતલાલ ઠક્કર, નરહરિ પરીખ, મગનલાલ ગાંધી, ડૉ. ચંદુલાલ કિશોરલાલ મશરૂવાળા જેવા અગ્રણીઓએ મથકો સંભાળ્યાં. વરસાદ બંધ થયો તેના ચાર જ દિવસમાં કેડે તૂંબડાં બાંધી, કેડસમાણાં પાણી ખૂંદી સ્વયંસેવકો ફરી વળ્યા. કંઈ કેટલાંય ફસાઈ પડેલાંને ઉગાર્યા. અનાજ, કાપડની મદદ પહોંચાડી. બે મહિનામાં એક લાખ છયાસી હજાર નવસો રૂપિયાનાં રાહતકામ કર્યાં. એંસી હજાર મણ બિયારણ ખોટ ખાઈને ખેડૂતોમાં વહેંચ્યું. બળદો ખરીદવા લોનો આપી. સસ્તા અનાજની દુકાનો ખોલી. દાન આપવા-લેવાને બદલે વલ્લભભાઈએ સૌ પોતપોતાનો બોજો ઉપાડી પગભર બને તે પર ભાર મૂક્યો.

પ્રાંતિક કૉંગ્રેસ કમિટીએ આયોજન કર્યું. તેમાં વિઠ્ઠલભાઈ પણ સ્વયંસેવક તરીકે જોડાયેલા. નડિયાદમાં રાહતકામના કાર્યકરોનું સંમેલન મળ્યુ઼. પુરુષોત્તમદાસ ત્રિકમદાસે આયોજન માટેનો નક્શો મૂક્યો. રૂપિયા એક કરોડ અને ત્રીસ લાખનો ખર્ચ અંદાજાયો. વલ્લભભાઈના કામની કદર થઈ. સરકારે તેમને પૂના બોલાવ્યા. એક કરોડ ત્રીસ લાખ રૂપિયાની લોન મંજૂર કરી. ગુજરાતમાં ઓગણીસ વર્ષ સુધી કામ કરી ચૂકેલા બ્રિટિશ આઈ.સી.એસ. અધિકારી શ્રી ગેરેટને સરકારે ખાસ મામલતદાર તરીકે મૂક્યા. તેમણે પણ વલ્લભભાઈ સાથે સહકારથી કામ કર્યું. વલ્લભભાઈથી તે બહુ પ્રભાવિત થયા. કાર્યકરો, સ્વયંસેવકો વલ્લભભાઈને માન અને ઈલકાબો આપવા આતુર હતા. પણ વલ્લભભાઈએ દરખાસ્તને હસી કાઢી : 'અમારે માટે સેવા મુખ્ય છે. માન-ચાંદ ગૌણ છે.'

ગાંધીજી આ સમયે બીમાર હતા. નંદી દુર્ગમાં આરામ લેતા હતા. તેઓ ગુજરાત આવવા ઉત્સુક હતા. પણ વલ્લભભાઈએ એમને સધિયારો આપ્યો : 'તમારું કામ અમે કરીએ જ છીએ.' ગવર્નર અને વાઈસરૉયે પણ વલ્લભભાઈની સમયસૂચકતા, બાહોશી અને વ્યવસ્થાશક્તિની ભારે તારીફ કરી. ગાંધીજીએ નવજીવનમાં લખ્યું :

'મહાપ્રલયો પછી તો નવી જ સૃષ્ટિ રચાય છે.'

'પણ આ કામ એક હાથે ન થાય. તેમાં સમાજનાં અગ્રગણ્ય અને ડાહ્યાં સ્ત્રી પુરુષોની સલાહ અને પ્રવૃત્તિ હોય. એમાં તો રાજ્યસત્તાનો પણ શુદ્ધ સહકાર જોઈએ.'

'મારી પ્રાર્થના વલ્લભભાઈ અને એવા પ્રકારની ટુકડીઓને ઉદ્દેશીને છે.'

આ વખતે થયેલું રાહતકામ વ્યવસ્થિત અને વિશાળ પાયા પરનું હતું. રાહતકાર્યની એક નવી પ્રણાલી વલ્લભભાઈએ શરૂ કરી. રચનાત્મક કામનો વલ્લભભાઈએ નવો ચીલો પાડ્યો. બિહારના વિકરાળ ભૂકંપ વખતે આ અનુભવ કામ લાગ્યો.

**(બરફમાં જ્વાળામુખી : સરદારની જીવનકથામાંથી સાભાર...)**

## ખુલ્લો પત્ર

દેશના રાજકીય પક્ષો અવરોધી રહ્યા છે.

વિજ્ઞાની આઈનસ્ટાઈને સાચું જ કહ્યું છે કે એક હજાર વર્ષ પહેલાં અને હવે પછી એક હજાર વર્ષે આવો માણસ થવો મુશ્કલ છે.

દાદા ધર્માધિકારીએ કહ્યું હતું કે ભારત દેશની ઋષિ પરંપરામાં સર્વ ઋષિઓના વિચારને આચરણમાં મૂકનાર ગાંધી છેલ્લા ઋષિ કહેવાય. અને હવે પછી નવા ભારતની જે રચના થઈ રહી છે તેના પહેલા ઋષિ વિનોબા ભાવે. વિનોબાજીએ કહ્યું, દેશના દરેક કુટુંબ પાસે ખેતીની જમીન હોવી જોઈએ. અને દરેક વ્યક્તિ રાષ્ટ્રીય સેવામાં સામેલ હોવો જોઈએ.

'સબ ભૂમિ ગોપાલકી, સબ સંપતિ રઘુરાય કી'.

**સર્વોદય પ્રેસ સર્વિસ બુલેટિનમાંથી સાભાર...**

# ખુલ્લો પત્ર

**બદરીભાઈ જોશી (તણછા)**

હું ખેડૂત છું. મારી ખેતી કરું છું અને સાથે ગાંધી વિચારસરણી મુજબ એટલે કે, ગાંધીના સ્વપ્નનું ભારત સાકાર થાય તે મુજબના પ્રશિક્ષણમાં કાર્યરત છું. કોઈપણ સત્તાલક્ષી રાજકીય પક્ષનો સભ્ય નથી. શોષણ અને શાસનવિહીન સમાજરચનાનો હિમાયતી છું. 'અમારા ગામમાં અમારું રાજ', 'અમારા દેશમાં અમારી સરકાર' એટલે કૃષિપ્રધાન દેશમાં ખેડૂતોની સરકાર.

ભાજપ અધ્યક્ષ માનનીય અમિત શાહની વાત, ગાંધીજી વાણિયા હતા અને તેઓએ કૉંગ્રેસને વિખેરી નાખવાની વાત કરી હતી. કૉંગ્રેસ તો માત્ર આઝાદી મેળવવાનું સાધન હતું.

દેશને ગુલામીમાંથી મુક્ત કરવા થયેલા તમામ આંદોલનો બાદ અને દેશની વસ્તીના ૩૩ કરોડ લોકો કૉંગ્રેસ એટલે કે ભારતની મહાસભાનું સ્વરૂપ હતું. અને વિખેરી નાખવાની વાત ગાંધીએ કહી એ એમનો પોતાનો અંગત મત - સિદ્ધાંત કે આદેશ ના કહેવાય. આઝાદી પ્રાપ્તિ સમય પહેલાં ગાંધીએ તો કૉંગ્રેસ છોડી દીધી હતી. એનો અર્થ એ નથી કે ગાંધી કૉંગ્રેસ સાથે ન હતા. કૉંગ્રેસ સાધન નહીં પણ એક વિચાર છે. કૉંગ્રેસનું ઘડતર ગાંધીએ કર્યું. ભારત દેશની એકતા, અખંડિતતા અને અંગ્રેજોએ ગામ અને ગૃહઉદ્યોગને બેહાલ કર્યા તેને આઝાદીની લડત સાથે પુનઃજીવન આપ્યું. ગામડાંનું સ્વાવલંબન અને ગ્રામસ્વરાજની વિચારધારા મૂકી. તે સાથે દેશને વ્યસનમુક્ત કરવા માટે દારૂબંધીનું આંદોલન ચલાવ્યું. એમણે તો કહ્યું કે મને સિક્કો ઉપર ઉછાળું અને નીચે પડે તે સમય જેટલી સત્તા મળે તો આ દેશમાં દારૂબંધી અને વ્યસનમુક્તિનો કાયદો લાવું.

કાનમનો કપાસ લંડનમાં જતો, ત્યાં કાપડ બનતું અને એ કાપડ ભારતમાં લાવી લોકોને અપાતું તે સામે ગાંધીએ અંગ્રેજોના કાપડ બજારને તોડવા માટે તકલી અને રેંટિયો દરેક ગામડામાં પહોંચાડ્યો અને કાપડનું સ્વાવલંબન પ્રાપ્ત કર્યું. કહેવાય છે કે તકલીના તાંતણે આઝાદી મેળવી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીને દેશવટો આપવા માટે ૮૯ વર્ષ લડત ચાલી. આજે તો સત્તાલક્ષી પક્ષો સેંકડોની સંખ્યામાં વિદેશી કંપનીઓને આ દેશમાં બોલાવી રહ્યા છે. સાથે મહાકાય પ્રદૂષણ ફેલાવનાર ઉદ્યોગોને જમીન આપી રહ્યા છે. ગૌચરો આપી રહ્યા છે. આ દેશ કૃષિપ્રધાન છે. એ દેશમાં લાખો ખેડૂતોએ દેવાના કારણે અને ઉત્પાદનના પોષણક્ષમ ભાવો નહીં મળવાના કારણે આપઘાત કર્યા છે. એ આપઘાતની પરંપરા આજે પણ ચાલુ જ છે.

દુનિયામાં જેટલા ધર્મો છે તે દરેક ધર્મના લોકો હળીમળીને ભારતમાં રહે છે. ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. અત્યારે તો બિનસાંપ્રદાયિક દેશના બંધારણના સોગંદ ખાઈને સત્તામાં બેઠેલા લોકો દેશને હિંદુ સાંપ્રદાયિક દેશ બનાવવા પેંતરા રચી રહ્યા છે. તે સામે દેશના નાગરિકોએ સજાગ થવાની જરૂર છે. જ્ઞાતિજાતિના વાડા છોડી માનવીના નાતે સૌ સરખા છીએ. આપણું લક્ષ તો વિશ્વકુટુંબનું છે.

ભાજપ અધ્યક્ષશ્રીને ખબર હોવી જોઈએ કે ૧૯૪૭ની આઝાદી પહેલાં તમામ લોકો કૉંગ્રેસી હતા. અને જે કૉંગ્રેસી ન હતા તે અંગ્રેજોના સમર્થક હતા.

શાંતિનો વિકલ્પ યુદ્ધ નથી. એ કૃષ્ણની વાતને સત્ય, અહિંસા અને પ્રેમ આધારિત મૂલ્યો સાથે વણી લઈ દેશને આઝાદી અપાવનાર પ્રથમ શાંતિ સેવક ગાંધી હતા. ગાંધી પોતાના અંતરાત્માની સાક્ષીએ નિર્ણય લેતા. એમણે કહ્યું 'સત્ય એ જ પરમેશ્વર'. એ કોઈપણ રાજકીય, સત્તાલક્ષી પક્ષથી પર હતા. એમના રામરાજ્યની વિભાવના એ સાચું ગ્રામસ્વરાજ્ય છે. આજે તો ગાંધીના સ્વપ્નાના ભારતને

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ ઉપર)

# વિદ્યાર્થીઓને થતી શિક્ષા

**ડૉ. ઉર્મિલાબેન શાહ**

૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી કલબની સામે,
સરખેજ ગાંધીનગર હાઈવે, અમદાવાદ.

અરે અરે! આ શું કરો છો સાહેબ ! એ છોડી દો એને. ક્યાંક આડું અવળું વાગી જશે. અરે! બિચારો મરી જશે . છોડો એને આમ તે કંઇ છોકરાંઓને મરાતુ હશે ! છોકરાં પર હાથ કેમ ઉપાડાય!

'ના ના તમે વચ્ચે ન આવશો. ખસી જાવ તમે. આજે તો મારે એને સીધો જ કરવો છે. ખબર લઇ નાંખુ છું એની જિંદગીમાં ફરી ભૂલ ન કરે. સાલાઓ સમજતાં જ નથીને . કેટલી વાર ક્હ્યું કે અહીં વર્ગો ચાલે છે, અહીં ન રમો, અહીં તોફાન ન કરો. પણ સાંભળે છે જ, કોણ !'

અરે પણ સાહેબ ! ટાઢા પડો. આમ ઢોર માર તે મરાતો હશે! બિચારુ છોકરું છે, ભૂલ કરે. પણ કાંઇ આમ મરાય। બીજી શિક્ષા કરો. પણ આ તો સાવ અધમૂઓ કરી નાંખ્યો તમે . ' અને એમ કહેતાં કહેતાં તો એ બીજા શિક્ષકે આદિત્યનો હાથ પકડી બચાવી લીધો બાજુ પર ખસેડી લીધો,ને નહીં તો આજે એના સાહેબનાં ગુસ્સાને કોઇ અવધિ જ ન હતી. આદિત્ય ધ્રુસકે ને ધ્રુસકે રહી રહ્યો હતો. મને થયું કદાચ ક્યાંક ખેંચાઇ જશે. જોઇ શકાય તેમ ન હતું. મારા મનમાં પ્રલય દામસાણ ચાલી રહ્યું હતું. એક શિક્ષક . જેને સમાજે નવી પેઢીના ભણતર અને ઘડતરની જવાબદારી સોંપી છે. એની પર વિશ્વાસ મૂક્યો છે તે જ જો પોતાનાં આવેગોને કાબૂમાં ન રાખી શકે અને તેના જ વિદ્યાર્થી પર આટલો હિંસક બની જાય. તો એને શિક્ષક કહેવાય કે ભક્ષક। શિક્ષકની આંખમાંથી તો તેનાં વિદ્યાર્થી માટે સતત પ્રેમ નીતરવો હોવો જોઇએ તેને બદલે એ શિક્ષક જ આવા આક્રમક બની જાય તો । . શિક્ષણ જેવા ઉમદા વ્યવસાયને લાંછન ન લાગે। છોકરાં છે. તોફાન તો કરે જ એમાં ય આતો કિશોરાવસ્થા. અને વારવાય પડે. લઢવા ય પડે. ધમકાવવા પડે. ક્યારેક નાની મોટી શિક્ષા ય કદાચ કરવી પડે. પણ આવો ઢોર માર તે મરાય. । આવી આકરી શારીરિક શિક્ષા । . હજી ય એ દૃશ્ય નજર આગળથી ખસતું નથી. મને ડર હતો કે આદિત્યનાં માબાપની ફરિયાદ આવશે જ ને બન્યું પણ એવું જ.

બીજે દિવસે હજી તો શાળા શરૂ થઇને જ આદિત્યના મમ્મી અને પપ્પા બંને આવ્યા. 'બેના કાલે આદિત્ય સ્કૂલમાંથી આવ્યો ત્યારનો સૂનમૂન થઇ ગયો છે. સાંજે એ આવ્યો ને મેં એને ખૂબ પૂછ્યું. 'બેટા। તને શું થયું છે?' તારી તબિયત સારી નથી ? તું દૂધ પી લે. નાસ્તો ય ન કર્યો. ઉદાસ થઇને બેસી જ રહ્યો. , એક નજરે સૂનમૂન બની બેસી જ રહ્યો હું ય મૂંઝાઇ તારે લેસન નથી કરવાનું આદિત્ય ? રોજ તો તું આવીને ભણવા બેસે છે. આજે શું થયું છે તને? મને કહે તો ખરો। કોઇ લઢયું છે ? ભાઇબંધ સાથે ઝઘડો થયો છે ? મને વાત કરે તો ખબર પડે ને . '

પણ એ ન બોલે કે ન ચાલે . સાડાસાત વાગ્યા ને મેં તેને જમવા બોલાવ્યો. પણ જમ્યો પણ નહીં ને જઇને સૂઇ ગયો. મને ય ચિંતા થવા માંડી . 'આ છોકરો કંઇ કહેતો નથી. માંદો થયો હશે? એને શું થયું હશે? . કશું જ સમજાતું નથી. ' અને લગભગ બાર સાડાબાર થયાં હશે ને એણે ઊંઘમાં ચીસો પાડવા પાડી. 'ઓ મારે. મરી ગયો મને બચાવો. સાહેબ હવે નહીં કરું, છોડી દો. મને જવાદો. અને એકદમ ઊભો થઇ ગયો. મારવો હોય તેમ ફરી બરાડા પાડવા માંડ્યો. ના. ના. નહીં છોડું . એમને તો હવે હું મારીશ જ એવા મારીશ. એવા મારીશ. ખબર પાડી દઇશ. અમે બંનેએ એને માંડ માંડ પકડ્યો. વ્હાલથી માથે હાથ ફેરવ્યો. પાણી પાયું એ જાગૃત થયો. એણે એના આખાય સ્વપ્નાની વાત કરી, અને એમાં જ ગઇકાલે બનેલા બનાવની અમને જાણ થઇ. માંડ માંડ એને સ્વસ્થ કર્યો. ખૂબ સમજાવ્યો ને શાંત થવાની દવા આપી સૂવાડ્યો આજે તો ઉઠ્યો છે ત્યારથી એક જ રઢ લઇને બેઠો છે. 'હું આ સ્કૂલમાં નહીં જઉં. માટે ભણવું

જ નથી. એને સખત આઘાત લાગ્યો છે. આદિત્યના મમ્મી ધ્રુસકે ને ધ્રુસકે રડી રહ્યાં હતાં. મારાથી ય એ જોયું જતું ન હતું. સરસ્વતીનાં જ મંદિરમાં એક નાદાન નિર્દોષ બાળક પર આવો શારીરિક અને માનસિક અત્યાચાર।ફક્ત ડીગ્રીના સર્ટીફિકેટોનાં આધારે શિક્ષક બની બેસતાં આ શિક્ષકો । આપણે એ કેમ ચલાવી લઇએ છીએ। આદિત્યનાં મમ્મી પપ્પાનાં આગ્રહને કારણે એમણે એમની માફી તો માગી પણ મહત્વનું એ નથી. મહત્ત્વનું તો એ છે કે એ Sorry કહ્યા પછી એમનાં હૃદયમાં સાચો પશ્ચાતાપ થયો ખરો। એમનું હૃદયમાં એમનાં આવેગોને કાબૂમાં ન રાખી ટાકવા બદલ દુઃખથી હાલ્યું ખરું વિદ્યાર્થીનું આખું ભાવિ જીવન, તેની અભિશ્રદ્ધા, આત્મવિશ્વાસ ડગી જાયા એવા આ બનાવે એ ઉગતા વિદ્યાર્થીનાં ભાવિ વિકાસમાં કેવો મોટો અવરોધ ઊભો કરી દીધો છે તેનો તેમને, તેની Seriousnos નો એમને અંદાજ હશે ખરો। માનસશાસ્ત્ર વિષે એમને થોડો ઘણો પણ ખ્યાલ હશે ખરો । માનસશાસ્ત્રીઓ અનેક વખત પોકારી પોકારીને કહે છે કે માણસ તો શું। પણ પ્રાણીને ય શિક્ષા કરતાં બદલા થી વધુ સાર કેળળી શકાય છે. Punnishment કરતાં Reward વધુ અસરકારક નીવડે છેઅને કદાચ આવા નિયમો ધ્યાનમાં રહે. વિદ્યાર્થીઓ સાથે માનવીય વ્યવહાર રાખવાનું શિક્ષણ ગળે એ આશયથી જ બી. એડ માં એમ. એડમાં માનસશાસ્ત્રનો પણ વિષય હોય છે. પણ પોથીમાનાં રીંગણની જેમ. ઉચ્ચ ડીગ્રીઓ પ્રાપ્ત કરીને આવેલા શિક્ષકોને પણ જ્યારે વિદ્યાર્થીઓ સાથે આવો વ્યવહાર કરતાં જોઉં છું ત્યારે મને થાય છે, આ શિક્ષણક્ષેત્રમાં શું થઇ રહ્યું છે। માનવમાં માનવતાં જ નથી રહી। એ શિક્ષકને એનું પોતાનું સંતાન નહીં હોય। એણેય ક્યારે તોફાન નહીં કર્યું હોય। અરે। તોફાન કર્યા વીના તે કંઇ છોકરાં મોટાં થાય ખરાં। પણ એ તોફાનમાંથી વારીએ પછી જ જીવનમાં ડહાપણ પમ આવે છે ને । વિદ્યાર્થીજીવનમાં તોફાની તરીકે સિક્કો વાગ્યો હોય એવા કેટકેટલા વિદ્યાર્થીઓને હું જીવનમાં સરસ રીતે ગોઠવાયેલા જોઉં છું। જીવનના ય જુદા જુદા તબક્કા હો. અને એ તબક્કાઓની કેટલીક તાસીરોને સમજવી પડે. સ્વીકારવી પડે ને તળી વારવીય પડે. આ આપણે ક્યારે સમજીશું?

અરે ! થોડા દિવસ પહેલાં જ ત્રાણ સાડા ત્રણ વર્ષની રીયાને મળવાનું થયું, ખૂબ મીઠડી એવું મીઠું હશે. નિર્દોષ વ્હાલ નીતરતી આંખો, હસેને ગાલમાં ખંજન પડે. એને મે પૂછ્યુ, ‘બેટા ! તારી સ્કુલમાં તને બહુ ગમે છે ? . તું સ્કૂલમાં શું કરે ? તને ભણવાની મજા આવે છે ? મિત્રો સાથે રમવાનું બહુ ગમે નહીં ।' તો તેણે પ્રતિભાવ આપ્યો. ‘ના રે ના, અમારા ટીચર તો અમને પનીશમેન્ટ આપે છે. ચાલો ભીંત સામે તો કરીને ઊભા રહી જાવ. અંગૂઠા પકડો. હું ને મારી બેનપણી સહેજ વાત કરીએ એટલે ટીચર ક્યાં તો ફૂટપટ્ટી જ ઉગામે. ' મને તો સ્કૂલમાં જવું જ નથી ગમતું. '' ‘તું તારી મમ્મીને કેમ નથી કહેતી?'

‘પણ મમ્મી સાંભળે તો ને। મમ્મી તો ઉપરથી મને વઢે છે. આટલી સારી સ્કૂલ છે. માંડ તો એડમિશન મળ્યું છે. ' મને ય આશ્ચર્ય થયુ નિજાનંદથી મસ્તીમાં મહાલવાનાં દિવસો હોય. ઘરનો ખૂણે ખૂણો માણવાનો ,માનો છેડો પકડી તેનાં વ્હાલને માણતાનાં દિવસો હોય ત્યારે એ બાળકને આપણે સ્કૂલોમાં મોકલી દઇએ છીએ. એ પણ ઓછું હોય તેમ પછી એ સારી કહેવાતી સ્કૂલોમાં શિક્ષા કરવામાં આવે. તેનાં પર માનસિક અને શારીરિક અત્યાચાર ગુજારવામાં આવે. મને સતત મનમાં પ્રશ્ન થયાં કરે છે,‘શું શારિરીક શિક્ષા વિના શિક્ષણ શક્ય જ નથી? આપણે વધુને વધુ Civilnedથતાં જઇએ છીએ છતાંય હજી ‘સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે જમ જમ' એ ભૂલી શકતાં નથી । હજી આટલા વર્ષેય આપણને શારીરિક શિક્ષાનો વિકલ્પ મળતો જ નથી । કે પછી આપણા આવેગોને આપણે કાબૂમાં રાખી શકતાં નથી। પ્રેમથી જંગલી પશુને પણ વશ કરી શકાય છે. કેળવી શકાય છે તો આ તો જીવંત માનવ છે. જેનામાં બુદ્ધિ પણ છે. લાગણી પણ છે એને કેમ કેલવી ન શકાય।।

# ગાંધીજી અને રવિશંકર મહરાજ : ભગવા ઉતારી સાધુતા કેળવો

**પ્રવીણ કે. મકવાણા**

આચાર્ય શ્રી, આંગણકા પ્રાથમિક શાળા, તાઃ મહુવા, જિઃ ભાવનગર, મો.:૯૪૨૮૬૧૯૮૦૯

ગાંધીજી અને રવિશંકર મહરાજ હિંદુ ધર્મના કહેવાતાં ખોટા ઢોંગી સાધુઓ સામે લાલ આંખ કરીને આપણને ચેતવ્યાં છે. સમાજમાં દિન પ્રતિદિન ધર્મને આગળ ધરીને આવા બાવાઓ લોકોને અંધશ્રદ્ધાયુક્ત બનાવી દે છે અને પોતાના રોટલા શેકતા થયા છે. આશ્રમો અને મઢીઓ બાંધી ભોગ-વિલાસી જીવન જીવે છે. ચેલાઓ બનાવી સમાજને ગેરમાર્ગે દોરે છે. કાકા સાહેબ કાલેલકર પોતાના પુસ્તક 'બાપુની છબી'માં એક સાચુકલો સુંદર પ્રસંગ લખેલો છે.

એકવાર ગાંધી બાપુના આશ્રમમાં એક સ્વામીજી આવ્યા. બાપુ પાસે આવી કહેવા લાગ્યાં, 'હું આપના આશ્રમમાં આવીને રહેવા માંગુ છું. ગાંધી કહે, આ તો બહુ સારી વાત છે. આ આશ્રમ તમારા જેવા માટે જ છે પણ દાખલ થાઓ એટલે આપે ધારણ કરેલા ભગવા કપડાં ઉતારવા પડશે. આ સાંભળી સ્વામી સત્યદેવજીને આઘાત લાગ્યો. થોડો મનમાં ગુસ્સો પણ આવ્યો.

થોડીવાર પછી બાપુએ તેમને શાંતીથી સમજાવ્યું, 'આપણા દેશમાં ભગવા કપડાં જોતાં જ લોકો તે ઓઢનારની સેવા કરવા મંડી પડે છે. હવે આપણું કામ સેવા લેવાનું નહિ પણ સેવા કરવાનું છે. આપણે લોકોની જેવી સેવા કરવા માંગીએ છીએ તેવી સેવા તેઓ તમારા આ ભગવા (કપડા) થી તમારી પાસેથી નહી લે ઉલટા તમારી ત્યારે જે વસ્તુ સેવા કરવાની આપણા સંકલ્પની આડે આવે, તો તે કેમ રાખીએ ? સંન્યાસ એ એક માનસિક વસ્તુ છે, સંકલ્પની બાબત છે. બાહ્ય પોષાક સાથે તેને શો સંબંધ ? ભગવાં છોડવાથી સંન્યાસ ઓછો છૂટે છે ?

સત્યદેવને આ વાત ગળે ન ઉતરી. મારી પાસે આવીને કહેવા લાગ્યાં, 'આ તો મારાથી નહિ બને. જે વસ્ત્રો મેં સંકલ્પપૂર્વક ગ્રહણ કર્યા છે, તે હું કદી છોડી શકું.'

એક પ્રસંગ રવિશંકર મહરાજના જીવનનો છે. એક દિવસ અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર હતા. ત્યારે માઇક પર એક જાહેરાત થઇ કે ગાડી એક નંબરના પ્લેટફોર્મને બદલે બે નંબર પર આવશે. ગાડી આવવાની તૈયારી હતી. જાહેરાત સાંભળીને સૌ બીજા નંબરના પ્લેટફોર્મ પર દોડવા લાગ્યાં. એક બાઇ તે વખતે માથે મોટું પોટલું અને કેડે નાનું છોકરું લઇને બે નંબરના પ્લેટફોર્મ પર જવા હાંફળીફાંફળી દોડી રહી હતી. સામે છેડે દૂર એક માણસ બૂમ પાડ્યા કરતો હતો કે , 'પેલી બાઇને કોઇક મદદ કરોને !'

રવિશંકરદાદાએ પેલી બાઇને જોઇ, એટલે તેમણે તરત જ બાઇના માથા પરનું પોટલું ઉચકી લીધું અને બાઇને સામેના પ્લેટફોર્મ પર લઇ જઇ ગાડીમાં બેસાડી.

પછી રવિશંકરદાદાએ પેલા ભાઇને પૂછ્યું : ''તમે બૂમો પાડતા રહ્યા, પણ જાતે એ બહેનને મદદ કેમ ન કરી ?''

પેલા ભાઇ કહેઃ ''હું તો સાધુ છું. મારાથી એ સ્ત્રીને કેમ અડાય ?'' આ સાંભળી રવિશંકરદાદાને મનમાં થઇ આવ્યું : 'અરે તારું નખોદ જાય ! આવે વખતે જો તારું સાધુપણું તારા પગ પકડી રાખે તો બળ્યું તારુ સાધુપણું. નકામો તારો અવતાર.

બસ, આવા સાધુઓ-બાવાઓ-ભગવાધારીઓથી સમાજ વેગળો રહીને માનવ-માનવને મદદરૂપ થાય તે જ સાધુપણાના જીવનની ખરી કેળવણી કહેવાય.

## કન્યા કેળવણી અને સમાજ વિકાસ

વિનોબાજી કહેતા કે છોકરાઓ કરતાં પણ અધિક જ્ઞાનની જરૂર છોકરીઓને છે. કેમકે છોકરાઓ મોટા થયા પછી મહેનત મજૂરી કરશે, અનાજની પેદાશ વધારશે, પણ છોકરીઓને તો માણસની પેદાશ વધારવી પડે છે. સ્ત્રીઓ બાળકોનો વિકાસ કરશે અને બાળકોનો વિકાસ કરશે એટલે રાષ્ટ્રનો વિકાસ સાધશે. એટલા માટે એમની પાસે તો જ્ઞાનની ચાવી હોવી જ જોઈએ. દરેક ઘરમાં છેક નાનપણથી મા પાસેથી જ્ઞાન પામવાની સગવડ થઈ જાય, તો પછી પૂછવું જ શું ? નાના નાના બાળકો માટે જરૂરી શિક્ષણ શાળામાં નથી મળી શકતું, તે તો એક માતા જ આપી શકે.

આજે ભારત દેશ અને ગુજરાત રાજયમાં સ્ત્રી

સશક્તિકરણ માટે ઘણા પ્રસંશનીય પ્રયાસો થઈ રહ્યા છે, પણ ઘણું બધું કરવાનું બાકી છે. સમાજમાં દરેક માતા-પિતા દીકરાની જેમ દીકરીનો ઉછેર કરે, ભણાવે-ગણાવે તો નારી શિક્ષણ વધશે. એક પરિવારમાં જો ભણેલી દીકરી હશે તો તે પોતાની આખી પેઢીને શિક્ષણ આપવા માટે પ્રયત્ન કરશે. પરિવારમાં ખાસ કરીને સંઘર્ષમય જીવન જીવીને પણ પ્રગતિ કરવા સક્ષમ માત્ર એક નારી છે. આજે ખાસ કરીને એક શિક્ષિત નારી બીજી શિક્ષિત સ્ત્રીને શિક્ષણ આપી પ્રેરણા પૂરી પાડે તો સમાજ ઉત્કર્ષ આપો આપ થાય છે. સમાજમાં શાંતિ અને સલામતિ લાવવા સ્ત્રી ઉત્કર્ષ કાર્યો કરવા ખૂબ જ જરૂરી બન્યા છે. જે ઘરમાં દીકરી ભણેલી હશે તે જ્યારે પરણીને સાસરે જશે ત્યારે તે ઘરમાં ચોક્કસ જાગૃતિ આવશે. આવી ભણેલી દીકરી ભાવિ માતા બનશે ત્યારે તે પોતાના પરિવાર અને સમાજ માટે ગૌરવરૂપ સાબિત થશે. આવા પરિવારની આર્થિક-સામાજિક તમામ પ્રકારની સમસ્યાઓનો ઉકેલ આવશે.

આજે ભારતમાં દર હજાર પુરૂષોએ નવસો કરતાં પણ ઓછી સ્ત્રીઓ છે. તદુપરાંત પોતે કમાતી હોય અને શિક્ષિત હોય, પારિવારિક જવાબદારીઓ નિભાવતી હોય તેવી સ્ત્રીઓ માંડ સાત થી આઠ ટકા છે. આજે સમાજમાં સ્ત્રીઓના વિકાસને આગળ લઈ જવો તે બધા જ ભારતીય સમાજની જવાબદારી છે. બધાજ ધર્મો એ પોતાના પરંપરાઓ છોડીને કન્યાઓના શિક્ષણ માટે આગળ આવવાની જરૂર છે.

આજે ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓનું સ્થાન ખૂબ જ નીચે છે.

**મુસ્લિમ સમાજમાં મહિલા શિક્ષણ પર એક દ્રષ્ટિ:** બીજા લઘુમતી સમુદાયોની સરખામણીમાં મુસ્લિમ વર્ગમાંથી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લેનારી છાત્રાઓની સંખ્યા ખૂબ જ ઓછી છે. બીજા લઘુમતી સમુદાયોમાં જ્યાં છોકરીઓ પોતાના વર્ગના છોકરાઓ કરતા આગળ નીકળી રહી છે ત્યારે મુસ્લિમ સમાજ તદ્દન અલગ રીતે છે. ઉચ્ચશિક્ષણમાં પ્રવેશ લેનારા કુલ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૪.૩ ટકા જ વિદ્યાર્થીઓ મુસ્લિમ અને ૨ ટકા અન્ય લઘુમતી વર્ગમાંથી આવે છે. નેશનલ સર્વે ૨૦૧૩-૨૦૧૪ પ્રમાણે દેશમાં ૩,૨૩,૩૬,૨૧૪ (ત્રણ કરોડ ત્રેવીસ લાખ છત્રીસ હજાર બસો ચૌદ) વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ લીધો હતો. તેમાં ૧૩,૯૬,૭૫૯ (તેર લાખ છન્નું હજાર સાતસો ઓગણસાઈઠ) મુસ્લિમ વિદ્યાર્થીઓ હતા. આમાં ૭,૪૮,૬૫૪ (સાત લાખ અડતાળીસ હજાર છસો ચોપ્પન) છોકરાઓ અને ૬,૪૮,૧૦૫ (છ લાખ અડતાળીસ હજાર એકસો પાંચ) છોકરીઓએ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લીધો હતો. આમ ખરી રીતે જોતા માત્ર ઉચ્ચ શિક્ષણ નહિ પણ સરેરાશ શિક્ષણમાં પણ મુસ્લિમ સમાજની બહેનો પછાત છે.

**અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિ મહિલા શિક્ષણ પર એક દ્રષ્ટિ:** ભારતીય સમાજમાં ૧૩.૧૧ ટકા વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લીધો હતો. અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓ ૩૨.૫૬ ટકા હતા. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માત્ર ૪.૬ ટકા હતા. ઉચ્ચ શિક્ષણમાં દાખલ થનારાઓમાં સૌથી ઓછું પ્રમાણ બિહાર જમ્મુ કાશ્મીર અને પશ્ચિમ બંગાળ રાજ્યો છે.

**ભારતમાં સ્ત્રી કેળવણીને અવરોધતા પરિબળો પર એક દ્રષ્ટિ:** સામાજિક રૂઢિચુસ્તતા પરંપરાઓ: ભારતમાં કેટલાક ધર્મો કે સામાજિક આગેવાનો પણ આજે એકવીસમી સદીમાં સ્ત્રી શિક્ષણનો વિરોધ કરી દીકરીઓને ભણાવતા નથી. સ્ત્રીઓને ઘરની બહાર નીકળવા દેવામાં પણ પરિવાર બંધનો લાદે છે. સ્ત્રી તો પારકા ઘરની થાપણ આ પરંપરાને જાકારો આપવાની તાતી જરૂર છે. સમાજના નાગરિકોએ નારી શિક્ષણ માટે આવા રૂઢિચુસ્ત બંધનો ત્યાગવા જોઈએ. મારી નાનકડી આંગણકા પ્રાથમિક શાળાનો મારો દસ વર્ષનો અનુભવ કહું તો દર વર્ષે ધોરણ આઠ પછી પોતાની દીકરીને નહિ ભણાવતાં પાંચ-સાત માબાપ તો ખરાં. દર વર્ષે વાલી સંપર્ક, વાલી મિટિંગ, ધોરણ આઠના પરિણામ બાદ વેકેશનમાં શાળા પ્રવેશ માટે દોડાદોડી કરવા છતાં ભાગ્યે જ કન્યાઓને ભણાવવા માટે આગળ આવે છે.



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય (સન્માન)

**પાલખીવાલા અમિતા મનુભાઈ**

**ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય**

**મેજર શૈતાનસિંહ, પરમવીર ચક્ર**

પરમવીર ચક્ર (મરણોપરાંત), ૧૩ કુમાર રેજિમેન્ટ

જન્મ: ૧ ડિસેમ્બર ૧૯૨૪

મૃત્યુ: ૧૮ નવેમ્બર ૧૯૬૨

(મરણોત્તર - લદાખ મોરચે)

રાજસ્થાનના સપૂત પરમવીર ચક્ર વિજેતા; ૧૩ કુમાઉ રેજિમેન્ટના મેજર શૈતાનસિંહની રાજપૂતી પરંપરાની શાનની એક ઝલક આલેખવાનો અહીં પ્રયાસ છે.

રાજસ્થાનનો આ વીર રાજપૂત યોદ્ધો ૧ લી ઑગસ્ટ ૧૯૪૯ના રોજ કુમાઉ રેજિમેન્ટમાં નિમણૂક પામ્યા. આશરે બસ્સો જેટલા વર્ષોથી સેવાઓ આપતી કુમાઉ રેજિમેન્ટ ભારતની સૌથી જૂની રેજિમેન્ટમાંની એક છે. હૈદરાબાદના નિઝામ પ્રત્યેની તેમની જાણીતી સેવાઓ સાથે આ બટાલિયન ભવ્ય ભૂતકાળ ધરાવે છે. શૈતાનસિંહના પરાક્રમી વ્યક્તિત્વ એ જ તેમને ૧૯૬૨ના ઈન્ડો-ચાઈના યુદ્ધમાં બટાલિયનના મેજર તરીકે સ્થાપિત કર્યા.

૧૯૬૨ના 'સિનો-ઈન્ડિય વૉર'માં સમુદ્રતટથી ૧૬,૪૦૪ ફૂટની ઊંચાઈએ જમ્મુ અને કાશ્મીર રાજ્યના લદાખમાં, ચૂશુલ વેલીના દક્ષિણપૂર્વીય માર્ગ પર રિઝાંગ લા છાટ પર, ૧૩ મી કુમાઉ રેજિમેન્ટની 'સી' કંપની, મા-ભોમની રક્ષા કાજે તૈનાત હતી. બરફ આચ્છાદિત પહાડિયો પર, ખુલ્લા આકાશ નીચે, માત્ર કામચલાઉ ગરમ કપડાં અને બૂટ સાથે બર્ફીલી ઠંડી અને પાતળી હવા અને હિમવર્ષા વચ્ચે ઠંડીમાં થરથરતા, હાથોમાં હથિયાર લઈને કંપનીના ૧૨૦ જવાનો પોતાના સેનાનાયક મેજર શૈતાનસિંહ ભાટીના નેતૃત્વ હેઠળ ઘણી કટોકટીભરી પરિસ્થિતિ વચ્ચે પણ આ રેજિમેન્ટ મા ભારતીના રક્ષણ માટે શહાદત વ્હોરવા તૈયાર હતી.

એકબાજુ ખુલ્લી અને ઊંચી બર્ફીલી પહાડિયોની હાડ થીજાવતી રાત્રિની ઠંડી હવા ઓછા રક્ષિત કપડામાંથી પસાર થઈને જવાનોના શરીરને થીજાવી દેવાના પ્રયત્નોમાં લાગી રહી હતી ત્યારે બીજીબાજુ આ કડકડતી ઠંડીમાં પણ ચીની આક્રમણખોરોથી ભારતમાતાનું રક્ષણ કરવાની ભાવના વીર ભારતીય સૈનિકોના દિલમાં આગ ભડકાવીને એમને ગરમ રાખવામાં સફળ થઈ રહી હતી. ભારતીય જવાનોની દેશભક્તિની આ ઊંચી ભાવના જ તેમને કડકડતી ઠંડીમાં પણ સજાગ અને સતર્ક રાખી રહી હતી.

૧૮ નવેમ્બર ૧૯૬૨ ના રોજ સવારે ૪.૩૫ વાગે ચીની સૈનિકોએ દેશ પર આકસ્મિક હુમલો કરી દીધો. દિવસના પ્રથમ પહોરમાં ધૂંધળા વાતાવરણ અને હિમવર્ષા વચ્ચે ભારતીય જવાનોએ ઘણો બધો પ્રકાશ પોતાના તરફ આગળ વધતો જોયો. 'હિન્દી ચીની ભાઈભાઈ'ના નારા હેઠળ દગાબાજ ચીને દેશની પીઠ ઉપર વાર કરીને યુદ્ધની શરૂઆત કરી દીધી હતી. આથી જ ભારતીય જવાનોએ પણ આવતી રોશની તરફ ગોળીબાર કરવાની શરૂઆત કરી દીધી. પણ થોડી જ વારમાં મેજર શૈતાનસિંહ દુશ્મનોની ચાલ સમજી ગયા. જે સૈનિકોને દુશ્મન સમજીને ભારતીય જવાનો મારી રહ્યાં હતાં તે વાસ્તવમાં ચીની સૈનિકો નહીં,

પરંતુ ગળામાં પ્રગટાવેલા ફાનસ સાથે યાક નામના જાનવર હતાં. ભારતીય સૈનિકોની યુદ્ધ સામગ્રી દારૂગોળો વગેરે વેડફાવવાની અને ઘટાડવાની ચાલ ચીની સૈન્યે ખેલી હતી.

વાસ્તવમાં રિજાંગ લા પર તૈનાત માત્ર ૧૨૦ ભારતીય જવાનોની ટુકડી પાસે માત્ર ૩૦૦-૪૦૦ રાઉન્ડ ચાલી શકે તેટલી જ ગોળીઓ અને માત્ર ૧૦૦૦ જ હાથગોળા છે, આવી ગુપ્ત માહિતીનો ફાયદો ઉઠાવીને જ વહેલી સવારનું અંધારૂં અને ખરાબ હવામાન વચ્ચે ચીની સેનાએ આવી રણનીતિ અપનાવી. જેથી ભારતીય સૈનિકોની યુદ્ધ સામગ્રી, દારૂગોળો વગેરે ખલાસ થઈ જાય.

મેજર શૈતાનસિંહે વાયરલેસ દ્વારા પોતાના ઉચ્ચ અધિકારીઓને આ પરિસ્થિતિથી વાકેફ કર્યા. ૨૦૦૦ ચીની સૈનિકો સામે મર્યાદિત દારૂગોળા સાથે માત્ર ૧૨૦ ભારતીય સૈનિકોની ટકી રહેવાની અસમર્થતા દર્શાવી. ત્યારે ઉચ્ચ અધિકારીઓએ તેમને પોતાની બટ્લિયનના સૈનિકોના જાનની રક્ષા માટે ચોકી છોડી પીછેહઠ કરવાનું જણાવ્યું.

મેજર શૈતાનસિંહ પોતાના કર્તવ્યમાંથી પાછા હઠીને પોતાના દેશ અને પોતાની બટાલિયનના સૈનિકોને શરમજનક સ્થિતિમાં મૂકવા માંગતા નહોતા. ગગન જેવો ઊંચો નૈતિક જુસ્સો અને નસનસમાં ઉછળતું ગરમ લોહી ધરાવતા મેજર મા-ભારતીની વ્યથા અને વેદનાથી ખૂબ જ ચિંતિત હતા. તો બીજીબાજુ ૩૦૩ એનફિલ્ડ રાઈફલો જે એક જ વારમાં એક જ ગોળી છોડી શકે તેવા સાધનોથી પણ ચિંતિત હતા.

પણ આવા સંજોગોમાં મેજર શૈતાનસિંહે પ્રશંસનીય નેતૃત્વ દર્શાવ્યું. ચીની સૈનિકો સાથેના મુકાબલામાં દારૂગોળો ખલાસ થઈ જવાની ભીતિ અને બીજી બાજુ ઉપરી અધિકારીઓ પાસેથી સહાયતા મળવાની અસમર્થતા દર્શાવતા મેજર શૈતાનસિંહે જવાનોને શહીદી વ્હોરવા માટે હાકલ કરી. તેઓ માનતા કે "When the going gets tough, the tough gets going" જે મેજર શૈતાનસિંહના હિંમતવાન નેતૃત્વને મૂર્તિમંત કરે છે.

પોતાના સેના નાયકની વીરતા તથા દઢતાથી જાણકાર ભારતીય જવાનોએ પણ આવા પ્રતિકૂળ સંજોગોમાં પણ ભારત માતાની રક્ષા માટે છેલ્લી ગોળી સુધી, છેલ્લા માણસ સુધી અને છેલ્લા શ્વાસ સુધી લડી લેવાનો નિશ્ચય કર્યો. એક પણ ગોળી દુશ્મનને માર્યા વિના ખાલી ના જાય અને દુશ્મનને માર્યા પછી તેમના હથિયાર ઝૂંટવી લઈને દારૂગોળાની ખોટ પૂરી કરવામાં આવે; આવી રણનીતિ સાથે ભારતના ૧૨૦ બહાદુર જવાનો ૨૦૦૦ ચીની સૈનિકો સાથે મોરચે ચડ્યા.

ચીની સેનાના તોપો, મશીનગન, ગ્રેનેડ અને મોર્ટારોના ભયંકર આક્રમણ સામે પોતાના પ્રાણોની ચિંતા કર્યા વગર તેઓ એક પ્લેટન પોસ્ટથી બીજી પોસ્ટ દોડતા રહ્યાં અને જવાનોને હિંમતથી મુકાબલો કરવા લલકારતા રહ્યાં. તેમના લલકારથી એક એક સૈનિક દસ-દસ, વીસ-વીસ દુશ્મનોને મારીને શહીદ થતાં રહ્યાં. મેજર શૈતાનસિંહ સાથે કેટલાંક સૈનિકો પણ ઘણી ખરાબ રીતે ઘાયલ થયાં. આ રિજાંગ લા યુદ્ધ અને મેજર શૈતાનસિંહને ધ્યાનમાં રાખીને જ ગીતકાર પ્રદીપ દ્વારા રાષ્ટ્રપ્રેમલક્ષી અમર ગીતની રચના થઈ.

ચીનની પાશવી તાકાત સામે જ્યારે દેશનો પ્રત્યેક નાગરિક સ્તબ્ધ, ક્ષુબ્ધ બની ગયો હતો ત્યારે જે ગીતે રાષ્ટ્રીય વેદના અને વિષાદને વાચા આપી હતી, જે ગીત માટે કહી શકાય કે તેના શબ્દો લખાયા નથી પણ આંસુની જેમ ટપક્યાં છે, જે ગીત મનસાગરને ઘમરોળી નાંખે છે, જે ગીત દ્વારા દેશના દિવંગત, દિલેર, જાંબાઝ, જાન કુરબાન કરનાર સપૂતોનો-શહીદોનો અને તેમના આપ્તજનોનો શબ્દાંજલિથી અભિષેક કરવાનો સંનિષ્ઠ પ્રયાસ થયો છે, જે ગીત સાંભળતા સાંભળતા પંડિત જવાહરલાલ નહેરુ અને તે સમયે ઉપસ્થિત વિશાળ જનમેદની ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા તેવું સંવેદનાત્મક અને સર્જનાત્મક ક્ષણોમાં કવિ પ્રદીપજી દ્વારા રચાયેલું અને લતાજીના અદ્‌ભુત સ્વર દ્વારા અમર બનેલું ગીત વાસ્તવમાં રિજાંગ લા યુદ્ધ અને મેજર શૈતાનસિંહને ધ્યાનમાં રાખીને જ રચાયું હતું.

ગીતના શબ્દોનું સામર્થ્ય તો જૂઓ :

*"થી ખૂનસે લથપથ કાયા, ફીર ભી બંદૂક ઉઠાકે*
*દસ-દસકો એકને મારા, ફીર ગીર ગયે હોશ ગવૉંકે*
*જબ અંત સમય આયાતો, કહ ગયે કિ હમ મરતે હૈં,*
*ખુશ રહેના દેશ કે પ્યારો, અબ હમ તો સફર કરતે હૈં,*
*અબ…હમ તો સફર કરતે હૈં…….*
*જય હિન્દ….. જય હિન્દ કી સેના……"*

પોતાના સેના નાયકને બચાવવા માટે બે સૈનિકોએ તેમને ઉઠાવીને એક બર્ફીલી શિલા પાછળ પહોંચાડ્યા અને સારવાર માટે નીચે જવાનો આગ્રહ કર્યો. પરંતુ આ વીરયોદ્ધાએ ઈલાજને બદલે ફર્જને પ્રાધાન્ય આપ્યું. પોતાની અંગત સલામતીની પણ પરવાહ કર્યા વિના તેઓ 'Tall & Brave' થઈને ઊભા રહ્યાં. જેથી તેમની રૅજિમેન્ટ ચીની હુમલાની સામે મજબૂત રહી શકે. તેમણે પોતાના અદમ્ય સાહસને કારણે મશીનગનથી દુશ્મનો તરફ નિશાન તાકતા રહ્યાં. અને છેલ્લા શ્વાસ સુધી પોતાના જવાનોને લડવાની પ્રેરણા આપતાં રહ્યાં.

પરંતુ આ સમયે હેવી મશીનગનથી દુશ્મનોએ તેમના ઉપર ગોળીબાર કર્યો. મેજર શૈતાનસિંહને પોતાના મૃત્યુનો આભાસ થઈ ગયો અને તેમણે પોતાના બંને જવાનોને તેમને ત્યાં જ છોડી દેવાનો આદેશ કર્યો અને બંનેને અધિકારીઓને સંદેશો આપવા માટે રવાના કર્યા. આ પછી મેજર શૈતાનસિંહ દુશ્મનો સાથે ક્યાં સુધી લડતા રહ્યાં, કેટલા સમય સુધી ઝઝૂમતા રહ્યાં અને ક્યારે એમણે અંતિમ શ્વાસ લીધો એ કોઈને ખબર નથી.

પણ હા ! યુધ્ધ સમાપ્તિના લગભગ ત્રણેક મહિના પછી જ્યારે પહાડિયો પર બરફ પીગળવાનું શરૂ થયું ત્યારે તેમના પરિવારજનોના આગ્રહને કારણે સેનાના જવાનો રેડક્રોસ સોસાયટી સાથે તેમના મૃત શરીરને શોધવામાં લાગી ગયા. પણ એક સ્થાનિક લદાખી ભરવાડની સૂચના દ્વારા જ્યારે તેઓ એ શિલા પાસે પહોંચ્યા ત્યારે પણ મેજર શૈતાનસિંહની લાશ પોતાની એએલએએમજી ગન સાથે એવી રીતે પોઝિશન લઈને બેઠી હતી કે જાણે મૃત્યુ પછી પણ તેઓ દુશ્મનોના દાંત ખાટા કરવા માટે તૈયાર છે.

મેજરની લાશ સાથે જ એમની ટુકડીના ૧૧૪ શહીદ સૈનિકોની લાશ પણ હાથોમાં બંદૂક અને દારૂગોળા સાથે મળી આવી.

ચીની સેનાએ પોતાની એક જાહેરાતમાં પણ કબૂલ્યું કે તેમના સૈનિકોની સૌથી વધુ જાનહાનિ રિજાંગ લા પર થઈ ત્યારે ભારત સરકારને પણ મેજર શૈતાનસિંહની અપ્રતિમ વીરતા, બહાદુરી, નેતૃત્વ, નિર્ભયતા, હિંમત તથા તીવ્ર રાષ્ટ્ર ભાવનાનું સમર્થન મળ્યું.

મેજર શૈતાનસિંહની ૧૨૦ સૈનિકોની સંખ્યાવાળી નાની ટુકડીને મોતને ઘાટ ઉતારવા માટે ચીની સેનાએ પોતાના ૨૦૦૦ સૈનિકોમાંથી ૧૮૦૦ સૈનિકોનો બલિ ચઢાવ્યો. ૧૨૦ ભારતીય સૈનિકો સામે ૨૦૦૦ ચીની ના ટકી શક્યા. આ છે ૧૯૬૨ ના યુદ્ધ નાયકો!

કહેવાય છે કે માતૃભૂમિની રક્ષા માટે ભારતીય સૈનિકોના અદમ્ય સાહસ અને બલિદાનને જોઈને ચીની સૈનિકોએ પાછા ફરતાં સન્માન સ્વરૂપે જમીન ઉપર પોતાની રાઈફલ્સ ઊંધી ખોસીને એની ઉપર પોતાની ટોપીઓ રાખી દીધી હતી. શહીદોને પૂરા લશ્કરી સન્માન અને વૈદિક સૂત્રોચ્ચાર સાથે અંતિમ સંસ્કાર આપવામાં આવ્યા. મેજર શૈતાનસિંહના શબને તિરંગામાં લપેટીને તેમના વતન જોધપુર ફ્લાઈટથી લઈ જવામાં આવ્યું અને ત્યાં સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. માત્ર ૩૭ વર્ષની ઉંમરે તેમણે અનંતના માર્ગે પ્રયાણ કર્યું. માતૃભૂમિની સેવા કરતાં જ મૃત્યુ આવે, તેવા દરેક લશ્કરી તાલીમાર્થીના સ્વપ્નની જેમ જ તેમનું સ્વપ્ન પણ પૂર્ણ થયું. તેમની વીરતા અને બલિદાનને નમન કરતાં CNN-IBN - ભારતીય ટેલિવિઝન ન્યૂઝ ચેનલ દ્વારા 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ અવૉર્ડ'થી તેમને પુરસ્કૃત કરવામાં આવ્યા.

પરમવીર ચક્ર પરમ એટલે ઈશ્વરીય, ઈશ્વરની સમીપ સાનિધ્યમાં જેને સ્થાન મળ્યું છે તેવા ઉચ્ચ આત્માઓ. પોતાનું સર્વસ્વ ભારતમાતાના રક્ષણ માટે ન્યૌચ્છાવર કરી દેનાર આ "પરમવીર" મેજર શૈતાનસિંહ ભાટીને તેમના

અસાધારણ નેતૃત્વ, અદમ્ય સાહસ, અપ્રતિમ વીરતા, પ્રસંશનીય નિષ્ઠા, દેશભક્તિ તથા કર્તવ્ય પ્રત્યેની સમર્પણતા માટે નવેમ્બર ૧૯૬૨માં મરણોપરાંત યુદ્ધ સમયનું સર્વોચ્ચ વીરતા સન્માન, ''પરમવીર ચક્ર''થી સન્માનિત કરવામાં આવ્યા.

તેઓ હંમેશાં પોતાના સાથીઓને કહેતાં, ''સાહસથી મોટું શસ્ત્ર આ દુનિયામાં બીજું કોઈ નથી હોતું. વીર પુરુષો પોતાના પૌરુષના ભરોસે યુદ્ધો કરે છે, સાધનો કે સૈનિકોની સંખ્યાના બળ પર નહીં.''

મેજર શૈતાનસિંહ ભાટી, આ સિંહની ડણકથી ચીની સેના આજે પણ ભય અનુભવે છે.

●

**નાયબ સૂબેદાર બાનાસિંહ, પરમવીર ચક્ર**

પરમવીર ચક્ર, ૮મી જમ્મુ એન્ડ કાશ્મીર લાઈફ ઈન્ફન્ટ્રી
જન્મ : ૬ જાન્યુઆરી ૧૯૪૯
સિયા-ચીન હિમક્ષેત્ર ખાતે

જમ્મુ અને કાશ્મીરમાં આવેલા કાદ્યાલ ગામે એક પંજાબી શીખ કુટુંબમાં ૬ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ જન્મેલા નાયબ સૂબેદાર બાનાસિંહના જીવનની ઈતવૃત્તની (બનેલી વાતનું વર્ણન) વાત છે. એક કપરા, કટોકટીના સમયની વાતનું વર્ણન છે.

કાદ્યાલ ગામના આ વીર પંજાબી યોદ્ધાએ ૬ જાન્યુઆરી ૧૯૬૯ના રોજ ફૌજી જીવન શરૂ કર્યું. પોતાના દેશ માટે કંઈક કરી છૂટવાની તમન્નાથી ભારતીય સેનામાં ૮મી જમ્મુ એન્ડ કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી યુનિટમાં જોડાયા. (ભારતીય ભૂમિનું પાયદળ પલટન)

ઈ.સ. ૧૯૮૭માં પાકિસ્તાને પોતાની સેનાને સિયાચીનની હિમશીલા પર, ભારતની સીમાની અંદર પોતાની એક ચોકી (પોસ્ટ) બનાવવાનો આદેશ આપ્યો. આદેશ અનુસાર પાકિસ્તાની સૈનિકોએ પોતાની સ્થિતિ સુદૃઢ કરવા માટે આ ગ્લેશિયર ઉપર કિલ્લેબંધી કરવાનું શરૂ કરી દીધું અને ભારતની સીમાની અંદર ૬૫૦૦ મીટરની ઊંચાઈએ પડકારની જેમ એક ચોકી બનાવી. કાયદેઆઝમ મોહમ્મદઅલી જિણાના નામ ઉપરથી આ ચોકીને 'કાયદે ચોકી'નું નામ આપવામાં આવ્યું. જેની બંને તરફ ૧૫૦૦ ફૂટ ઊંચી બરફની દીવાલો હતી. પાકિસ્તાની સૈનિકોને અહીંથી ફાયદાકારક અવકાશ મળી શકે તેમ હતો. કારણ કે આ વિસ્તારની તે ઊંચામાં ઊંચી પોસ્ટ હતી. જેની ઊંચાઈએથી આસપાસના ૮૦ કિ.મી. સુધીનો વિસ્તાર દૃષ્ટિગોચર થઈ શકે. અહીંથી આખી સાલટોરો રેઈન્જ, અમર અને સોનમ જેવી અન્ય ચોકીઓ પણ જોઈ શકાય; જે માત્ર હેલિકોપ્ટર્સ દ્વાર જ જરૂરી ચીજોનો પુરવઠો મેળવી શકે છે. આથી જ જો 'કાયદે ચોકી' નિયંત્રણમાં રખાય તો જ સાલટોરો પર આવેલી અન્ય ચોકીઓનું રક્ષણ કરવા આપણે શક્તિમાન બનીએ.

ઈ.સ. ૧૯૮૨થી સિયાચીન વિસ્તારમાં ભારતીય સૈન્યે પેટ્રોલિંગ શરૂ કરી દીધું. ૧૯૮૩માં લદાખ સ્કાઉટે અહીં પાકિસ્તાની કમાંડો જોયાનો અહેવાલ આપ્યો. વર્ષ ૧૯૮૪નું હતું અને રેડિયો પર સાંકેતિક શબ્દો સંભળાયા કે પાકિસ્તાન સૈન્ય ભારતના ઊંચામાં ઊંચા ગ્લેશિયર ઉપર કબજો જમાવવા માટે રહસ્યમય રીતે યોજના બનાવી રહ્યું છે. ત્યારે ભારતીય સેનાએ પણ એક મિલટ્રી ઑપરેશન કર્યું. ત્યારે તેમને એવી ગુપ્ત માહિતી પ્રાપ્ત થઈ કે પાકિસ્તાન સેના લંડનથી બરફ ઉપર વાપરી શકાય તેવા ઓજારો ખરીદી રહી છે. પાકિસ્તાને એ સમયે સાલટોરો પહાડિયો પર પોતાનો કબજો કરી આપણા હેલિકોપ્ટર્સની સહાયને અવરોધીને, ભારતીય પુરવઠાને લક્ષ્યાંક બનાવી, બીજી કાર્યવાહીઓ પર પણ નજર રાખી રહ્યાં હતાં.

સિયાચીનના વિસ્તારમાં તૈનાત ભારતીય લશ્કરના જવાનોનું સતત પેટ્રોલિંગ તો ચાલુ જ હતું. પરંતુ ૧૮ એપ્રિલ ૧૯૮૭ના રોજ એકવાર લશ્કરના પાંચ જવાનો અને એક જૂનિયર કમિશન ઑફિસર એમની જીપ લઈને પેટ્રોલિંગ કરવા નીકળ્યા ત્યારે દુશ્મનોના હાથે શહીદ થઈ ગયા. સાવ અચાનક થયેલી આ છ જવાનોની શહીદીએ ભારતીય લશ્કરને હચમચાવી દીધું.

પરિસ્થિતિ બહુ ગંભીર હતી અને ઘટનાની જાણકારી

પ્રાપ્ત થયા પછી ભારત માટે ચૂપ બેસવું સંભવ નહોતું. તાત્કાલિક આર્મીના ઑફિસરોની મિટિંગ મળી અને દુશ્મને હટાવવા માટે આયોજનો થવા લાગ્યા. આ વિસ્તાર જમ્મુ અને કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રીના તાબા હેઠળ આવતો હતો એટલે સૌથી પહેલી જવાબદારી એમને સોંપાઈ. કમાન્ડિંગ ઑફિસર સેકન્ડ લેફ્ટ્નન્ટ રાજીવ પાંડેને એનું નેતૃત્વ સોંપવામાં આવ્યું.

તા. ૨૯ મે ૧૯૮૭, સવારનો સમય હતો. હાડ થીજાવતી ઠંડીમાં લેફ્ટનન્ટ રાજીવ એમના ૧૨ ઝાંબાઝ જવાનોને લઈને 'કાયદે ચોકી' વિશે માહિતી મેળવવા અને દુશ્મનોનો તાગ મેળવવા નીકળ્યા. સીધા રસ્તે દુશ્મનોના હાથે વિંધાઈ જવાનો ભય હતો એટલે એમણે પાછલો દુર્ગમ રસ્તો પસંદ કર્યો. બરફની ઊંચી સપાટ દીવાલો પર ૯૦° ડિગ્રીનું ચઢાણ કરીને રાજીવ પાંડેની ટુકડી દુશ્મનોની ચોકીની નજીક પહોંચી ગઈ અને જોયું કે ૩૫ થી વધુ જવાનો નહોતા.

આ સમાચાર જેમ બને તેમ કમાન્ડિંગ ઑફિસર સુધી પહોંચાડવાના હતા. તેઓ ઝડપથી પાછા વળી ગયા. પણ પાછા ફરતાં એમની ટુકડી દુશ્મનોની ટુકડીની નજરે ચડી ગઈ. અને દુશ્મનોએ ગોળીબાર શરૂ કરી દીધાં. જેમાં રાજીવ પાંડે સહિત એમની ટુકડીના દસ જવાનો ત્યાં જ શહીદ થઈ ગયા. મોતની આગોશમાં સૂતેલા રાજીવ પાંડેએ બચેલાં જવાનોને છેલ્લો સંદેશો આપ્યો કે મારી ચિંતા ના કરો. હું તો હવે ભારતમાતાની સેવામાં અર્પણ થઈ ગયો. પણ ફટાફટ જઈને દુશ્મનની માહિતી કમાન્ડિંગ ઑફિસરને આપો. જાવ.... જલ્દી જાવ. ત્રણે જવાનોએ રાજીવ પાંડેને સલામી આપી અને સીધા હેડક્વાટર્સ તરફ દોડ્યા. હજુ એ અદૃશ્ય થાય તે પહેલાં તો રાજીવ પાંડેની આંખો મીંચાઈ ગઈ. બરફના તોફાનમાં કુદરતે આ રણબંકાની લાશ પર શ્વેત કફન ઓઢાડી દીધું.

રાજીવ પાંડેની શહીદીએ ભારતીય લશ્કરને હચમચાવી દીધું. ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો અને દુશ્મનો વિષે માહિતી મળી જતાં તેમના પર તાત્કાલિક ત્રાટકવાનું આયોજન કરવામાં આવ્યું. તાત્કાલિક આર્મીના ઑફિસર્સની મિટિંગ મળી. આયોજન મુજબ તા. ૨૨ જૂન ના રોજ ઑપરેશન શરૂ કર્યું. પરંતુ ખરાબ હવામાનના કારણે એક સૈનિકનું મૃત્યુ થયું. અને જવાનોમાં શંકા થઈ કે આપણે ઑપરેશન ચાલુ રાખી શકીશું કે કેમ? પરંતુ મુખ્ય કેપ્ટન વીરેન્દ્રસિંહ અને કેપ્ટન શર્મા તથા JCOS એ આગળ વધવાનું નક્કી કર્યું. અને તા. ૨૩, ૨૪ અને ૨૫ જૂન એમ ત્રણ તબક્કામાં આક્રમણ કરવાનું નક્કી કર્યું. આ આખાયે ઑપરેશનને 'ઑપરેશન રાજીવ' નામ આપવામાં આવ્યું.

અંતે ૨૩ જૂનના રોજ સવારે ૮.૦૦ વાગે ઑપરેશન શરૂ કર્યું. પરંતુ એ દિવસે સાંજે ચાર વાગ્યા સુધી મેજર વીરેન્દ્રસિંહના નેતૃત્વ હેઠળ પહેલી પલટન માત્ર ૧૫૦ મીટરનો માર્ગ જ કાપવામાં સફળ રહી. મેજરે જવાનોને પાછા ફરવા માટે પૂછ્યું, પરંતુ સૌએ પીછેહઠનો પ્રતિકાર કરતાં કહ્યું, "જો આપણે કાયદે ચોકી નથી મેળવી શકતા તો આપણાંમાંનો એક પણ સૈનિક પાછો નહીં જાય."

*"પહેરેદાર હિમાલય કે હમ, ઝોકે કે તૂફાન કે*
*સૂનકર ગરજ હમારી, સીને ફટ જાતે ચટ્ટાન કે*
*તાકત વતન કી હમસે હૈ, હિંમત વતન કી હમસે હૈ,*
*ઈજ્જત વતનકી હમસે હૈ, ઈન્સાન કે હમ રખવાલે...."*

આવા ભાવ સાથે ટુકડી આગળ વધી. પરંતુ ખરાબ હવામાન, હિમવર્ષા, તીવ્ર ઠંડી અને ઊંચાઈ પર બેઠેલો, દુશ્મન, વીરેન્દ્રની ટુકડી નિષ્ફળતા મેળવીને બે સૈનિકો ખોઈ. અનિચ્છાએ પણ પાછી આવી ગઈ. પછી તા. ૨૪ જૂને કોઈ કાર્યવાહી ના થઈ. તા. ૨૫મી એ સૂબેદાર હરનામ સિંઘ સાથે ૧૦ જવાનોની ટુકડીએ આક્રમણ કર્યું. પણ કોમ્યુનિકેશનના અભાવે ભારતીય ટુકડી સમયસર ઉપર ના પહોંચી શકી અને આ ટુકડી પણ દુશ્મનોને હણ્યા વિના પાછી ફરી.

'ઑપરેશન રાજીવ' માં લશ્કરને ધારી સફળતા મળી નહીં. ભારતીય લશ્કરમાં હતાશા વ્યાપી ગઈ. વ્યૂહાત્મક રીતે દુશ્મન મજબૂત હતો અને એક પાસુ ભારતની તરફેણમાં નહોતું. લશ્કરી અધિકારીઓની મિટિંગમાં પણ સૌ વિચારી રહ્યાં હતાં કે હવે શું કરવું? ત્યાં જ ૨૮ વર્ષનો

એક યુવાન આગળ આવ્યો અને બોલ્યો કે સર, આઈ એમ સોરી, બટ ! હવે આપણે વિચારવાનો નહીં પણ વાર કરવાનો સમય આવી ગયો છે મને પરવાનગી આપો તો આવતીકાલે જ હું એક ટુકડી લઈને કાયદે ચોકીના ટુકડે ટુકડા કરી દઉં.

અધિકારીએ બાનાસિંહ તરફ જોયું. અને કહ્યું કે હું જાણી જોઈને મારા જવાનોનો હાથ શિકારી કૂતરાઓના મોંમા ના આપી શકું.

"એની ચિંતા ના કરો સર ! લશ્કરમાં ભરતી થયા એ જ દિવસથી માથે કફન બાંધીને નીકળ્યા છીએ. આ લોખંડનો હાથ છે અને તેને હું સલામત રાખીને પાછો આવીશ. એક તક આપો સર. કાયદે ચોકીનું નામ ના બદલી નાંખુ તો મારું નામ બદલી નાંખજો."

સૂબેદાર બાનાસિંહનો જુસ્સો જોઈ અધિકારીઓ ખુશ થઈ ગયા પણ ખરાબ હવામાન અને દુશ્મનોનું ઊંચું સ્થાન કોઈ પણ ચાલ માટે જુગાર સાબિત થઈ શકે તેવી ચેતવણી પણ આપી. છતાં પણ તેમની અડગતા જોઈને અધિકારીઓએ કહ્યું, "Attack Bravo Banasingh" આગે બઢો અને વિજય મેળવીને પાછા આવો.

તારિખ હતી ૨૬ જૂન ૧૯૮૭ છાતીમાં ભયાનક જુસ્સો અને સાથમાં માત્ર ચાર જવાનો સાથે વિશ્વની સૌથી ઊંચી યુદ્ધભૂમિ સિયાચીન ગ્લેશિયર તરફ બાનાસિંહે પ્રયાણ કર્યું.

સિયાચીન....

બાલ્ટીભાષામાં એવું કથન છે કે સિયાચીન એટલે ગુલાબોથી સમૃદ્ધ જમીન...

હિમાલયની કારાકોરમ પર્વતમાળઆનો પૂર્વીય પ્રદેશ

વિશ્વનો સૌથી સુંદર ગ્લેશિયર

૭૬ કિ.મી. લાંબો અને દરિયાઈ સપાટીથી ૫૪૦૦ મીટરના અલ્ટીપ્યૂડ પર આવેલો અદ્‌ભુત ગ્લેશિયર જયાં ઠંડી જ ઠંડી છે અને ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે ફૂંકાતો પવન છે. દૂર દૂર માઈલો સુધી ફેલાયેલી બરફની લાંબી સફેદ ચાદર અને તેનો સન્નાટો...

જયાં બાવન ડિગ્રી તાપમાન, બરફનું તોફાન, પૂરને હિમપ્રપાત.. જયાં નથી વૃક્ષો કે છોડવા, નથી પ્રાણી કે પંખી,

બસ છે તો માત્ર ઉજ્જડ જમીન

ધરતીનો આ એવો વિસ્તાર જયાં,

ફેફસાં ઉષ્માવિહોણા, ભાવશૂન્ય બની જાય,

જયાં કોઈનું પણ ઊઠવું, બેસવું, ખાવું, પીવું કે શ્વાસ લેવાનું મુશ્કેલ છે.

રાઈફલના ટ્રીગરને ખુલ્લી આંગળીઓથી અડવાથી આંગળીઓ જવાનો ખતરો છે,

જયાં વ્યક્તિ અનિદ્રાનો રોગ અને યાદશક્તિનો ભોગ બની શકે છે,

જયાં લશ્કર અને માનવજીવનને ટકાવી રાખવાનો અકલ્પ્ય પડકાર છે,

જયાં હેલિકૉપ્ટર્સ પણ પાતળી હવામાં રાક્ષસી કદની મખમાખી લાગે અને

ઓછું ઑક્સિજન અને નિરંકુશ હવા વ્યક્તિનો મોટામાં મોટો શત્રુ લાગે

દરેક ક્ષણે અહીં યુદ્ધનો ભય છે.

અને ત્રણ મહિના પણ ત્રીસ વર્ષ જેવા લાગવાનો ડર છે.

આવા બર્ફીલા પહાડો અને હાડ થીજાવતી ઠંડીનો ભારતીય જવાનો સામનો કરે છે, જીવે છે અને આપણને જીવાડવા માટે ચોકી પણ કરે છે. આવા બર્ફીલા પહાડો પર તા. ૨૬ જૂન ૧૯૮૭ના રોજ ૨૧,૦૦૦ ફૂટના અલ્ટીપ્યૂડ પર બાનાસિંહ પોતાના ચાર સાથીઓ ઑમરાજ, લક્ષ્મણદાસ, કાશ્મીરચંદ અને નાયબ સૂબેદાર ચુનીલાલ AC Vr C SM સાથે પોતાના ઉદ્દેશ્યને સિદ્ધ કરવા નીકળી પડ્યા.

બાનાસિંહ અને તેમની ટુકડીએ પાછલા રસ્તેથી ચડવાનું શરૂ કર્યું. બરાબર એ જ વખતે આગળની તરફ ભારતીય લશ્કરની બીજી ટુકડીએ નીચે ગોળીબાર કર્યો. દુશ્મનનું ધ્યાન બીજી તરફ દોરવાની આ ચાલ હતી અને બન્યું પણ એવું જ. પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી બાનાસિંહની ટુકડી પાછલા રસ્તેથી ઉપર ચડવા લાગી.

'કાયદે ચોકી' પહોંચવા માટે બાનાસિંહે અન્ય ટીમ

કરતાં ઘણો લાંબો, મુશ્કેલ અને અકલ્પનીય માર્ગ દિશા પસંદ કર્યા. પવન અને બરફના તોફાને દૃશ્યતા ઘણી ઓછી કરી દીધી હતી. જેનો લાભ ભારતીય જવાનોને મળ્યો. – ૪૦° ડિગ્રીથી - ૫૦° ડિગ્રી તાપમાન, ઊંચાઈ પર દુશ્મન, નીચે ઠંડી અને તેજીલી બર્ફીલી હવા, છેલ્લા ત્રણ દિવસથી લગાતાર ચાલતી બેફામ હિમવર્ષા, ક્યાંક ક્યાંક કેડ સમાણા બરફના થર, અગાઉના ઑપરેશનમાં શહીદ થયેલા સૈનિકોના શબ, ઠંડીમાં રાઇફલ્સનું થીજી જવું, બર્ફીલા તોફાનોમાં દિવસ કે રાતથી અજાણ કપડાં ચીરી નાંખતી તીવ્ર ઠંડી હવાથી તેઓ સમતુલન ગુમાવતા હતા. જાણે એમ લાગતું હતું કે ઉપર ચઢાણ કરવું અશક્ય છે. મોટાભાગના લોકો પણ અવઢવમાં હતા કે ૨૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ બેઠેલા દુશ્મનને આ ટુકડી માત આપી શકશે કે નહીં ?

બાનાસિંહે કહ્યું, "આ જવાબદારી ઘણી જ અગત્યની છે. કોઈ પણ પરિસ્થિતિમાં અહીંથી કોઈએ પાછા ફરવાનું નથી. કોઈપણ ભોગે આપણે દુશ્મનો પાસેથી આ જગ્યાનો કબજો છોડાવવાનો છે. થોભશો નહીં. તમારી સર્વ શક્તિ અને કુશળતાનો ચઢાણ માટે ઉપયોગ કરો. તમે તમારા બધા જ ભયને ફગાવી દો અને લક્ષ્યાંકને હાંસલ કરવા માટે સૌ કૃતનિશ્ચયી થઈને પ્રયાસ કરો અને માત્ર એક જ મંત્ર સાથે લઈને ચાલો, "From now on" બાનાસિંહના આ શબ્દોએ સાથીઓમાં નવું જોમ પ્રગટાવ્યું. અને સૌ કાયદે ચોકીનું નામોનિશાન મિટાવી દેવા ઝનૂને ચઢ્યા. ભારે હિમવર્ષા વચ્ચે તેઓએ સીધી ઊંચાઈ પર ચઢવાનું હતું, પરંતુ એક કલાકમાં માત્ર ૧૦૦ મીટરની ઊંચાઈ તેઓ હાંસલ કરી શક્યા. પરંતુ બાનાસિંહની નિર્ભયતા, સાહસ અને હઠીલા જુસ્સાના પ્રભાવે જ સાથીઓમાં આગળ વધવાની ઉત્કટ ભાવના પેદા કરી. આમ ખરાબ હવામાન સાથે સંઘર્ષ કરવાની સાથે બાનાસિંહે "Do not Give Up" ની યુદ્ધ ગર્જનાથી જવાનોમાં બદલાની આગને ભડકતી રાખી.

વળી ઑપરેશનના આગલા દિવસે તેમણે કરેલી પ્રાર્થનાના ગુરગોવિંદસિંહના શબ્દો યાદ આવ્યા, "I wanted to test you Bana !" એ અવાજે એમને શક્તિ બક્ષી. ખતરનાક રસ્તાઓ અને પ્રતિકૂળ હવામાન વચ્ચે પણ બાનાસિંહે પોતાના સાહસ અને નેતૃત્વબળથી પોતાના સાથીઓને પ્રોત્સાહિત કર્યા. બર્ફીલા માર્ગો પર મંદગતિએ જવાનો એક એક ઈંચ સરકતા રહ્યાં. નહોતા એ તીવ્ર ઠંડી અનુભવતા કે ન તો એમને કોઈ ભય હતો. દરેક પગલે મોત સામે ઝઝૂમતા તેઓ આગળ વધતાં રહ્યાં. 'કાયદે પોસ્ટ'ની બંને બાજુએ ઊંચી બરફની દીવાલો જાણે કિલ્લેબંધી જેમ દેખાતી હતી. ચઢવું અતિશય કઠિન અને જોખમી હતું. છતાં પણ ધીમે ધીમે પણ દૃઢતાથી તેઓ ૧૫૦૦ ફૂટની બરફની ઊંચી દીવાલ પર ચઢીને શિખરની ટોચ સુધી પહોંચવામાં સફળ રહ્યાં.

ઉપર પહોંચ્યા પછી બાનાસિંહે પોતાની ટીમને બે વિભાગમાં વહેંચીને બે દિશાઓમાં તૈનાત કરી લીધી. ૨૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ પાકિસ્તાની સૈનિકો એટલા અતિવિશ્વાસમાં હતાં કે તેઓ સલામત છે અને અહીં સુધી કોઈ પહોંચી જ શકે નહીં. પાકિસ્તાની ટુકડીઓ આ ઘાતકી ટોચ ઉપર બેઠી હતી, ત્યારે જ બાનાસિંહે અને તેમના સાથીઓએ યોજનાબદ્ધ હુમલો શરૂ કર્યો. બાનાસિંહે પરિસ્થિતિનો તાગ કાઢી અને પછી અચાનક રાઇફલ લઈને પાકિસ્તાની સૈનિકો ઉપર તૂટી પડ્યા. દુશ્મનોને પ્રતિકાર કે વાર કરવાનો એક પણ મોકો આપ્યા વગર પોતાની બેટન વડે છ દુશ્મનોને વેતરી નાખ્યા. એમની સાથેના જવાનોએ બહાર ઊભેલા દુશ્મનો પર ગોળીબાર કર્યા. ચાર સિંહ અને ૩૫, ૪૦ ભેડિયાઓ વચ્ચે એટલું ભયંકર યુદ્ધ ખેલાયું કે દુશ્મનો એમની લડવાની શુધબુધ ખોઈ બેઠાં હતાં. આ ધમાચકડીમાં દૂરથી ગોળીબાર થતાં બાનાસિંહને બીજા બંકરમાં પણ છુપાઈને બેઠેલા દુશ્મનોનો ખ્યાલ આવ્યો. બાનાસિંહે બે ગ્રેનેડ લીધાં અને આગળ વધ્યાં. એમની સાથેના જવાનોએ એમને ફાયરિંગ આપ્યું. બાનાસિંહ બંકર સુધી પહોંચી ગયા. બંકરનું બારણું ખોલ્યું, અંદર ગ્રેનેડ ફેંક્યા અને બારણું બંધ કરી દીધું. દુશ્મનો કંઈ

પણ વિચારે તે પહેલાં તો બે મોટા ધડાકા અને પછી બંકરમાં એક સન્નાટો છવાઈ ગયો. જેમાં પાકિસ્તાનના ૬ સૈનિકો માર્યા ગયા. આપણા જવાનો ઝડપથી દોડ્યા બાકી રહેલા પાકિસ્તાની સૈનિકો ઉપર તેઓએ પ્રબળ હુમલો કર્યો. લપસણીયા ઢોળાવો ઉપર હાથાપાઈની લડાઈ ચાલી. કેટલાંકને બેનોટના નાળચા ઘોંચ્યા, કેટલાંક પાકિસ્તાની સૈનિકો લપસ્યા, કેટલાંક પડ્યા અને કેટલાંક મર્યા, તો કેટલાંક ચોકી છોડીને ભાગી ગયા. આ આરપારની લડાઈમાં ભારતીય જવાનોએ પાકિસ્તાની સૈનિકોને ખદેડ્યા. વ્યક્તિઓ વચ્ચેનું આ એક કષ્ટપ્રદ યુદ્ધ હતું. જેણે ક્રૂર રીતે તમામને 'Do or Die' નો મંત્ર આપ્યો હતો.

થોડી જ વારમાં દુશ્મનોના હાથમાંથી ભારતીય વીર જવાનોના હાથમાં 'કાયદે ચોકી' આવી ગઈ. વિશ્વની સૌથી ઊંચી રણભૂમિ પર ખેલાયેલી આ લડાઈમાં ભારતની વીરતાપૂર્ણ જીત થઈ. બાનાસિંહ સહિત તેમના સાથીઓ સહીસલામત એના ઉપર સવાર થઈ ગયા. સૂર્યાસ્ત પહેલાં આ મિશન સફળ બનાવવાનું હતું. અને ૨૬ જૂન ૧૯૮૭ની એ સાંજે પાંચ વાગે ભારતના આ ચાર જાંબાઝોએ, ૨૧,૦૦૦ ફૂટની ઊંચાઈ પર, દુશ્મનોની લાશોના ઢગલા વચ્ચે, વિજય ઘોષ કર્યો અને 'ભારત માતા કી જય' ના નારા સાથે ટોચ ઉપર તિરંગો લહેરાવી દીધો. નિયતિ સાથેની બાથમાં સંધ્યા સમયે સ્વતંત્રતાની સવાર થઈ અને ફરીથી એકવાર આખું રાષ્ટ્ર જ્યારે નિદ્રાધીન હતું, ત્યારે ઇતિહાસ મંદ મંદ મુસ્કરાઈ રહ્યો હતો.

આટલા ઊંચા અલ્ટીટ્યૂડ પર નાયબ સૂબેદાર બાનાસિંહ બહાદુરીપૂર્વક લડ્યા તે જ દર્શાવતું હતું કે આ કાર્ય તેમને ભારતીય સેનાનું સર્વોચ્ચ શૌર્ય સન્માન અપાવશે. આ કપરી લડાઈમાં બાનાસિંહે માત્ર દુશ્મનોને જ નહોતા હરાવ્યા પણ કુદરતને પણ તેમણે માત આપી હતી. ભય સામેની તેમની જીતે તેમને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર અપાવ્યા. પાકિસ્તાની સંરક્ષણ સમીક્ષામાં આનો 'Bravery beyond comparison' તરીકે ઉલ્લેખ જોવા મળે છે. વિપરીત પરિસ્થિતિમાં તેમની વિશિષ્ટ વીરતા, યુદ્ધ કૌશલ્ય, સાહસ, ચતુરાઈ, પરાક્રમ અને નેતૃત્વ ક્ષમતાથી જૂન ૧૯૮૭માં સેનાના સર્વોચ્ચ શૌર્ય સન્માન પરમવીર ચક્રથી તેમને સન્માનિત કરવામાં આવ્યા. આમ છતાં પણ વિનમ્રભાવે તેઓ કહે છે કે એમણે જે કંઈ કર્યું એ તો એક સૈનિકનો તેની ફરજનો ભાગ હતો. છતાં પણ દેશ તરફથી ખૂબ જ આદર અને ખ્યાતિ મળ્યા તે એક વરદાન છે.

આટલી ઊંચાઈએ દુશ્મનો સામે લડવું, ખદેડવું, જીતવું એ આસાન કામ નથી. નાયબ સૂબેદાર બાનાસિંહની અદ્વિતીય વ્યૂહરચના અનુકરણીય હિંમત અને પરાક્રમી સિદ્ધિથી આપણે 'કાયદે ચોકી' પર પ્રભુત્વ જમાવ્યું. બ્રિગેડિયન ચંદનસિંહ નાગેયાલે આ વીર નાયકોને અભિનંદન પાઠવતાં કહ્યું કે, આટલી ઊંચી રણભૂમિ પર ભૂતકાળમાં નથી કોઈ ચઢ્યું કે ભવિષ્યમાં ના કોઈ ચઢશે. આથી આજથી આ પોસ્ટ 'બાના પોસ્ટ' તરીકે ઓળખાશે. જે આજે પણ આ નામે જાણીતી છે. J & K ના રહેવાસી બાનાસિંહે પંજાબ સરકારની જમીન, માસિક ભથ્થું, રોકડ પુરસ્કાર વગેરેની દરખાસ્તનો વિવેકપૂર્ણ રીતે અસ્વીકાર કર્યો. જ્યારે J & K સરકારે તેમના માનમાં જમ્મુના આર એસ પુરા વિસ્તારમાં એક સ્ટેડિયમનું નામ તેમના સન્માનમાં રાખ્યું છે.

સિયાચીન ગ્લેશિયરના રક્ષણમાં છેલ્લા ૩૦ વર્ષથી ૮૮૯ સૈનિકો શહીદ થઈ ગયા. એના રક્ષણમાં ૭,૫૦૪.૯૯ કરોડ રૂ. ખર્ચ થઈ ગયો છે. છેલ્લા ચાર દિવસમાં એક દિવસનો સૈનિક સપ્લાય ખર્ચ ૬.૮ કરોડ રૂ. નો થાય છે. બે રૂ.ની એક રોટી પાછળ ૨૦૦ રૂ. નો ખર્ચ થાય છે. છતાં પણ આપણે આ ખર્ચ ઉઠાવવું પડે છે. કારણ કે ભારત, ચીન અને પાકિસ્તાન આ ત્રણ દેશોની સીમાઓ અહીં મળે છે. અને આ ત્રણ દેશોની લાંબી જંગ ત્રણ ત્રણ દશકાઓથી ચાલે છે. આથી જ આ સૌથી મુશ્કેલ રણભૂમિ પર ભારતીય સૈનિકોની મોજૂદગી

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)

# પહેલો જનમ મારી માડીની કૂખે, બીજો જનમ તારે આંગણે હો જી

**નટુભાઈ પી. ગજ્જર**

પ્લોટ નં. ૧૯૦, સેક્ટર-૨૯, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૨૮૧૬૦

શાળાના એ દિવસો કેવા અમૂલ્ય હતા ? જીવન ઘડતરમાં એનો સિંહફાળો છે. અમારા શિક્ષક કે જે વર્ગમાં દાખલ થાય અને બોર્ડ પર પહેલું વાક્ય લખે,

*ઑનર ઍન્ડ શેઈમ ફ્રોમ નો કન્ડિશન રાઈઝ*
*એક્ટ વેલ યોર પાર્ટ ધેર ઑલ ધી ઑનર લાઈઝ*

તે શ્રી છોટુભાઈ પટેલ અને વાતવાતમાં એક વાક્ય : પુટ યોર સેલ્ફ ઈન સેઈમ કન્ડિશન ઍન્ડ ક્રિટીસાઈઝ કહેનારા હરીશ મિશ્રા સાચા અર્થમાં અમારા જીવન શિલ્પી હતા. એસએસસીમાં વધુમાં વધુ ટકા આવે તે માટે સ્વમાનના ભોગે ઓપ્શન વિષય તરીકે અંકગણિત કે સંસ્કૃત રખાવવા ખેંચતાણ કરનારા અન્ય શિક્ષકોને પોતાના સ્વાર્થમાં નહિ પરંતુ અમારી પ્રગતિમાં ગજબનો રસ હતો.

અમદાવાદનો આર્થિક પછાત વિસ્તાર હોવા છતાં અસારવામાં આવેલી મારી શાળા 'અસારવા વિદ્યાલય' સંસ્કાર ઘડતરમાં સમૃદ્ધ હતી. રમતોત્સવ, વકતૃત્વ સ્પર્ધા, સ્વયંશિક્ષણ દિન અને પ્રવાસ વગેરે તો થતાં જ, ઉપરાંત વિદ્યાર્થીઓમાં રહેલી કલાભાવનાને દિશા મળે તે માટે 'રંગમાધુકરી' નામનો કલાત્મક ઉત્સવ પણ થતો. સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે અને વર્તમાનને વિદ્યાર્થીઓ માણી શકે તે માટે અમે ચાર મિત્રો 'સોગરાઠ'ના ઉપનામથી 'મશાલચી' નામની દૈનિક પત્રિકા ચલાવતા, જેથી સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળતો.

શાળામાં વિદ્યાર્થીઓના ભવિષ્યના સર્વાંગી વિકાસ માટે અમને કાંતણ, કાગદી અને સુથારીકામ પણ શીખવા મળતું. ભવિષ્ય ઘડતરમાં પ્રેરણારૂપ વિદ્યાર્થી સમિતિની રચના થતી. વિદ્યાર્થી કારોબારી વિવિધ પ્રવૃત્તિમાં ફાળો આપતી. હોદ્દો મળતા સૌ સંચાલન, એકતા, જવાબદારી અને સફળતાના પાઠ પણ શીખવતા.

શિક્ષણક્ષેત્રે સાચું મૂલ્યાંકન થઈ શકે તે હેતુથી અમારી બીજી શાળા સરસ્વતી વિદ્યાલય અને અમારી શાળાના જે તે વિષયના જે તે વર્ગના પેપરો એક જ શિક્ષક તપાસતા.

અમારી શાળાએ આત્મીયતાના અતિ વિશ્વાસનું ઉમદા ઉદાહરણ છે. મારા મોટાભાઈ સ્વ. જય ગજ્જર સરસ્વતી વિદ્યાલયમાં ભણેલા. એક શિક્ષકે તેમને ગણિતમાં સોમાંથી સો ગુણ આપેલા. એ જમાનામાં એક વિષયમાં તો શું, એક પ્રશ્નમાં પણ પૂરા માર્ક આપવામાં આવતા નહિ. એ જ શિક્ષકે પાંચ વર્ષ પછી હું અસારવા ભણતો હતો ત્યારે મને ગણિતમાં સોમાંથી સો ગુણ આપેલા. હરખથી તેમણે બીજા શિક્ષકને કહ્યું હતું કે આજે પાંચ વર્ષ પછી મારાથી બીજા વિદ્યાર્થીને પૂરા માર્ક અપાયા છે. તેમના ઉત્સાહમાં અતિરેક તો ત્યારે થયો જ્યારે તેમણે જાણ્યું કે આ સિદ્ધિને મેળવનાર બે સગા ભાઈઓ છે અને ત્યારે મને લાગ્યું કે મારી શાળા એ કોઈ સંસ્થા નથી, એ તો એક સંયુક્ત કુટુંબ છે.

કૌટુંબિક વાતાવરણથી જીવન ઘડતર કરનાર એ શાળાને યાદ કરું છું ત્યારે આજે પણ મને અભ્યાસ દરમિયાન ભણેલી કાવ્યપંક્તિઓ યાદ આવે છે –

પહેલો જનમ મારી માડીની કૂખે, બીજો જનમ તારે આંગણે હો જી...

---

**સાગર કેટલો વિશાળ છે, એ સાગરની અંદર આકાર પામતું મોતી કેટલું નાનું છે. અને એ છતાં એ નાનું મોતી સાગરનાં કરતાં પણ આ વિશાળ જગતનું ધ્યાન ખેંચે છે!**

# વિદ્યાર્થી આલમ

## સૌને મારા નમસ્કાર

**અન્સારી અલશિફા**

લોહપુરુષ કી ઐસી છવી
ના દેખી ના સાંચી કભી
આવાઝ મેં 'સિંહ' જેસી દહાડ થી
હૃદય મેં કોમલતા કી પુકાર થી
ગરીબો કા સરદાર થા વો
દુશ્મનો કે લિએ લોહા થા વો
વો થે સરદાર વલ્લભભાઈ પટેલ....

અંગ્રેજ સરકારે ૧૯૨૭ માં જમીન-મહેસૂલ માં ૨૨ ટકા નો વધારો કર્યો. આ વધારા સામે ૧૯૨૮ ના ફેબ્રુઆરીની બારમી તારિખે બારડોલી સત્યાગ્રહનું આંદોલન શરૂ થયું.

સરદાર પટેલે અનેક જગ્યાઓએ ભાષણ કર્યું. એમાંનું એક ભાષણ હું તમારી સમક્ષ રજૂ કરવા માંગું છું.

"લડતના જોખમો પૂરા વિચારજો. એમાં જેટલા મોટા જોખમો છે. તેટલા જ મોટા પરિણામો સમાયેલા છે. એ યાદ રાખજો. કામ જેટલું મુશ્કેલ તેટલું જ મહત્ત્વનું છે. જરા સખ્તાઈ જતાં જ જો તમે આમાંથી ખડી જવાના હો તો તમને એકલાને જ નહીં પણ ગુજરાતને આખા હિન્દુસ્તાનને નુકસાન પહોંચવાનું છે. માટે જે નિશ્ચય કરો તે ઈશ્વરને હાજર સમજીને પાકે પાયે કરજો. કે પાછળથી કોઈ તમારા તરફ આંગળી ન ચીંધે. જો તમારાં મનમાં એમ હોય કે મીણનો હાકેમ પણ લોઢાના ચણા ચવડાવે તો આવડી મોટી સત્તા સામે આપણું શું ગજું ? તો તમે આ વાત છોડી જ દેજો. જો તમને લાગે કે આવા સવાલોમાં લડવું જ ધર્મ છે કે રાજ્ય કોઈ રીતે ઈન્સાફની વાત માનવા તૈયાર નથી. તો તેની સામે ન લડવું ને પૈસા ભરી દેવા તો તેમાં આપણી જ બરબાદી છે. એટલું જ નહીં. આપણું માન સન્માન પણ જાય છે. તો તમે આ લડતને માથે લેજો.

વલ્લભભાઈની આ વાણીથી પ્રભાવિત થઈને એક ખેડૂત બોલ્યો "ભલે પધાર્યા મારા બાપ ! તમે તો અમારા સરદાર છો !"

સરદારનો એક જ નિર્ણય હતો કે, આપણે મહેસૂલ નથી ભરવું. સરકારને જે કરવું હોય તે કરે. સભાઓ યોજાઈ. સભામાં એંસી હજાર જેટલા સ્ત્રીઓ, પુરુષો અને બાળકો હતા. તેઓ અંગ્રેજ સરકારના વિરોધ માટે તૈયાર હતા. આંદોલન સક્રિય બન્યું.

સરદાર પટેલે લડતમાં કહ્યું કે "શત્રુ કા લોહા ભલે હી ગર્મ હો જાએ પર હથૌડા ઠંડા રહકર ભી કામ દે સકતા હૈ.

આખરે સરકારને નમવું પડ્યું. કર ભરવાની શરત એમણે પાછી લીધી. મિલકતો પાછી અપાઈ. કેદીઓને છોડી મૂક્યા. આ રીતે બારડોલી સત્યાગ્રહનો અંત થયો. આ સત્યાગ્રહથી બહુ મોટી સિદ્ધિ સરદારને પ્રાપ્ત થઈ. તેઓ સાચા અર્થમાં પ્રજાના સરદાર બની ગયા. ગાંધીજીએ તેમને પ્રજાના સરદારનું બિરુદ આપ્યું.

ધન્ય છે ! ભારત દેશને જ્યાં આવી મહાન વિભૂતિએ જન્મ લીધો.

કરમસદનો કરમવીર ને બારડોલીનો તારણહાર ગાંધી સૈન્યનો અદનો સૈનિક જય સરદાર જય સરદાર !

## બંધારણના ઘડતરમાં સરદારનો ફાળો

**ઠક્કર દૃષ્ટિ એ.**
ધોરણ : ૧૧-ક, જે. એન. બાલિકા વિદ્યાલય

હરેક પક્ષ કો પટેલ તોલતા
હરેક ભેદ કો પટેલ ખોલતા
દુરાવ યા છીપાવ સે ઈસે ગરજ
કઠોર નગ્ન સત્ય બોલતા
પટેલ હિંદ કી નીડર જબાં,
નીડર જબાં.

હરિવંશરાય બચ્ચનની અંજલિ સાથે સરદારે દેશ પ્રત્યે આપેલા પ્રદાન વિશે વાત કરીએ તો તેને કોઈપણ જાતના

અવતરણો થકી સમજવા એ હાથીની પૂંછડી પરથી તેનું માપ કાઢવા જેવી કસરત છે. પછી તે સ્વતંત્રતાની લડત હોય કે ભારતના બંધારણનું ઘડતર હોય.

સરદારે બંધારણસભામાં જે અસરકારક ભૂમિકા ભજવી છે તેના આપણે હંમેશા ઋણી રહીશું. તે બંધારણસભાના સૌથી જીવંત, તેજસ્વી, પ્રગતિશીલ છતાં સમાધાનકારી નેતા હતા. તેઓ મતભેદ અને મનભેદ ને ભૂલાવી નવરાષ્ટ્રના નિર્માણ માટે કટિબદ્ધ બન્યા કા. કે. તેઓ એક વ્યવહારું અને પરિણામગામી નેતા હતા.

બંધારણસભાની મુખ્ય સમીતિ જેવી કે મૂળભૂત હકો, લઘુમતી, આંશિક અને સંપૂર્ણપણે અલગ રખાયેલ પ્રદેશોને લગતી સલાહકાર સમીતિ તથા પ્રાંતિક બંધારણને લગતી સમીતિનાં સરદાર અધ્યક્ષ હતા. આમ, મહત્વની કાર્યવાહીનું નેતૃત્વ સરદારે સંભાળ્યું. દશકાઓથી દેશને કનડતા અને કઠતા પ્રશ્નો પર સર્વાનુમતિ નિર્ણય લાવવાનો જાદુ તેમણે કર્યો.

લઘુમતિના હિતનો પ્રશ્ન જ્યારે વિવાદાસ્પદ બની ગયો ત્યારે તેમણે બંધારણસભાને અપીલ કરતા કહ્યું.

"લાંબાગાળે આ દેશમાં બહુમતી કે લઘુમતી જેવું કંઈ છે તે ભૂલી જવું. માત્ર એક જ જાતિ અસ્તિત્વ એવું સમજી લેવું તે બધાના હિતમાં રહેશે." અને સરદારે બિનસાંપ્રદાયિકતાના ધોરણે નક્કર લોકશાહીનો પાયો નાખ્યો.

સરદારે બંધારણની કટોકટીની જોગવાઈ, ભાષાને લગતી નીતિ, દેશી રાજ્યના વિલીનીકરણ અને એકીકરણ અંગે સંઘસરકારે આપેલી બાંહેધરી, જાહેરસભા વગેરેની... ચર્ચામાં ખાસ રસ લીધો. એટલું જ નહીં નિર્ણયાત્મક ભાગ પણ ભજવ્યો. જમ્મુ કાશ્મીર રાજ્ય અંગેની ખાસ જોગવાઈની બાબતમાં સરદારનો આગ્રહ હતો કે બંધારણની કેટલીક મૂળભૂત કલમો જેવી કે મૂળભૂત હકો, સર્વોચ્ચ અદાલતની સત્તા, કટોકટીની સમયની સત્તા કાશ્મીરને પણ લાગુ પડવી જોઈએ. આમ,

બિખરે રાજ્ય કે મોતી કા ગૂંથ મનોહર હાર,
પૂર્ણ કિયા સદીયો કા સ્વપ્ન ધન્ય ધન્ય સરદાર.

આમ, બંધારણના ઘડતરમાં સરદારે જે ભાગ ભજવ્યો તેની એક લાક્ષણિકતા એ હતી કે પોતાનો મત સરદારે ભાગ્યે જ ક્યારેય બીજાની ઉપર ઠોકી બેસાડ્યો હતો. દેશભક્તિનો ઉત્કટ સૂર તેમના વક્તવ્યમાં ગૂંજી રહેતો તે જ તેમની સફળતાનું રહસ્ય હતું.

"આપકા અહેશાન ઓર નામ નહિ
ભૂલેગા હિન્દુસ્તાન
એક ભારત કે નેક નેતા આપ પર
હે સબકો અભિમાન."

---

**પરમવીર ચક્ર**

વર્ષભર રહે છે. વળી ભારતીય સેનાની ઉપસ્થિતિથી પાકિસ્તાન અને ચીનની સેના કારાકોરમ પર ભેગા મળીને કબજો કે હુમલો કરી શકતી નથી. આનાથી લદાખની સુરક્ષા પણ નિશ્ચિત રહે છે. આપણી આવતીકાલ માટે જવાનોએ એમનો આજનો દિવસ આપણને આપ્યો છે. આવા સીમા પ્રહરીઓને આપણી લાખો, કરોડો અબજો સલામ !!!

દર વર્ષની ૨૬મી જાન્યુઆરીએ પરમવીર ચક્ર વિજેતા નાયબ સૂબેદાર બાનાસિંહ પ્રજાસત્તાક દિનની પરેડમાં ભાગ લેવા માટે સરકાર દ્વારા આમંત્રિત કરાય છે. ત્યારે તે પોતાના સઘળા યુનિફોર્મ સાથે પરમવીર ચક્રનો ખિતાબ પણ પહેરે છે. અને રાજપથની પ્રમુખ પરેડમાં પ્રેસિડન્ટને સલામ કરે છે. પણ તેમની વીરતા સંદર્ભમાં લોકો આ નાયબ સૂબેદાર, સૂબેદાર, સૂબેદાર મેજર અને ભારતીય સેનામાં માનનીય કેપ્ટન પદ પર રહી ચૂકેલા આ સાહસીના ચરણ સ્પર્શ કરે છે.

ભારતમાતાના આ પનોતા પુત્રને ચરણસ્પર્શ કરતાં આપણાં કોટિ કોટિ પ્રણામ.

જય હિન્દ.

- Ac - Ashok Chakra
- VrC - Vir Chakra
- SM - Sena Medal

## શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**શાળાઓમાં ૧૪મીથી શરૂ થતી સત્રાંત પરીક્ષાઓ હવે ત્રીજી ઑક્ટોબરથી શરૂ થશેઃ**

રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આગામી ૧૪મીથી શરૂ થનારી સત્રાંત પરીક્ષાઓ હવે નવરાત્રિ બાદ ત્રીજી ઑક્ટોબરથી શરૂ થશે.

આ દિવાળી સત્રની પરીક્ષા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિ પહેલા પૂર્ણ થવાની હતી. પરંતુ રાજયમાં ભારે વરસાદ પડતા ગુજરાતના ઘણાં જિલ્લાઓમાં ઘણા દિવસો સુધી શાળાઓ બંધ રહી હતી. જેથી ધો.૯ થી ૧૨ ના શૈક્ષણિક કાર્ય ઉપર અસર થઈ હતી. આ કારણસર બોર્ડે પરીક્ષાઓ પાછી ઠેલવાનો નિર્ણય કર્યો છે. જે મુજબ હવે પ્રથમ વાર્ષિક પરીક્ષા એટલે કે સત્રાંત પરીક્ષા ૧૪મી સપ્ટેમ્બરને બદલે ત્રીજી ઑક્ટોબરથી દરેક શાળાએ લેવાની રહેશે. આ પરીક્ષા ત્રીજી ઑક્ટોબરથી દસમી ઑક્ટોબર સુધી ચાલશે.

**૧.૧૧ લાખ વિદ્યાર્થી ધો.૧૨ સામાન્ય પ્રવાહની ખાસ પરીક્ષા આપશે :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી દિવાળી વેકેશનમાં લેવાનારી ધો.૧૨ સામાન્ય પ્રવાહની ખાસ પરીક્ષા માટે ૧.૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. આ પરીક્ષા ધો.૧૨ સામાન્ય પ્રવાહના જૂના કોર્સમાં લેવાશે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહનો ગત વર્ષે નવો કોર્સ અમલમાં આવ્યા બાદ આ વર્ષે શિક્ષણ વિભાગે જૂના કોર્સના નાપાસ વિદ્યાર્થીઓને પરીક્ષાની અંતિમ તક આપવાનો નિર્ણય કર્યો હતો. જે માટે શિક્ષણ બોર્ડ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરાયું હતું. આ ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં રાજ્યમાંથી ૧,૧૧,૦૪૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ પરીક્ષા ૨૩ મી ઑક્ટોબરથી ૩ નવેમ્બર સુધી લેવામાં આવશે.

૨૦૦૭થી લઈને ૨૦૧૬ સુધીના વર્ષમાં એક કે તેથી વધુ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ જૂના કોર્સની આ પરીક્ષા આપશે.

**વિદ્યાર્થીઓને ટેકનોલૉજીનું જ્ઞાન મળે તે માટે શાળામાં લેબોરેટરી ખોલવામાં આવશે :**

દેશભરમાં આવેલી શાળાઓમાં ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તમામ પ્રકારની આધુનિક ટેકનોલૉજીનું પ્રેક્ટિકલ જ્ઞાન મળી રહે તે માટે શાળામાં જ અત્યાધુનિક લેબોરેટરી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે ૩૧ ઑગસ્ટ સુધી નીતિ આયોગની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની સૂચના અપાઈ હતી.

આ યોજના મુજબ જે શાળામાં ધો. ૬ થી ૮માં ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હોય, ૧૫૦૦ ચો. ફૂટથી વધુની જગ્યા હોય, ૧૦૦ ટકા સાયન્સનો સ્ટાફ હોય, વિદ્યાર્થીઓની હાજરી ૮૦ ટકાથી વધુ હોય એવી ૭૦ ટકા સરકારી અને ૩૦ ટકા ખાનગી શાળાઓમાં આ પ્રકારની લેબોરેટરીઓ સરકાર દ્વારા બનાવી આપવામાં આવનાર છે.

જે માટે સરકાર પસંદગી પામેલી શાળાને ૨૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપનાર છે. આ માટે દેશભરમાંથી કુલ ૪૭૦ શાળાઓ પસંદ થનાર છે.

**ગુજરાતની ૧૬૦૯ સરકારી શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો અમલ થશે :**

પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિનથી ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ડિજિટલ ક્રાંતિનો પ્રારંભ થયો છે. રાજ્યની કુલ ૧૬૦૯ શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો અમલ થયો. રાજ્યના ધોરણ ૭ અને ૮ ના કુલ ૩૧૭૩ વર્ગખંડોના વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્ટુડન્ટ બનાવવા માટે કુલ ૩૫.૮૪ કરોડના ખર્ચે "જ્ઞાનકુંજ" શરૂ કરાયું છે. આ માટે શાળાદીઠ ૨.૨૨ લાખનો ખર્ચ થયો છે.

પ્રથમ તબક્કે ૫૫૦ શાળાઓને આવરી લઈ રાજ્યભરની ધો. ૫ થી ૯ ની તમામ શાળાઓને ક્રમશઃ સાંકળી લેવાશે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ પ્રોજેક્ટર, ઈન્ફ્રારેડ, કેમેરા, ડિજિટલ બોર્ડ, પેન જેવા સાધનો શાળાઓને અપાયા છે.

**બી.કોમ.માં અનેક વિદ્યાર્થીઓ એકાઉન્ટ વિષય સાથે બ્રિજ કોર્સ કરવો પડશે.**


કોમર્સમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ બી.કોમમાં જે વિદ્યાર્થીઓ ધો.૧૨માં એકાઉન્ટ વિષય વગર આવ્યા છે. તેઓને ફરજિયાત બ્રિજ કોર્સ કરવો પડશે. તેવી યુનિ. એ જાહેરાત કરી છે.

કોમર્સમાં ખાસ કરીને બી.કોમમાં એકાઉન્ટ વિષય વગર ધો.૧૨ પાસ થયેલા અનેક વિદ્યાર્થીઓ પ્રવેશ લેતા હોય છે. કમ્પ્યૂટર અને અન્ય વિષય સાથે ધો.૧૨ પાસ કરનારા આવા વિદ્યાર્થીઓને હવે બી.કોમ.ની પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા આપવા માટે ફરજિયાત એકાઉન્ટ વિષયનો બ્રિજ કોર્સ કરવો પડશે. જેમાં તેઓએ એકાઉન્ટ વિષયનું પ્રાથમિક જ્ઞાન મેળવવાનું રહેશે. યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર અનુસાર બી.કોમમાં. એકાઉન્ટિંગ વિષય વગર આવેલા તમામ વિદ્યાર્થીએ ફરજિયાત બ્રિજ કોર્સ કરવો પડશે. જેમાં ટ્યુશન ફી ૧૦૦૦ રૂપિયા અને પરીક્ષા ફી ૫૦૦ રૂપિયા ભરવી પડશે. એક મહિના જેટલા બ્રિજ કોર્સ બાદ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે અને તેમાં આ વિદ્યાર્થીઓએ પાસ થવું પડશે.

**ટૂંકાવીને....**

- ગુજરાત યુનિવર્સિટી માર્કશીટોમાં લખાતા ગ્રેડિંગ માર્ક્સની સિસ્ટમમાં સુધારો કરશે.
- વડોદરાની ખાનગી કૉલેજોને ડિગ્રી એન્જિનિયરિંગની બેઠકો ભરવામાં પડતી મુશ્કેલી.
- વડોદરામાં વિવિધ કૉલેજોની ૫૭૬૭માંથી ૩૪૦૫ બેઠકો ખાલી.
- ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ સેમેસ્ટરની પરીક્ષાઓ ત્રીજી ઑક્ટોબરથી લેવાશે પાંચ તબક્કામાં ચાલનારી આ પરીક્ષાઓ ૩૦મી ડિસેમ્બર સુધી ચાલશે.
- સી.એસ.નું ૨.૯૯ ટકા પરિણામ અમદાવાદમાંથી ત્રણ વિદ્યાર્થી પાસ.
- કોસ્ટ એકાઉન્ટિંગ ફાઈનલ રિઝલ્ટમાં અમદાવાદની બે વિદ્યાર્થી ટોપ ૫૦માં ફાઈનલનું ૧૮.૧૩ ટકા, ઈન્ટર મિડિએટનું ૧૩.૫૧ અને ફાઉન્ડેશન પરીક્ષાનું ૬૧.૫૪ ટકા પરિણામ.
- મેડિકલ-ડેન્ટલમાં બીજા રાઉન્ડના અંતે ૭૨૭ બેઠકો ખાલી. સરકારી બેઠક ફૂલ
- કેન્દ્ર સરકારના આયુષ વિભાગ દ્વારા ગુજરાતની ૧૧ જૂની આયુર્વેદ કૉલેજને રિન્યુઅલ પરમિશન બે નવી કૉલેજ મંજૂર.
- રાજ્યની સૌથી મોટી અને જૂની સરકારી અખંડાનંદ કૉલેજને રિન્યૂઅલ પરમિશન આપવામાં આવી.
- દિલ્હીની શાળાઓમાં સી.સી.ટી.વી. અને સ્ટાફનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત.


# પ્રકાશન વિભાગ





## શિક્ષણપ્રયોગ
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૨૨૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## ડોલ્ટન યોજના
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૭૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




## વિરલ વિદ્યાપુરુષ
**ડો. મોહનભાઈ પંચાલ**
**કિંમત : ૧૦૦/-**
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ





## શિક્ષણ વિચાર
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૧૬૦/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## જીવનલક્ષી શિક્ષણ
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૬૦/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



## કોઈએ નહોતું કીધું
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૪૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





## સ્મરણયાત્રા
**જશીબેન નાયક**
**કિંમત : ૧૬૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





## સપનાં થયાં સાકાર
**હરિત પંડ્યા**
**કિંમત : ૧૨૫/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





## સ્મૃતિ સુમન
**કિંમત : ૬૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




## કાળી વાદળી ઉજળી કોર
**જશીબેન નાયક**
**કિંમત : ૧૬/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



## સ્મૃતિના અસવાર
**જશીબેન નાયક**
**કિંમત : ૪૫/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





## LIGHT IN THE EAST
**FREDA WHITLAM**
**Price : 40/-**
Publisher :
Saraswati Vidya Mandal

NEW





## સંભારણાં
**કિંમત : ૧૭૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



## સ્મૃતિ ઝરણાં
**કિંમત : ૧૫૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW





## સ્મરણ પુષ્પ
**કિંમત : ૯૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW




## સરદાર ગાથા
**કિંમત : ૫૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • ઓક્ટોબર - ૨૦૧૭ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-




લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ નોખી માટીના નોખા માનવી હતા. નાયબ વડાપ્રધાન તરીકે સરદારના નિવાસ સ્થાનને એક જ ટેલિફોન હતો. સરકારી કામકામ સિવાય સરદાર ટેલિફોનનો ઉપયોગ કરવાનું ટાળતા હતા. આ ઉપરાંત પોતાના અંગત કે પક્ષ માટે ફોન કરે તો સરદાર પોતે ફોનનાં નાણાં ચૂકવતા હતા. હોદ્દાની રૂએ સરદાર પટેલને સરકારી ગાડી આપવામાં આવી હતી તેમ છતાંયે અંગત ઉપયોગ માટે ખાનગી વાહનનો ઉપયોગ કરતા હતા. સરકારી કામ માટે પ્રવાસે જાય તો ટી.એ. બિલ પણ લેવાનું ટાળતા હતા. સરદારને આપણે મુખ્યત્વે 'મેન ઓફ એક્શન' તરીકે ઘરાવી શકીએ. સરદારની પોતાની ઘણી ઊંચી આચારસંહિતા હતી. ઈમાનદારી, વચનપાલન કે ઋણ અદા કરવાની બાબતમાં તેમણે કદી પણ અંગત જીવન કે જાહેર જીવન વચ્ચે તફાવત ગણ્યો ન હતો. તેઓ દૃઢપણે માનતા હતા કે હિન્દુસ્તાનમાં હિન્દુનું નહીં, મુસલમાન નહીં, પણ હિન્દુસ્તાનીઓનું રાજ્ય હોવું જોઈએ.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.